# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

18 NOVEMBER-2023 SATURDAY

વર્ષ-13 | અંક-004 | વિક્રમ સંવત-2080 | કારતક સુદ-05 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

મૃણાલ ઠાકુર અને બાદશાહ ડેટિંગ કરી રહ્યા હોવાની અટકળ



પેજ-09

વિરાટને તેની 50મી સદી પર સોશિયલ મીડિયા ઘેલું થયું : તેંડુલકરે કહ્યું- ખૂબ...




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 18.00 |
| વડોદરા | 33.00 | 19.00 |
| સુરત | 34.00 | 21.00 |




પેજ 5

સુબ્રત રોયના મૃત્યુ બાદ સેબીના અધ્યક્ષે કહ્યું- વ્યક્તિ જીવિત...





પેજ 10

જેમ ચીનની તાકાત વધી તેમ ભારતનો પ્રભાવ પણ વધ્યો : જયશંકર


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 65794.73 | ▼ | 187.75 |
| નિફ્ટી | 19731.80 | ▼ | 33.40 |
| સોનું | 60,701.00 | ▼ | 21.00 |
| ચાંદી | 73,098.00 | ▼ | 262.00 |

**2 રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી** મધ્યપ્રદેશની 230 બેઠકો પર અને છત્તીસગઢમાં બીજા તબક્કા માટે મતદાન થયું

# મધ્યપ્રદેશમાં 70 ટકા અને છત્તીસગઢમાં 68 ટકા મતદાન

**ભોપાલ, તા. 17**

મધ્યપ્રદેશની 230 બેઠકો અને છત્તીસગઢની 70 બેઠકો માટે આજે મતદાન પૂર્ણ થઈ ગયું છે. મતદાન દરમિયાન કેટલીક જગ્યા પર હિંસાના બનાવો જોવા મળ્યા હતા. મધ્યપ્રદેશના ઈન્દોર, દિમની, ઝાબુઆ અને ભિંડ, જ્યારે છત્તીસગઢના રાયપુરમાં કેટલીક અનિચ્છનીય ઘટનાઓ બની હતી. મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં કુલ મતદાન 71.11 ટકા થયું છે. જ્યારે છત્તીસગઢમાં બીજા તબક્કા માટે 67.34 ટકા મતદાન થયું છે.







**ભોપાલમાં મંત્રી સારંગે યુવક પર હાથ ઉપાડ્યો, ઈન્દોરમાં ધારાસભ્યના પુત્રએ કોંગ્રેસીઓને માર માર્યો**

ભોપાલની હિન્દ કોન્વેન્ટ સ્કૂલના પોલિંગ બૂથ પર વિવાદનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં મંત્રી વિશ્વાસ સારંગ યુવક પર હાથ ઉપાડતા જોવા મળ્યા. ઈન્દોર-4 વિધાનસભા બેઠક પર કોંગ્રેસ અને બીજેપી કાર્યકર્તાઓ વચ્ચે મારામારી થઈ હતી. વીડિયોમાં ભાજપના ધારાસભ્ય માલિની ગૌડનો પુત્ર એકલવ્ય સિંહ પણ મારપીટ કરતો જોવા મળે છે.

### શિવરાજ અને કમલનાથે કહ્યું- અમે ચૂંટણી જીતીશું

છિંદવાડાના કોંગ્રેસના ઉમેદવાર અને પૂર્વ સીએમ કમલનાથે સોનસરમાં મતદાન કર્યું. તેમણે કહ્યું, 'હું શિવરાજ સિંહ નથી, જે કહી શકે કે આટલી બધી સીટો આવશે. કેટલી બેઠકો આવશે એ જનતા નક્કી કરશે. સીએમ શિવરાજ સિંહે કહ્યું, દરેક જગ્યાએ લોકોમાં જબરદસ્ત ઉત્સાહ છે. મને રાજ્યની લાડલી બહેનો, બાળકો, યુવાનો અને વડીલો તરફથી પ્રેમ મળી રહ્યો છે. આપણી જ જીત થશે.

## ગારિયાબંધમાં નક્સલીઓએ IED બ્લાસ્ટ કર્યો, ITBPનો જવાન શહીદ

**રાયપુર, તા. 17**

છત્તીસગઢ વિધાનસભા ચૂંટણીમાં મતદાન પૂર્ણ થયા બાદ નક્સલવાદીઓએ નક્સલ પ્રભાવિત ગરિયાબંધના બિન્દ્રાનવાગઢમાં IED બ્લાસ્ટ કર્યો હતો. જેના કારણે ITBPના જવાન જોગીન્દર સિંહ શહીદ થયા છે. છત્તીસગઢમાં બીજા તબક્કામાં 70 બેઠકો પર મતદાન સાંજે 5 વાગ્યે પૂર્ણ થયું. હવે બૂથની અંદર જે લોકો બાકી છે તે જ મતદાન કરી શકશે. સાંજે 5 વાગ્યા સુધી 67.34% મતદાન થયું છે. સૌથી ઓછું મતદાન રાયપુરમાં 58.83% થયું છે. આ તબક્કામાં ઘણી હાઈપ્રોફાઈલ સીટો પણ છે. સીએમ ભૂપેશ બઘેલ, ડેપ્યુટી સીએમ ટીએસ સિંહદેવ અને વિધાનસભા સ્પીકર ડો. ચરણદાસ મહંત સહિત 10 મંત્રીઓની પ્રતિષ્ઠા દાવ પર છે. પ્રદેશ અધ્યક્ષ અરુણ સાવ સહિત ભાજપના ચાર સાંસદો અને 10 ધારાસભ્યો પણ મેદાનમાં છે. જેસીસીજેના પ્રદેશ અધ્યક્ષ અમિત જોગી અને તેમની માતા અને ધારાસભ્ય રેણુ જોગી પણ ચૂંટણી લડી રહ્યા છે.

**Quick Read**

### હરિયાણાના લોકોને પ્રાઈવેટ નોકરીમાં નહીં મળે 75% અનામત, હાઈકોર્ટે સરકારને આપ્યો ઝટકો

રોહતક | પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે શુક્રવારે હરિયાણા સરકારને મોટો ઝટકો આપ્યો છે. હાઈકોર્ટે રાજ્ય સરકારના રાજ્ય સ્થાનિક ઉમેદવારોના રોજગાર અધિનિયમ 2020ના ચુકાદાને પલટાવી દીધો. અધિનિયમ 2020ના હેઠળ રાજ્યની પ્રાઈવેટ કંપનીઓ, સોસાયટી, ટ્રસ્ટ અને પાર્ટનરશિપ ફર્મ આવે છે. જણાવી દઈએ કે, એ પણ આરોપ લાગ્યો છે કે, આ અધિનિયમ ટેલેન્ટને પ્રાધાન્ય આપવાના બદલે ઉદ્યોગો માટે રોજગાર સંરચનામાં અરાજકતા પૈદા કરશે.

### 'વિશેષ રાજ્યનો દરજ્જો આપો નહીંતર બિહારમાં આંદોલન થશે' નીતિશ કુમારની કેન્દ્રને ચેતવણી

પટણા | મુખ્યમંત્રી નીતીશ કુમારે ફરી એકવાર બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માગ ઊઠાવી છે. તેમણે આ વખતે કેન્દ્ર સામે નિશાન તાકતાં કહ્યું કે પોતાની જીદ છોડો અને બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપો. બિહારના મુખ્યમંત્રીએ ગુરુવારે જાહેરાત કરી હતી કે તે વિશેષ રાજ્યના દરજ્જાની માગને લઈને અભિયાન શરૂ કરવા જઈ રહ્યા છે. નીતીશ કુમારે કહ્યું કે અમે ગામે ગામ જઈશું અને વિશેષ રાજ્યના દરજ્જાની માગ ઊઠાવીશું.

### કોરોના અને GSTને લઈને રાહુલ ગાંધીના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર

જયપુર | રાજસ્થાનમાં થોડા દિવસોમાં વિધાનસભા ચૂંટણી યોજવાની છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી મોદી પર નિશાન સાધ્યું હતું. રાહુલ ગાંધીએ રાજસ્થાનમાં ચૂંટણી પ્રચાર દરમિયાન કોરોના કાળને યાદ કરતા કહ્યું કે, જ્યારે દેશમાં લોકો જીવ ગુમાવી રહ્યા હતા ત્યારે PM થાળી વગાડી રહ્યા હતા અને દિવા પ્રગટાવી રહ્યા હતા. દેશના ઉદ્યોગપતિઓ માટે કામ કરવાનો આરોપ પણ લગાવ્યો.

### જ્ઞાનવાપી સર્વે રિપોર્ટ માટે 15 દિવસનો સમય માંગ્યો: 250 અવશેષોને કોર્ટમાં રખાશે

વારાણસી| ASIએ જ્ઞાનવાપી સંકુલના સર્વે રિપોર્ટ માટે વારાણસી કોર્ટ પાસે 15 દિવસનો સમય માંગ્યો છે. આ મુદ્દે કોર્ટમાં બપોરે 2.30 કલાકે સુનાવણી થશે. આ પછી નક્કી થશે કે કોર્ટ સમય આપશે કે નહીં. ASIનો સર્વે 100 દિવસથી વધુ સમય સુધી ચાલુ રહ્યો. સર્વે દરમિયાન 250 અવશેષો મળી આવ્યા હતા, જે ડીએમની દેખરેખ હેઠળ લોકરમાં જમા કરવામાં આવ્યા હતા. સરકારની સ્પેશિયલ ગવર્નિંગ કાઉન્સિલ અમિત શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, 'હજુ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો નથી.

### કેરળ બ્લાસ્ટમાં મૃત્યુઆંક વધીને 6 પર પહોંચ્યો : આરોપી 29 નવેમ્બર સુધી જ્યૂડિશિયલ કસ્ટડીમાં

એર્નાકુલમ | કેરળના એર્નાકુલમમાં 29 ઓક્ટોબરે એક ખ્રિસ્તી પ્રાર્થના સભામાં થયેલા વિસ્ફોટમાં મૃતકોની સંખ્યા વધીને 6 થઈ ગઈ છે. ઘટના સમયે બે લોકોનાં મોત થયા હતા. જ્યારે 50 ઘાયલ થયા હતા. બાદમાં 30 ઓક્ટોબર, 6 નવેમ્બર, 11 નવેમ્બર અને 16 નવેમ્બરે વધુ ચાર લોકોએ સારવાર દરમિયાન જીવ ગુમાવ્યો હતો. પોલીસે બ્લાસ્ટના આરોપી ડોમિનિક માર્ટિનની ધરપકડ કરી છે અને UAPA કેસ નોંધ્યો છે.

**ડીપફેક વીડિયો બનાવ્યો તો ખેર નથી ! PM મોદીએ ChatGPTને કહ્યું- ચેતવણી જાહેર કરો**

## ડીપફેક સમાજમાં અરાજકતા પેદા કરે છે : મોદી

**આવા વીડિયો બનાવનારને 1 લાખનો દંડ અને 3 વર્ષની જેલ થશે**

**નવી દિલ્હી, તા. 17**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ડીપફેક વીડિયો બનાવવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના દુરુપયોગનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે આ ચિંતાનો વિષય છે. તેમણે ChatGPT ટીમને ડીપફેક વીડિયોને ફ્લેગ કરવા અને આવા વીડિયો ઈન્ટરનેટ પર સર્કુલેટ થવા પર ચેતાવણી આપવા માટે કહ્યું છે. તેમણે કહ્યું હતું કે મીડિયાએ લોકોને આ મુદ્દે શિક્ષિત કરવા જોઈએ. ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના આ યુગમાં કોઈપણ તસવીર, વીડિયો અને ઓડિયોને સંપૂર્ણપણે અલગ બનાવવા માટે એની સાથે છેડછાડ કરી શકાય છે. હાલમાં જ્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનાં આધારિત સાધનોનો ઉપયોગ કરીને અભિનેત્રી રશ્મિકા મંદનાનો ડીપફેક વીડિયો વાઈરલ થયો હતો ત્યારે દરેકને આશ્ચર્ય થયું હતું. હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ ડીપફેક અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું હતું કે ડીપફેક સમાજમાં ભારે અશાંતિ પેદા કરી શકે છે.



### રશ્મિકા બાદ હવે કાજોલનો ડીપફેક વીડિયો વાઇરલ

રશ્મિકા મંદાનાનો એક ડીપફેક વીડિયો હાલમાં જ સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો, હવે આ લિસ્ટમાં બોલિવૂડ અભિનેત્રી કાજોલનું નામ પણ જોડાઈ ગયું છે. એક્ટ્રેસનો એક ડીપફેક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ વીડિયોમાં કાજોલ પોતાનો આઉટફિટ બદલતી જોવા મળી રહી છે. અગાઉ રશ્મિકાનો એક ડીપફેક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો.

### ડીપફેક શું છે અને એ કેવી રીતે બને છે?

ડીપફેક શબ્દનો સૌપ્રથમ ઉપયોગ 2017માં થયો હતો. ત્યાર પછી અમેરિકાના સોશિયલ ન્યૂઝ એગ્રીગેટર રેડિટ પર ડીપફેક આઈડી સાથે ઘણી સેલિબ્રિટીઝના વીડિયો પોસ્ટ કરવામાં આવ્યા હતા. એમાં અભિનેત્રીઓ એમા વોટસન, ગેલ ગેડોટ, સ્કારલેટ જોનસનના ઘણા પોર્ન વીડિયો હતા. કોઈ બીજાના ચહેરા, અવાજ અને અભિવ્યક્તિને વાસ્તવિક વીડિયો, ફોટો અથવા ઑડિયોમાં ફિટ કરવાને ડીપફેક કહેવાય છે. આ એટલું સ્પષ્ટ રીતે થાય છે કે વ્યક્તિ તેના પર વિશ્વાસ કરી શકે છે.

## ખતરનાક થયું વાવાઝોડું 'મિધિલી' 11 રાજ્યોને IMDનું એલર્ટ જાહેર

**પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાના કારણે ઈમરજન્સીની સ્થિતિ**

**કોલકાતા, તા. 17**

બંગાળની ખાડીમાં બનેલા લો-પ્રેશરના કારણે પશ્ચિમ બંગાળથી લઈને ઓડિસા સુધી મિધિલી વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું કે, તેના કારણે 80 કિલોમીટર પ્રતિ કલાકની ગતિથી આ બાંગ્લાદેશ દરિયાકિનારે થતા સુંદરવનથી પસાર થશે. તેથી પશ્ચિમ બંગાળ અને ઓડિસાના દરિયાકિનારાના વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાના કારણે ઈમરજન્સીની સ્થિતિ બની ગઈ છે. સરકારે તેના માટે તમામ તૈયારીઓ કરવાનું શરૂ કરી દીધું છે. હવામાન વિભાગે ઓરેન્જ અલર્ટ જાહેર કરી દીધું છે.



### તમિલનાડુ-કેરળમાં ભારે વરસાદની સંભાવના

IMDની આગાહી મુજબ તાજેતરની લહેરોના કારણે 19 અને 20 નવેમ્બરે તમિલનાડુ અને કેરળના જુદા જુદા વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. આઈએમડીએ બુલેટીનમાં કહ્યું કે, 20 નવેમ્બરે તમિલનાડુ અને કેરળ (Kerala)માં કેટલાક વિસ્તારોમાં સામાન્યથી હળવો વરસાદ અને કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે.

## J&Kમાં 6 આતંકવાદીઓને ઢાળી દીધા

**કુલગામમાં 19 કલાકના ઓપરેશનમાં 5 અને રાજૌરીમાં એક આતંકવાદી ઠાર કર્યો**

**શ્રીનગર, તા. 17**

જમ્મુ-કાશ્મીરમાં 24 કલાકની અંદર સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ફરીથી બીજુ એન્કાઉન્ટર શરૂ થયું. સેના અને આતંકવાદીઓ વચ્ચે આ અથડામણ રાજૌરીમાં થઈ રહી છે. આ પહેલા ગુરુવારે સવારે કુલગામમાં એન્કાઉન્ટર શરૂ થયું હતું. જમ્મુ-કાશ્મીરના કુલગામમાં શુક્રવારે સુરક્ષાદળો સાથેની અથડામણમાં 5 આતંકવાદી ઠાર માર્યા હતા. ત્રણેય આતંકવાદી લશ્કર-એ-તૈયબા (LeT) સાથે સંકળાયેલા રેઝિસ્ટન્સ ફોર્સ (TRF)ના હોવાનું જણાવવામાં આવ્યું છે. 16 નવેમ્બરની સાંજે સુરક્ષા દળોને કુલગામના સામનુ વિસ્તારમાં



આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. સર્ચ-ઓપરેશન દરમિયાન આતંકીઓએ ગોળીબાર કર્યો હતો. આ પછી એન્કાઉન્ટર શરૂ થયું હતું. આ ઓપરેશનમાં સેનાની 34મી રાષ્ટ્રીય રાઈફલ્સ, 9 પેરા CRPF અને રાજ્યની પોલીસ સામેલ હતી.

### ▪ કલમ 370 હટાવ્યા બાદ લશ્કર-એ-તૈયબા પોતાનું નામ બદલીને કામ કરી રહ્યું છે

લશ્કર-એ-તૈયબા (LeT) હવે કાશ્મીર ખીણમાં ધ રેઝિસ્ટન્સ ફોર્સ (TRF)ના નામથી કાર્યરત છે. સુરક્ષા દળોના અધિકારીઓનું કહેવું છે કે 2019માં જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ 370 હટાવ્યા બાદ LeTએ વિચારેલી રણનીતિના ભાગરૂપે આ કર્યું છે. લશ્કર-એ-તૈયબાએ બે કારણોસર તેનું નામ બદલ્યું છે: રેઝિસ્ટન્સ ફ્રન્ટ જેવું નામ રાખીને આતંકવાદીઓની સશસ્ત્ર લડાઈને સ્થાનિક કાશ્મીરના છોકરાઓની લડાઈ બતાવવામાં આવે છે.

**ઇન્દોરથી આવેલું નવું ઓગર મશીન દેહરાદૂન પહોંચ્યું**

## ઉત્તરકાશી ટનલ- રેસ્ક્યૂ કામમાં ઓગર મશીનને આરામ અપાયો : હાલ બચાવ કામગીરી બંધ-રાત્રે ફરી શરૂ થશે

**ઉત્તરકાશી, તા. 17**

ઉત્તરાખંડના ઉત્તરકાશી ટનલમાં નિર્માણાધીન સિલ્ક્યારા ટનલ ધસવાને કારણે 40 મજૂરો 6 દિવસથી ફસાયેલા છે. શુક્રવારે 17 નવેમ્બરે બે કામદારોની તબિયત લથડી હતી. બચાવ કામગીરી ચાલુ રાખવા માટે ઈન્દોરથી એક નવું ઓજર મશીન મગાવવામાં આવ્યું છે. તે સાંજે 5.30 વાગ્યે દેહરાદૂન પહોંચી ગયું છે. ગુરુવારે રાત્રે અને શુક્રવારે જે ઓગર મશીનનું ડ્રિલિંગ કરવામાં આવ્યું હતું તેને હાલ આરામ આપવામાં આવ્યો છે. હવે શુક્રવારની રાત્રે ડ્રિલિંગની કામગીરી શરૂ કરવામાં આવશે. ડ્રિલિંગ કામમાં રોકાયેલા અમેરિકન હેવી ઓગર્સ મશીનના માર્ગમાં એક ખડક આવી જવાને કારણે બપોરે 12 વાગ્યે રેસ્ક્યૂ ઓપરેશન 2 કલાક માટે અટકાવવામાં આવ્યું હતું.



આ પછી ફરી શરૂ થયું. જો કે, ડ્રિલિંગમાં ખડક એક વિઘ્ન રહે છે. ખડકને કારણે બચાવની ગતિ ધીમી પડી હતી. બચાવ માટે મશીનની મદદથી જે પાઈપ નાખવામાં આવી હતી તે ખૂબ જ ધીમી ગતિએ ચાલી રહી છે. શુક્રવારે સવારે 12 વાગ્યા સુધીમાં મશીને 30 મીટર ડ્રિલ કર્યું હતું.

**આમ આદમી પાર્ટીના અધ્યક્ષે આપ્યું મોટું નિવેદન**

## અરવિંદ કેજરીવાલ આપશે દિલ્હીના CM પદેથી રાજીનામું ?

**અમે લોકો જેલ જવાથી નથી ડરતા. હું એકવાર 15 દિવસ જેલમાં રહીને આવ્યો છું : કેજરીવાલ**

**નવી દિલ્હી, તા. 17**

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શુક્રવારે પાર્ટી કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો. આ દરમિયાન કેજરીવાલે કહ્યું કે, આપણું સંગઠન અને કાર્યકર્તા આમ આદમી પાર્ટીની સૌથી મોટી તાકાત છે. આ સમયે તેમણે વડાપ્રધાન મોદી પર આકરા પ્રહાર કર્યા. તેમણે કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, મને જેલ મોકલવાનો પ્લાન બનાવાયો છે. મુખ્યમંત્રીએ આપ કાર્યકર્તાઓને કહ્યું કે, હવે તમારા લોકોની જવાબદારી લગાવી રહ્યો છું. દિલ્હીની જનતાએ અમને ખુબ પ્રેમ આપ્યો. દિલ્હીની જનતાની મરજી વગર અમે કંઈ નહીં કરીએ. તમારે લોકોને દિલ્હીમાં ઘરે-ઘરે જવાનું છે અને જનતાને પૂછવાનું છે કે શું કરવું જોઈએ. અમે કાંટા પર ઉભા છીએ.



આગામી 10-15 દિવસોમાં આપણે દિલ્હી ખૂંદવાની છે. ઘરે-ઘરે જવાનું છે અને જનતાને પૂછવાનું છે કે, શું રાજીનામું આપવું જોઈએ કે જેલથી સરકાર ચલાવવી જોઈએ, જે જનતા કહેશે તે અમે કરીશું.

### ▪ 'અમે લોકો જેલ જવાથી નથી ડરતા'

કેજરીવાલે કહ્યું કે, અમે લોકો જેલ જવાથી નથી ડરતા. હું એકવાર 15 દિવસ જેલમાં રહીને આવ્યો છું. અંદર બરાબરની તૈયારી હોય છે, એટલા માટે જેલ જવાથી તમે પણ ન ડરો. જો ભગત સિંહ આટલા દિવસ જેલમાં રહી શકે છે. મનીષ સિસોદિયા 9 મહિના જેલમાં રહી શકે છે. સત્યેન્દ્ર જૈન એક વર્ષ જેલમાં રહી શકે છે, તો અમને જેલ જવાનો ડર નથી.

### ▪ 'અમને સત્તાની લાલચ નથી'

આપ સંયોજકે વધુમાં કહ્યું કે, અમને સત્તાની લાલચ નથી. 49 દિવસ બાદ રાજીનામું આપ્યું હતું. કોઈ પોતાની ચોકીદારની નોકરીથી રાજીનામું નથી આપતું. મારા ખ્યાલથી દુનિયાનો પહેલો મુખ્યમંત્રી છું, જેમણે પોતાની મરજીથી 49 દિવસ બાદ રાજીનામું આપ્યું હોય. રાજીનામું હું પોતાના જૂતાની ટોચ પર લઈને ચાલું છું. મુખ્યમંત્રીની ખુરશીની લાલચ નથી. મારે રાજીનામું આપવું જોઈએ કે જેલથી સરકાર ચલાવવી જોઈએ, આ અંગે અલગ-અલગ લોકો સાથે સૌથી ચર્ચા કરી રહ્યો છું. તમે તમામ ધારાસભ્યો-કોર્પોરેટરો સાથે પણ ચર્ચા કરી હતી. આજે પોતાના કાર્યકર્તા સાથે વાત કરી.

## હરિયાણાના નૂંહમાં ફરી સ્થિતિ તંગ બની : પથ્થરમારામાં 9 ઘાયલ

**કૂવાની પૂજા કરીને પરત ફરી રહી હતી, કહ્યું- મસ્જિદ-મદરેસામાંથી પથ્થરો ફેંકાયા**

**નૂંહ, તા. 17**

હરિયાણાના નૂંહમાં ફરી એકવાર સ્થિતિ તંગ છે. ગુરુવારે રાત્રે છોકરાના જન્મની ઉજવણીમાં કુવામાં પૂજા કરવા જતી મહિલાઓ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. શહેરની મોટી મસ્જિદ-મદરેસામાંથી કેટલાક તોફાની તત્વોએ પથ્થરમારો કર્યો હોવાનો આરોપ છે. પથ્થરમારામાં 9 મહિલાઓ ઘાયલ થઈ હતી. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈને વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સ્થિતિ સામાન્ય રહે તે માટે નવી



ધર્મશાળામાં બેઠક યોજાઈ રહી છે, જેમાં બંને સમાજના લોકો હાજર છે. નૂંહ પોલીસના જણાવ્યા અનુસાર, એસસી-એસટી એક્ટ હેઠળ અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. આ ઘટના રાત્રે લગભગ 8:20 વાગ્યે શહેરની એક મસ્જિદ પાસે બની હતી.

### ખેંચના કારણે મોત થયાનું અનુમાન:પીઆઈ

# નજીવી બાબતે ઉગ્ર બોલાચાલી : રસ્તા પર હોર્ન મારી ટર્ન લેવા કહેતાં બે યુવકે ઢોર માર માર્યો ને મોત થયું : ભાઈ

સુરત | સુરતમાં નજીવી બાબતે હત્યા થઈ હોવાની ઘટના સામે આવી છે. અડાજણ વિસ્તારમાં બાઈક પર જઈ રહેલા યુવકે હોર્ન મારી અન્ય યુવકોને ખસી જવા અને ટર્ન લઈ લેવા કહેતા બંને યુવકો ઉશ્કેરાઈ ગયા હતા. જેને લઈ બંને યુવકોએ તેના અન્ય મિત્રોને બોલાવી હોર્ન બાબતે ઠપકો આપનાર યુવકને જાહેરમાં માર માર્યો હતો. જેને લઈ યુવક બેભાન થઈ ગયો હતો ને બાદમાં મોતને ભેટ્યો હતો. યુવકની હત્યા કરી અજાણ્યા હુમલા ખોર ફરાર થઈ ગયા હતા. જોકે પોલીસનું કહેવું છે કે, મૃતક યુવતકને ખેંચની બિમારી હતી જેના કારણે તેનું મોત થયું હોવાનું હાલમાં અનુમાન લગાવાઈ રહ્યું છે. જોકે સમગ્ર ઘટના બાબતે પીએમ રીપોર્ટ બાદ ખુલાસો થશે. હાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૃતક યુવકના ભાઈ રોહિત સુનિલભાઈ પંપાતેએ જણાવ્યું હતું કે, પરિવાર સાથે અમે ગત રોજ ફરવા નીકળ્યા હતા. ત્યારે સોસાયટીની બહાર જ ટર્નિંગ પર અન્ય બે યુવકો દ્વારા પોતાની ગાડી વચ્ચે લાવી દેવામાં આવી હતી. જેને લઈ બંને યુવકોને હોર્ન મારીને ગાડી ટર્ન મારવા કહ્યું હતું. ત્યારે બંને યુવકો ઝઘડો કરવા લાગ્યા હતા. ત્યાર બાદ થોડા આગળ



જઈને તેના અન્ય મિત્રોને બોલાવી બંને અજાણ્યા યુવાઓ દ્વારા અચાનક હુમલો કરી દેવામાં આવ્યો હતો. મારા ભાઈને માર મારવા લાગ્યા હતા. જેમાં તેને માથાના ભાગે અને અન્ય ભાગે ગંભીર ઈજા પહોંચતા તે બેભાન થઈ ગયો હતો. બાદમાં સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે અડાજણ પોલીસ મથકના પીઆઈ આર.જી. ગોજિયાએ જણાવ્યું હતું કે, મૃતક યુવક રીશી ભરાડેને છેલ્લા ઘણા વર્ષોથી ખેંચ આવવી બીમારી છે. યુવકની ગતરોજ ગાડી બાબતે બોલાચાલી અને ઝઘડો થયો હતો. જેમાં કેટલાક યુવકોએ તેને એક તમાચો જ માર્યો હતો. જોકે થોડા સમયમાં તેને ખેંચ આવી જતા તે જમીન પર ઢળી પડ્યો હતો. તેને લોકોએ ભાનમાં લાવવા જુદા જુદા પ્રયાસો કર્યા હતા અને હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ડોક્ટરે મોત થયું હોવાનું જણાવ્યું હતું. જોકે બનાવને પગલે યુવકનું પેનલ રિપોર્ટ કરાવાઈ રહ્યો છે.

વધુમાં તેમણે જણાવતા કહ્યું હતું કે, મારવાને લઈને જ તેનું મોત થયું હોવાનું હાલ ચોક્કસ કારણ જાણી શકાતું નથી. જેને લઈ હાલ આ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી પોલીસે તપાસ કરી છે. યુવકના પીએમ રિપોર્ટમાં મોતનું સાચું કારણ સામે આવશે અને તેમાં તેને માર મારવાના કારણે મોત થયું હોવાનું જાણવા મળશે તો બનાવ અંગે હત્યાનો ગુનો નોંધવામાં આવશે, પરંતુ હાલ પોલીસે આ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજકોટના શાપર નજીક રીક્ષામાં માદક પદાર્થ ગાંજાની હેરાફેરીનો પર્દાફાશ થયો

રાજકોટ | રાજકોટ પોલીસ દ્વારા વિદેશી દારૂની હેરાફેરી સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવતા નશાનો કારોબાર કરતા શખ્સો દ્વારા ચરસ અને ગાંજા જેવી વસ્તુઓની હેરાફેરી શરૂ કરવામાં આવી છે. જોકે, રાજકોટ ગ્રામ્ય SOG દ્વારા રીક્ષામાં થતી માદક પદાર્થ ગાંજાની હેરાફેરીનો પણ પર્દાફાશ કરાયો છે અને ઓટોરીક્ષામાં ગાંજાનો જથ્થો લઈને જતા એક શખ્સને 2 કિલો જેટલા મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. હાલમાં પોલીસે એજાજ ઉર્ફે મામુ દિલાવરભાઈ બ્લોચ મકરાણી નામના આરોપી વિરુદ્ધ નાર્કોટિક્સની કલમ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ ગ્રામ્ય SOG તેમજ ગોંડલ બી-ડિવિઝન પોલીસ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન હેડ.કોન્સ જયવિરસિંહ રાણા તથા ભગીરથસિંહ જાડેજા તથા અરવિંદભાઈ દાફડાને સંયુક્ત રીતે બાતમી મળી હતી. જેમાં ગોંડલમાં રહેતો એજાજ ઉર્ફે મામુ પોતાની ઓટો રીક્ષા નંબર GJ-18-AX-7552માં ગેરકાયદેસર રીતે નાર્કોટીક્સ માદકપદાર્થનો જથ્થો રાખી, રાજકોટથી ગોંડલ તરફ જનાર હોવાનું જાણવા મળ્યું હતું. બાતમીના આધારે પોલીસે પારડી શાપર ગામ,



ઓવરબ્રિજ નજીક આવેલા શિવશક્તિ પાન એન્ડ રેસ્ટોરન્ટ પાસે વોચ ગોઠવી હતી અને આરોપી એજાજ ઉર્ફે મામુ દિલાવરભાઈ બ્લોચ મકરાણી પોતાની ઓટો રીક્ષા નંબર GJ-18-AX-7552 લઈને નીકળતા તેને અટકાવી આ રીક્ષાની તલાશી લીધી હતી. જેમાં સફેદ કલરની પ્લાસ્ટીક થેલીમાંથી ગેરકાયેદસર વનસ્પતિજન્ય ગાંજાના ઘટકોવાળો માદક પદાર્થનો 2 કિલોગ્રામ જથ્થો મળી આવ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી એજાજ ઉર્ફે દિલાવરભાઈ બ્લોચ મકરાણી ગોંડલ ગુંદાળા દરવાજા પાસે રહેતો હોવાનું સામે આવ્યું હતું.

# યુવાન કારખાનેદારને આત્મહત્યા કરવા મજબુર કરનાર ચાર પૈકી એકની ધરપકડ

સુરત | સુરતના ડીંડોલી અંબિકા હેવનમાં સવા મહિના અગાઉ પોતાના જ ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરનાર યુવાન કારખાનેદારે લખેલી સ્યુસાઈડ નોટના આધારે ડીંડોલી પોલીસે ચાર વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.પોલીસે ગતરોજ ચાર પૈકી એકની ધરપકડ કરી હતી. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ મૂળ બિહારના વતની અને સુરતમાં ડીંડોલી અંબિકા હેવન ઈ/503 માં રહેતા તેમજ ભેસ્તાન ખાતે કાપડનું કારખાનું ધરાવતા 44 વર્ષીય સુનિલભાઈ ગુલાબભાઈ તિવારીએ ગત 7 ઓક્ટોબરે સવારે પોતાના જ ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.તેમના પત્ની રાનીબેનને સુનિલભાઈએ પુત્રીની સ્કુલની નોટમાંથી પાનું ફાડી હિન્દી અને અંગ્રેજીમાં લખેલી અને શર્ટના ખિસ્સામાં રાખેલી એક સ્યુસાઈડ નોટ મળી હતી.તેમાં તેમણે લખ્યું હતું કે બબલુ દુબેને મેરી કંપની બીકવા દીયા ઔર જબરજસ્તી મુજસે એગ્રીમેન્ટ પર સાઈન કરવાયા.ઉસમેં સાક્ષીમે બબલુ ઓર દિવાકર દોનો હૈ સતીશ પાઠક ખરીદદાર હૈ ઔર એગ્રીમેન્ટ મેં ચેક નંબર જોકી પૈસા મુજે નહીં દિયા ગયા ભુસન પાટીલને એક લાખ દો હજાર મેરા નહીં દિયા જો કી બાકી થા હસમુખ પટેલ કે પાસ મેરા પેમેન્ટ થા જોકી ઉસને નહીં દિયા મેરે પાસ કોઈ રસ્તા નહીં બચા હૈ સોરી મેરી પ્યારી વાઈફ ઓર મેરે બચ્ચે - સુનિલ. પોલીસે આ સ્યુસાઈડ નોટના આધારે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે બબલુ દુબેએ કોરોના સમયે સુનિલભાઈને રૂ.10 લાખ સાત ટકાના વ્યાજે આપ્યા હતા.તેનું વ્યાજ સુનિલભાઈ સમયસર દર મહિને ચુકવતા હતા.પરંતુ તેમનું કારખાનું બંધ કરાવવા તે જગ્યાના માલિક ભુષણ પાટીલે લાઈટ કપાવી નાખી હતી અને ધંધો બંધ થતા સુનિલભાઈને પૈસાની જરૂર હતી છતાં ડીપોઝીટના રૂ.2 લાખ પણ પરત આપ્યા નહોતા.બબલુ દુબેના પૈસા ચૂકવવાના બાકી હોય સતિષ પાઠકને પાર્ટનર રાખ્યો હતો. પણ તે હિસાબ બરાબર આપતો નહોતો.હસમુખ પટેલે કોરોના પહેલા સુનિલભાઈ પાસેથી માલ લઈ તેના રૂ.6 થી 7 લાખ આપ્યા નહોતા.આ તમામને લીધે સતત ટેંશનમાં રહેતા સુનિલભાઈએ આપઘાત કર્યો હતો.

# નવાપુરા વિસ્તારમાં ગુમ થયેલા કિશોરને પોલીસે શોધીને પરિવારને સોંપ્યો...!

વડોદરા | વડોદરાના નવાપુરા વિસ્તારમાં રહેતો કિશોર ઘરેથી ગુમ થયા બાદ ગણતરીના કલાકોમાં નવાપુરા પોલીસે તેને શોધીને પરિવારને સોંપ્યો હતો. બીજી તરફ મહારાષ્ટ્ર થાણેનો પરિવાર મુસાફરી દરમિયાન ઓટો રીક્ષામા બેગ ભૂલી ગયો હતો. જેમાં ખૂબ અગત્યની દવાઓ અને સરસામાન હોવાથી તે શોધી કાઢીને રાવપુરા પોલીસે મૂળ માલિકને સોંપ્યો હતો.

કિશોર ઘરેથી કંઈ કહ્યા વિના નીકળી ગયો હતો. જેથી, પરિવારે શોધખોળ શરૂ કરી હતી. જોકે, કિશોર ન મળતા પોલીસને જાણ કરી હતી. નવાપુરા પોલીસે કિશોરની તુરંત જ શોધખોળ શરૂ કરી હતી. પોલીસે કિશોરને ગણતરીના કલાકોમાં જ શોધી કાઢ્યો હતો અને પરિવારને સોંપ્યો હતો. જેથી, પરિવારે પોલીસનો આભાર માન્યો હતો મહારાષ્ટ્રના થાણેથી એક પરિવાર વડોદરામાં ફરવા માટે આવ્યો હતો. આ દરમિયાન અટલાદરા સ્વામિનારાયણ મંદિર પાસેથી ઓટો રીક્ષામાં બેસીને રાજમહેલ રોડ લક્ષ્મીવિલાસ પેલેસ ખાતે ફરવા માટે ગયા હતા. આ સમયે પરિવાર રીક્ષામાંથી ઉતર્યા હતા. જોકે, મહિલા જીગ્નાબેન પ્રવિણભાઈ મકવાણા મરૂન કલરની બેગ રીક્ષામા ભૂલી ગઈ હતી. આ બેગમાં મહિલાના માતાની મગજની બીમારીની દવાઓ હતી અને મહત્વનો સામાન હતો.

# દવા અને ઘરનો સમાન લઈને ઘરે પરત ફરતી વખતે વેપારીની પત્નીનો અકસ્માત





સુરત | સુરતના વિસ્તારમાં એક અકસ્માતની ઘટના બની હતી. જેમાં 34 વર્ષીય મહિલાનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું. કાપડ વેપારીની પત્ની દવા અને ઘરનો સામાન લઈને મોપેડ પર ઘરે પરત ફરી રહી હતી. આ દરમિયાન રસ્તામાં જ તેને અકસ્માત નડ્યો હતો. મહિલાના અકસ્માતમાં મોતના પગલે એકના એક દીકરાએ માતાની છત્રછાયા ગુમાવી છે. મળતી માહિતી પ્રમાણે, પેસુ વિસ્તારમાં આવેલા કેસલ બ્રાઉન એપાર્ટમેન્ટમાં 34 વર્ષીય સોનલ ચિંતનભાઈ બાપના પરિવાર સાથે રહેતા હતા. પતિ ચિંતન કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા છે. સોનલબેન અને ચિંતનભાઈના 12 વર્ષ પહેલા લગ્ન થયા હતા. બન્ને ખુશી-ખુશીથી લગ્નજીવન જીવતા હતા. તેમને સંતાનમાં એક દીકરો છે. ગતરોજ સોનલબેન બપોર બાદ ઘરનો સામાન અને દવા લેવા માટે ઘર નજીકમાં મેડિકલ પર ગયા હતા અને જ્યાંથી ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન યુનિવર્સિટી અને સોમેશ્વર સર્કલ વચ્ચે સોનલબેનને અકસ્માત નડ્યો હતો. પરિવારના જણાવ્યા પ્રમાણે મોપેડ સ્લીપ થયું હોવાની આશંકા છે. અકસ્માત બાદ રોડ પર ગંભીર હાલતમાં પડેલા સોનલબેનને રાહદારી દ્વારા સામે આવેલી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન સોનલબેનનું મોત નીપજ્યું હતું. સોનલબેનના મોતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### 4 મકાનના તાળા તોડી 2 લાખ ઉપરાંતનો મુદ્દામાલ લઈ ચાલતી પકડી...

# પૂજા કરી ઘરેણાં તિજોરીમાં રાખી હવનમાં ગયા, ચોરોએ ઘરના તાળા તોડી માલસામાન લઈ ગાયબ

વડોદરા | વડોદરામાં નવા વર્ષ તસ્કરોએ ચોરીનું મુહૂર્ત કર્યું છે. વાઘોડિયાના માડોધર અને ડેસર ધનતેજ ગામમાં તસ્કરોએ 4 મકાનના તાળા તોડી 2 લાખ ઉપરાંતનો મુદ્દામાલ લઈ ચાલતી પકડી છે. માડોધર ગામના એક પરિવારે ધનતેરસના દિવસે સોના-ચાંદીની પૂજા કરી દાગીના તિજોરીમાં મૂક્યા હતા. બાદમાં પરિવાર માતાજીનો હવન કરવા ગયા હતા અને પાછળથી તસ્કરોએ હાથ ફેરો કરીને ફરાર થઈ ગઈ ગયા હતા. તો મોડોધર ગામમાં ત્રાટકેલા તસ્કરો CCTV કેમેરામાં કેદ થઈ ગયા છે. હાલ તો ચોરીના બનાવથી પંથકમાં ગભરાટનો માહોલ ફેલાઈ ગયો છે.

મળતી માહિતી અનુસાર વાઘોડિયા તાલુકાના માડોધર ગામ પાસે વૃંદાવન સિટીમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા 35 વર્ષીય શૈલેષ ઉર્ફે પિન્ટુ રાવજીભાઈ ભોઈ પરિવાર સાથે રહે છે. પરિવારે ધનતેરસના દિવસે સોના-ચાંદીની પૂજા કરી મંદીરની રૂમમાં ઘરેણાં તિજોરીમાં મૂકી દીધા હતાં. બાદમાં પરિવાર સાવલી તાલુકાના નમીસરા ગામે મૂળ વતન ખાતે માતાજીનો હવન હોય તેથી મકાનના મુખ્ય દરવાજે તાળુ મારી વતન ગયા હતા. માતાજીનો હવન પૂરો કરી રાત્રીના બે વાગ્યાની આસપાસ ઘરે પરત આવ્યા હતા. ઘરે આવેલા પરિવારે મુખ્ય દરવાજે લોખંડની જાળીનો નકુચો તુટેલી હાલતમાં જોઈ ચોંકી ઉઠ્યા હતા.

ઘરમાં જઈ તિજોરીમાં તપાસ કરતા 1.6 ગ્રામની 5,500ની કિંમતની સોના વીંટી, 0.470 ગ્રામની 3 હજારની કિંમતની સોનાની બુટ્ટી, 3.0 ગ્રામની 19,700ની કિંમતની સોનાની કડી, 3.970 ગ્રામની 20 હજારની કિંમતની સોનાની કડી, 1.35 ગ્રામની 4,800ની કિંમતની સોનાની વીંટી, 5 ગ્રામની 22 હજારની કિંમતની સોનાની ચેન, 1.24 ગ્રામની 4,600ની કિંમતની સોનાની વીંટી, 20.32 ગ્રામની 67 હજારની કિંમતની સોનાની ચેન, 1.20 ગ્રામની 5,700ની કિંમતની સોનાની વીંટી, 223 ગ્રામના 12 હજારની કિંમતના ચાંદીના છડા, 1.300 ગ્રામના 13 હજારની કિંમતના ચાંદીના છડા, 55 ગ્રામના 2800ની કિંમતના ચાંદીના છડા, 225 ગ્રામના 7700ની કિંમતના ચાંદીના છડા, 66 ગ્રામના 3 હજારની કિંમતના ચાંદીના છડા સહીત કુલ 1,90,800ની કિંમતના સોના ચાંદીના દાગીના તસ્કરો ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે શૈલેષ ઉર્ફે પિન્ટુ રાવજીભાઈ ભોઈએ વાઘોડિયા પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પંચમહાલ જિલ્લાના છતરડીવાવ ગામમાં રહેતા કાંતિભાઈ ભગાભાઈ વણકરનું વતન સાવલી તાલુકાના ધનતેજ ગામ છે. ગામમાં તેઓના મકાનની બાજુમાં તેમના મોટાભાઈ મગનભાઈ વણકર અને તેમની બાજુમાં ભત્રીજા દિલીપભાઈ શનાભાઈ વણકરનું મકાન આવેલું છે. આ ત્રણેય બંધ મકાનના તસ્કરો તાળાં તોડી સોના-ચાંદીના દાગીના, પિત્તળના વાસણો મળી રૂપિયા 59,500 નો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. એક રાતમાં ત્રણ મકાનના તાળાં તૂટતા ગામમાં ચકચાર મચી ગઈ હતી. આ બનાવ અંગે કાંતિભાઈ વણકરે ડેસર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# તારાપુરના હત્યાનો આરોપી અમદાવાદ સ્ટેશનેથી ઝડપાયો

આણંદ | આણંદ જિલ્લાના તારાપુરમાં ગતરોજ ખુની ખેલ ખેલાયો હતો. ડાંગરની કાપણી કરવા માટે પંજાબથી હાર્વેસ્ટર લઈને આવેલાં બે ઈસમો વચ્ચે અંદરોઅંદર થયેલી તકરારમાં એક માથાભારે ઈસમે લોખંડના પાના વડે હુમલો કરી બીજાનું ઢીમ ઢાળી દીધું હતું અને પોતે ફરાર થઈ ગયો હતો. જોકે, પોલીસે ગણતરીના કલાકોમાં જ આ ફરાર થયેલા હત્યારાને અમદાવાદ રેલ્વેસ્ટેશનથી પકડી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. પંજાબના જલંધર જિલ્લામાં આવેલ કનીયા ગામમાં રહેતાં ગુરદિપસિંગ ઉર્ફે દિપાસિંગ જશવંતરાય વાલ્મીક અને લવપ્રીતસિંગ બલકારસિંગ વાલ્મીક ડાંગરની કાપણી માટે હાર્વેસ્ટર લઈને આણંદ જિલ્લાના તારાપુર પંથકમાં આવ્યાં હતાં. ગતરોજ તેઓ તારાપુર તાલુકાના ઈસરવાડા ગામમાં હતાં. દરમિયાન ગુરદિપસિંગ અને લવપ્રિતસિંગ વચ્ચે કોઈક કારણોસર તકરાર થઈ હતી. જોતજોતામાં આ તકરાર ઉગ્ર બની હતી. દરમિયાન ઉશ્કેરાયેલાં લવપ્રીતસિંગે લોખંડના રેન્ચપાનુ (વાંદરીપાનુ) વડે હુમલો કરી ગુરદિપસિંગ (ઉ.વ 35) ની હત્યા કરી હતી. જે બાદ લવપ્રીતસિંગ ભાગી ગયો હતો. આ બનાવ અંગેની જાણ થતાં તારાપુર પોલીસની ટીમ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને ફરાર થયેલ લવપ્રીતસિંગ બલકારસિંગ વાલ્મીકને પકડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી હતી. તેમજ ટેકનીકલ અને હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન હત્યારો લવપ્રીતસિંગ અમદાવાદથી ટ્રેન મારફતે પંજાબ જવાનો હોવા અંગેની બાતમી તારાપુર પોલીસને મળી હતી. જેથી તારાપુર પોલીસે તુરંત જ અમદાવાદ રેલ્વે પોલીસનો સંપર્ક કરી, અમદાવાદથી પંજાબ તરફ જતી જમ્મુતાવી એક્સપ્રેસ ટ્રેનમાંથી હત્યારા લવપ્રીતસિંગ બલકારસિંગ વાલ્મીકને ઝડપી લીધો છે.

## NEWS BRIEF

# બહેનનો સંસાર સુધારવા જેઠાણીએ ફોઈ સાસુ સાથે મળી દેરાણીને મોતના મુખમાં ધકેલી

વડોદરા | લગ્નના છ માસમાં ફાંસો ખાઈ જિંદગી ટુંકાવી લેનાર દિકરીના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે છેલ્લા ત્રણ વર્ષથી ઝઝૂમી રહેલા પિતાને આખરે ન્યાય મળ્યો છે. FSL રિપોર્ટના બહાના હેઠળ ત્રણ વર્ષ સુધી રાહ જોવડાવનાર કરજણ પોલીસને કરજણ પ્રાંત અધિકારીના હુકમ બાદ પરિણીતાના મોત માટે જવાબદાર જેઠાણી અને ફોઈ સાસુ સામે ફરિયાદ દાખલ કરવાની ફરજ પડી છે. નોંધનીય છે કે, પિતા દીકરીએ આપઘાત કરતા પૂર્વે લખેલી ચિઠ્ઠી લઈને ફરિયાદ કરાવવા માટે પ્રયાસો કર્યા હતા. પરંતુ, કરજણ પોલીસે જવાબદારો સામે ફરિયાદ દાખલ કરી ન હતી. જોકે, હવે કરજણ પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે. આ બનાવની વિગત એવી છે કે, શિનોર તાલુકાના મોટા ફોફડીયા ગામમાં મુસાભાઈ ઉર્ફે મુસ્તાક વલીભાઈ જામોદ પરિવાર સાથે રહે છે. તેઓ ગામમાં સીમરખા તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓની બે દીકરી છે. બે પૈકી નાની દીકરી શાહીનાનું લગ્ન કરજણ તાલુકાના વલણ ગામના મોહસીન સિંધી સાથે થયું હતું. લગ્નના શરૂઆતના દિવસો સુખમય પસાર થયા હતા. મોહસીન સાથે થયેલા લગ્નથી શાહીના પણ ખૂશ હતી. જોકે, શાહીનના મોહસીન સાથે થયેલા લગ્નથી શાહીનની જેઠાણી રીઝવાના ઉર્ફે રીઝુ ઈરફાન સિંધી (રહે. વલણ) ખૂશ ન હતી. તેને પોતાની બેહનનું લગ્ન મોહસીન સાથે કરાવવું હતું. જે શક્ય ન થતાં તે નારાજ હતી.

# પરિણીતા પ્રેમી સાથે એકાંત માણી રહી હતી, ઉશ્કેરાઈને પતિ પત્નીની હત્યા કરી ફરાર

રાજકોટ | રાજકોટમાં વધુ એક વખત પતિ પત્ની અને વો નો કિસ્સો સામે આવ્યો છે. જેમાં રાજકોટ જિલ્લાના જેતપુર ખાતે પરપ્રાંતિય પરિવારની પરિણીતાને તેની સાથે કામ કરતા સંજય સાથે આંખ મળતા પ્રેમ સંબંધ બંધાયો હતો. આ દરમિયાન પરિણીતા પ્રેમી સાથે એકાંત માણતી હતી ત્યારે પતિ આવી જતા જ પ્રેમીને માર મારી પત્નીને હત્યા નિપજાવી દીધી હતી. પોલીસે હાલ હત્યાનો ગુનો નોંધી હત્યારા પતિની શોધખોળ હાથ ધરી છે. સુનિલ મડીયા (ઉ.20)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું ખાતરની થેલી બનાવવાના કારખાનામાં મજુરી કામ કરું છું. મારે એક મોટો ભાઈ રમેશ છે. જેના લગ્ન થઈ ગયા છે. તે વતનમાં રહે છે. મારે બે બહેનો છે. જેમાં મોટી બહેન સારીકાનું બે વર્ષ પહેલા અકસ્માતમાં મોત થયું હતું. તેનાથી નાની બહેન સંગીતા છે. જેના લગ્ન 1 વર્ષ પહેલાં મધ્યપ્રદેશના રહેવાસી મોવનભાઈ વાસકેલાલના દીકરા લખનભાઈ સાથે કર્યા હતા. મારી માતાનું નામ ધનકુવરબાઈ છે. આજરોજ હું સવારે 8 વાગ્યે અમારા કારખાનામાં કામે ગયો હતો.

# દિવાળીના દિવસથી ગુલાબી ઠંડીનો ચમકારો : ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહમાં તાપમાનમાં 2થી 3 ડીગ્રીનો ઘટાડો

સુરત | સામાન્ય રીતે દિવાળી બાદ શિયાળાની શરૂઆત થતી હોય છે. સમગ્ર ગુજરાતમાં દિવાળીના દિવસથી ઠંડીનો અહેસાસ થવાની શરૂઆત થઈ છે. ખાસ કરીને અમદાવાદમાં દિવાળીના દિવસે સવારથી જ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે અને ઠંડીએ જોર પકડ્યું છે. વહેલી સવારે અને સાંજના સમયે તાપમાનમાં ઘટાડો નોંધાતાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. આ સ્થિતિ છેલ્લા 15 દિવસથી વર્તાઈ રહી છે, પરંતુ રવિવારે દિવાળીના દિવસથી દિવસ દરમિયાનનું તાપમાન પણ ઘટ્યું હોવાથી ઠંડીનો અહેસાસ થાય છે.

હવામાન ખાતા મુજબ, આજે અમદાવાદ, અમરેલી, આણંદ, ગાંધીનગર, ખેડા, મહીસાગર, મોરબી, તાપી, વડોદરા સહિતના જિલ્લાઓમાં 15-20 ડીગ્રી તાપમાન રહે એવી સંભાવના છે તો દેવભૂમિ દ્વારકામાં 23 ડીગ્રી તાપમાન રહે એવી સંભાવના છે. ભાવનગર, બોટાદ, છોટાઉદેપુર, કચ્છ, પંચમહાલ, પાટણ, પોરબંદર સહિતના જિલ્લાઓમાં



19 ડીગ્રી લઘુતમ તાપમાન રહે એવી સંભાવના છે. બીજી તરફ, આજે રાજકોટ અને દાહોદમાં 25 ડીગ્રી લઘુતમ તાપમાન રહે એવી સંભાવના છે.રાજ્યમાં ઉત્તર-પૂર્વના પવનો ફૂંકાઈ રહ્યા છે, આથી ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. વહેલી સવારે ઠંડા અને સૂકા પવનો ફૂંકાવાના શરૂ થયા છે, જેના કારણે લઘુતમ તાપમાન ગગડી રહ્યું છે. નલિયાનું લઘુતમ તાપમાન ગગડીને 13 ડીગ્રી નોંધાયું છે. જોકે ઠંડા પવનો જ્યાં પણ સ્થિર થાય છે એ વિસ્તારનું તાપમાન નીચું આવે છે. ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધુ રહેશે, પરંતુ ચાલુ વર્ષે શિયાળાની ઋતુ પર પણ અલ-નીનોની અસર જોવા મળી રહી છે.

"દિવાળીના દિવસથી દિવસ દરમિયાન તાપમાન ઘટ્યું છે. હાલમાં દિવસ દરમિયાન 29થી 31 ડીગ્રી તાપમાન રહે છે, જ્યારે સાંજ પછી 17થી 18 ડીગ્રી તાપમાન નોંધાયું છે. છેલ્લા ઘણા દિવસોથી સાંજનું તાપમાન 18 ડીગ્રી આસપાસ યથાવત્ રહ્યું છે, પરંતુ દિવસ દરમિયાનનું તાપમાન ઘટતાં ઠંડીનો અહેસાસ વધુ થાય છે. આગામી દિવસોમાં પણ ઠંડીનું જોર વધશે. રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ઠંડીનું પ્રમાણ વધશે."

# વડોદરા નજીક દિવેલ ગામે નર્મદામાં નાહવા ગયેલા ત્રણ યુવક ડૂબ્યા

વડોદરા | વડોદરા નજીક સિનોર તાલુકામાંથી પસાર થતી નર્મદા નદીમાં નાહવા ગયેલા ચાર યુવકો પૈકી ત્રણ ડૂબી જતાં વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી.

પાદરા તાલુકાના મોટા ભાદરી ગામે રહેતા છ મિત્રો નર્મદા સ્નાન માટે વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં આવેલા દિવેર ગામે ગયા હતા. આ દરમિયાન એક પછી એક ત્રણ કિશોર પાણીમાં ડૂબી જતા હોહા મચી હતી.એક કિશોરને તરતા આવડતું હોવાથી તે બચી જવામાં સફળ રહ્યો હતો. બનાવને પગલે વડોદરા ફાયર ની મદદ લેવાતા નદીમાં કલાકો સુધી શોધખોળ કરવામાં આવી હતી.

**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**સીસીટીવી કેમેરાનું ઈન્સ્ટોલેશન, સપ્લાય અને કમીશનિંગ**

**ઈ-ટેન્ડર નોટીસ નં.: DRM-RJT-23-24 SnT-E-20 તા.** 09.11.2023 **ઓફિસનું સરનામું:** ભારતના રાષ્ટ્રપતિ વતી, ડિવિઝનલ રેલવે મેનેજર (નેટવર્ક અને ટેલિકોમ્યુનિકેશન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. **ટેન્ડર નં.: DRM-RJT-23-24 SnT-E-20 તા.** 09.11.2023 **કામનું નામ:** રાજકોટ ડિવિઝનના વિવિધ એસએન્ડટી સ્ટોર પર સીસીટીવી કેમેરા પુરા પાડવા, તેનું ઈન્સ્ટોલેશન કરવું અને કમીશનિંગ **કામનો અનુમાનિક ખર્ચ:** ₹ 15,62,394.28/- (પંદર લાખ બાસઠ હજાર ત્રણસો ચોરાણુ રૂપિયા અને અઠ્યાવિસ પૈસા પૂરા) **ડિપોઝીટ જમા રકમ:** ₹ 31,300/- (એકત્રીસ હજાર ત્રણસો પૂરા) **ટેન્ડર ફોર્મની કિંમત:** ₹ 00.00 (શૂન્ય માત્ર) જીસીસી-જુલાઈ-2022ના પેરા-3 પ્રમાણે **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય:** તારીખ 11.12.2023 ના 15.30 વાગ્યા સુધી વેબસાઈટ: **www.ireps.gov.in** 109

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**એલસી ગેટ્સની વિશ્વસનીયતામાં સુધારો**

**ઈ-ટેન્ડર નોટીસ નં.: DRM-RJT- 23-24-SnT-E-19 તા.** 09.11.2023 **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એસએનટી) પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. 1. **ટેન્ડર નં. : DRM-RJT-23-24-SnT-E-19 તા.** 09.11.2023 **કામનું નામ:** રાજકોટ ડિવિઝન: વિશ્વસનીય સંચાલન માટે 5 આઈપીએસ (વીજી-ઓખા સેકશનમાં એલસી નંબર 4,128,130 અને 211 આરજેટી-બીકેએનજી સેકશનમાં એલસી નંબર 8) ની જોગવાઈથી એલસી ગેટોની વિશ્વસનીયતામાં સુધારો આરટીયૂ (એલસી)ના 03 નંબરની જોગવાઈ ડેટાલોગરના માધ્યમથી કેન્દ્રીયકૃત દેખરેખ માટે વીજી-ઓકેએચએ વિભાગમાં નંબર 4,6 અને 26), આરજેટી-બીકેએનજી સેકશનના 27,31 માં એલસી ગેટ્સના 4 નંબર એટલે એલસી નંબર 4 પર એલઈડી પ્રકાર નિયંત્રણ સહ-સિગ્નલ પેનલની જોગવાઈ. એમયૂ-એમવીઆઈ વિભાગમાં અને 64 બીઆરએલ-ડીએસી વિભાગમાં જૂના કામકાજી અભ્યાસના બદલે આરજેટી ડિવિઝન પર કોડલ જીવનના આધાર પર એલસી ગેટ (એલસી નંબર 233)ને 01 નંબર પર ઈએલબી સ્થાપવું. **ટેન્ડર કિંમત :** ₹ 86,01,267.84 (₹ છ્યાસી લાખ એક હજાર બેસો સડસઠ સિત્તેર રૂપિયા અને ચોર્યાસી પૈસા માત્ર) **અર્નેસ્ટ મની ડીપોઝીટ:** ₹ 1,72,000/- (₹ એક લાખ બોત્તેર હજાર માત્ર) **ટેન્ડર ફોર્મ પડતર :** ₹ 00.00 (શૂન્ય) જીસીસી-જુલાઈ-2022, પેરા-3 મુજબ. **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય :** 11.12.2023, 15.30 કલાક સુધી. **વેબસાઈટની વિગત:** www.ireps.gov.in 108

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# ગુજરાત રાજ્યપાલની ગરિમામય ઉપસ્થિતિમાં યાત્રાધામ અંબાજી ખાતેથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવતા મુખ્યમંત્રી

ગાંધીનગર સંવાદદાતા

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આજે ભાઈબીજના પવિત્ર દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આદ્યશક્તિ માં અંબા ના દર્શન કરી અંબાજી નજીક ચીખલા ખાતેથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ગરિમામય ઉપસ્થિતિમાં ભગવાન બિરસા મુંડાને પુષ્પાજંલિ અર્પણ કરી જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી અને વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો.

સમગ્ર રાજ્યના 14,620 ગામોમાં 129 રથો બે મહિના સુધી પરિભ્રમણ કરી સરકારી યોજનાઓની માહિતી પૂરી પાડશે જેનો લાભ રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં વસતા વન બંધુઓને મળશે. આ સાથે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઝારખંડ રાજ્યમાંથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ગુલામીની માનસિકતાને ત્યજી વર્ષ-2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નાગરિકોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી જણાવ્યું કે, આદિવાસીઓના ભૂલાયેલા ઈતિહાસને ઉજાગર કરવા તથા આદિજાતિઓના ગૌરવ અને સ્વાભિમાનને પુન: સ્થાપિત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન બિરસા મુંડાના જન્મ સ્થળથી જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી અને વિકસિત ભારત યાત્રાનો શુભારંભ કરાવ્યો છે. જો માનવ શરીરનું પ્રત્યેક અંગ સારુ હોય તો જ માણસ સારી રીતે જીવન જીવી શકે એવી જ રીતે સમાજના તમામ લોકો શિક્ષિત હોય, સમૃદ્ધ હોય તો જ રાષ્ટ્રનો વિકાસ થઈ શકે એમ જણાવી તેમણે કહ્યું કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગરીબો, શોષિતો, પીડિતો, દલિતો સહિત સમગ્ર માનવ સમાજના કલ્યાણ માટે કામ કરે છે. દેશમાં પ્રથમવાર ભારતના સર્વોચ્ચ પદ પર આદિવાસી મહિલા દ્રૌપદી મુર્મુને રાષ્ટ્રપતિ બનાવી આદિવાસીઓનું ગૌરવ વધાર્યુ છે એવી જ રીતે સમગ્ર વિશ્વમાં ભારતના ગૌરવને વધારવાનું કામ આદરણીય વડાપ્રધાનએ કર્યુ છે.

# મુખ્યમંત્રીએ વિક્રમ સંવત 2080ના પ્રારંભ દિને ગુજરાતના તમામ નાગરિકોને નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિક ભાઈઓ બહેનોને વિક્રમ સંવત ૨૦૮૦ના પ્રારંભ દિને નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા છે. તેમણે આ નવું વર્ષ સમગ્ર ગુજરાત માટે શ્રેષ્ઠ અને સમૃદ્ધિમય બને તેમજ ગુજરાત દેશમાં સર્વાધિક પ્રગતિના નવા શિખરો સર કરે તેવી અભ્યર્થના વ્યક્ત કરી છે. આ સાથે મુખ્યમંત્રીએ સૌના સાથ સૌના વિકાસના મંત્રને આત્મસાત કરી પ્રત્યેક ગુજરાતી રાજ્યના વિકાસમાં સહભાગી બને તેવી શુભેચ્છાઓ પણ પાઠવી છે. મુખ્યમંત્રીએ નૂતનવર્ષનો આરંભ ગાંધીનગરમાં પંચદેવ મંદિરમાં દર્શન-પૂજનથી કર્યો હતો. ત્યારબાદ મુખ્યમંત્રીએ નૂતન વર્ષ નિમિત્તે અમદાવાદના લાલદરવાજા ખાતે આવેલા ભદ્રકાળી માતાજીના ભક્તિભાવપૂર્વક દર્શન-પૂજન કર્યા હતા. મુખ્યમંત્રીએ નવા વર્ષ નિમિત્તે ગુજરાતની જનતાની સુખાકારી માટે ભદ્રકાળી માતાજીને પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે







શહેરના શ્રેષ્ઠીઓ અને સામાન્ય નગરજનોને મળી નવ-વર્ષની શુભેચ્છાઓનું આદાન પ્રદાન કર્યું હતું. આ અવસરે રાજ્ય કક્ષાના મંત્રી જગદીશ ભાઈ વિશ્વકર્મા, અમદાવાદના મેયર પ્રતિભા જૈન, સર્વ ધારાસભ્ય, કાઉન્સિલરઓ, અધિકારીઓ અને પદાધિકારીઓ તેમજ ભાજપના આગેવાનો અને હોદ્દેદારોએ તેમને આવકારી નવા વર્ષની શુભેચ્છા પણ પાઠવી હતી.

ત્યારબાદ મુખ્યમંત્રી નૂતન વર્ષ દિવસે શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ ઓફિસર્સ મેસમાં વરિષ્ઠ પોલીસ અફસરો અને તેમના પરિવારોને નૂતનવર્ષની શુભકામનાઓ પણ પાઠવી હતી. આ અવસરે મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસ નાથન, રાજ્યના ડીજીપી વિકાસ સહાય તેમજ પોલીસ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.


### લોકોના આત્માની શુદ્ધિનું કેન્દ્ર નિલકંઠધામ પ્રાકૃતિક ખેતીનું અનોખું કેન્દ્ર

# ગુજરાતના રાજ્યપાલની ઉપસ્થિતિમાં પોઈચા ખાતે 'પ્રાકૃતિક કૃષિ સંમેલન - મંદિર દશાબ્દી મહોત્સવ' યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ગરિમામય ઉપસ્થિતિમાં નિલકંઠધામ, પોઈચા ખાતે સ્વામિનારાયણ મંદિર પરિસરમાં 'પ્રાકૃતિક કૃષિ સંમેલન - મંદિર દશાબ્દી મહોત્સવ' યોજાયો હતો. આચાર્ય દેવવ્રતએ નિલકંઠધામ પધારીને પોઈચા ત્રણ રસ્તા ખાતે કલાત્મક નિલકંઠ પ્રવેશદ્વારનું ઉદઘાટન કર્યુ હતું. ઉપરાંત, નર્મદા નદીના કિનારે નિલકંઠઘાટનું ખાતમુહૂર્ત વૈદિક મંત્રોચ્ચાર દ્વારા સાધુસંતોની પ્રેરક ઉપસ્થિતિમાં કર્યું હતું. સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ સંસ્થાન સંચાલિત મંદિર દશાબ્દી કલ્યાણ મહોત્સવ દિપ પ્રાગટ્ય કરીને ખૂલ્લો મુકાયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને અપનાવી ખેડૂતોને ઉપયોગી પ્રેરક માર્ગદર્શન પુરું પાડયું હતું અને કહ્યું હતું કે, પર્યાવરણમાં આવેલા અસાધારણ બદલાવ માટે અને માનવીના સ્વાસ્થ્યની બરબાદી માટે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો વધુ પડતો ઉપયોગ જવાબદાર છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક ખેતી દ્વારા ભારતને આત્મનિર્ભર બનાવવાના કરેલા આહ્વાન અને સંકલ્પને સાકાર કરવાની દિશામાં ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનું અભિયાન પુરજોશમાં આગળ વધી રહ્યું છે ત્યારે તેમણે દેશના ખેડૂતોની આવક બમણી કરવા માટે પ્રાકૃતિક ખેતીને એક ઉત્તમ માર્ગ ગણાવ્યો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ પ્રાકૃતિક કૃષિને જનઆંદોલન બનાવવા માટેની હાકલ નર્મદા જિલ્લાના પોઈચા ગામ ખાતેના નિલકંઠધામ-સ્વામિનારાયણ મંદિરથી કરવાની નેમ વ્યક્ત કરી હતી. ધર્મ સાથે લોકોના આત્માની શુદ્ધિનું કેન્દ્ર નિલકંઠધામ પ્રાકૃતિક ખેતીનું અનોખું કેન્દ્ર બને તેવો ઉલ્લેખ કરી કહ્યું હતું કે, પૂજ્ય કૈવલ્ય સ્વામીજી દ્વારા હજારો ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમનો લાભ લઈ પ્રાકૃતિક ખેતીને વ્યાપક પ્રમાણમાં અપનાવીને પ્રકૃતિ-પર્યાવરણ અને જમીનના સંરક્ષણમાં યોગદાન આપવા રાજ્યપાલએ અનુરોધ કર્યો હતો. રાજ્યપાલએ જણાવ્યું કે, પુરી પ્રાકૃતિક વિધિ અને પ્રમાણિકતાથી પ્રાકૃતિક કૃષિ કરવામાં આવે તો આ કૃષિ પધ્ધતિ ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. પ્રાકૃતિક કૃષિથી જમીન ફળદ્રુપ બને છે. જેનાથી જળ, જમીન અને પર્યાવરણની પણ રક્ષા થાય છે. પ્રાકૃતિક કૃષિથી દેશી ગાયનું જતન-સંવર્ધન થાય છે. આ પધ્ધતિમાં કૃષિમાં નહીવત ખર્ચ આવે છે. આમાં ઉત્પાદન પુરતું મળતું હોવાથી ખેડૂતો માટે આ પધ્ધતિ અત્યંત લાભદાયી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મા નર્મદાના કિનારે પોઈચા ધામની વિશેષતા, ભવ્યતા અને દિવ્યતા એટલી છે કે ૧૦ વર્ષમાં ૯ કરોડથી વધુ ભક્તો સંસ્થાની મુલાકાત લઈ ચુક્યા છે. રાજ્યપાલએ વધુમાં ઉમેર્યુ કે, અહીં વારંવાર આવવાનું મન થાય છે.

# ભાવનગર જિલ્લામાં 55 દીપડા વિચરણ કરી રહ્યા છે : ખેડૂતો-માલધારી માટે લાલબત્તી



ભાવનગર : જંગલ વિસ્તારોનું કદ ઘટતા જંગલી પશુઓનું માનવ વસ્તિમાં આવાગમન વધતુ જાય છે. અને ખાસ કરીને વાડી-ખેતરોમાં મજુરો અને ખેડૂતો ફફડી રહ્યા છે. જ્યારે માલધારીઓના માલઢોર પણ છાશવારે દીપડાનો કોળીયો પણ બની જાય છે. જેનાથી માલધારીઓ પણ નિયમીત છે. જ્યારે તાજેતરમાં સર્વેમાં ૫૫ દીપડા ભાવનગરમાં નોંધાયા છે અને પાંચ વર્ષના સરવૈયામાં ૧૧ માનવ હુમલા તથા ૨૭૮ના મારણ નોંધાવા પામ્યા છે.વન્ય શ્રૃષ્ટી પર માનવીય જીવોનું અનિક્રમણ દિવસેને દિવસે વધતુ જાય છે અને તેના પરિણામે જંગલ વિસ્તાર ઘટતો જાય છે. આ ઘટી રહેલા જંગલ વિસ્તારના કારણે જ પ્રાણીઓની સ્થળાંતર પ્રવૃત્તિ છેલ્લા પાંચ-દસ વર્ષમાં વધી છે. આ વન્ય પ્રાણીઓનું સંતુલન રાખવા પણ પ્રકૃતિએ અજબ-ગજબના ચોગઠા ગોઠવી જ રાખ્યા છે. જે સમય પ્રમાણે પોતાનું કામ કરી પ્રકૃતિ બેલેન્સ આપો આપ જાળવી રાખે છે.ભાવનગર જિલ્લાની જો વાત કરીએ તો નીલગાય અને જંગલી ભુંડને કંટ્રોલ કરવા વુલ્ફ અને દીપડાની જાતિની હાજરી જરૂરી છે અને જંગલ વિસ્તારમાં આ બેલેન્સની કાર્યવાહી આપોઆપ થઈ રહી છે. તાજેતરના હાથ ધરેલ સર્વેમાં નીલગાય અને ભુંડની હાજરી તમામ તાલુકામાં જોવા મળે છે. વર્ષ-૨૦૧૬માં ગુજરાતમાં ૧૩૯૫ દીપડા નોંધાયા હતા. જે વર્ષ ૨૦૨૩માં ૨૨૭૪ થયા છે. જ્યારે ભાવનગરમાં ૩૧ દીપડા હતા. જે ૫૫ને પાર આકડો વટાવી ગયો છે.

### વિક્રમ સંવત 2080ના નૂતન વર્ષે નવતર અભિગમ

# વૃદ્ધ - વડીલોને સ્નેહપૂર્વક ભોજન પીરસ્યું અને સાથે બેસી વાત્સલ્ય ભાવે ભોજન કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમના સરળ, સહજ અને સાલસ વ્યક્તિત્વથી સૌના ભુપેન્દ્ર પટેલ બની રહ્યા છે, અને જન - જનને તેમની સંવેદનશીલતાનો અવારનવાર અનુભવ થતો રહે છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેમની આ સંવેદનશીલતા સાથે વડીલ વાત્સલ્ય વંદનાનું વધુ એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે વિક્રમ સંવત ૨૦૮૦ના નૂતન વર્ષ પ્રારંભ દિવસે બપોરે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના અમદાવાદના વાડજ ખાતેના વાત્સલ્ય વૃદ્ધાશ્રમમાં નવતર અભિગમ અપનાવ્યો હતો. નૂતન વર્ષે મુખ્યમંત્રીએ વાત્સલ્ય વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ તમામ વડીલોને નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા અને તેમણે સ્નેહભાવે ભોજન પીરસી તમામ વડીલો સાથે બેસીને ભોજન લીધું હતું. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, દિવાળી અને નૂતન વર્ષનો તહેવાર વૃદ્ધ- વડીલો પણ ઉમંગ પૂર્વક ઉજવી શકે અને તેમના સંતાનો સહિત સૌને તેમના આશિર્વાદ પ્રાપ્ત થાય તેવા આશયથી આ સ્નેહ- ભોજન કાર્યક્રમ કરવામાં આવ્યો છે, જેનો અનેરો આનંદ છે તેમ તેમણે ઉમેર્યું. ત્યારબાદ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે તમામ વડીલોના આશીર્વાદ લીધા હતા અને ઉપસ્થિત તમામ પોલીસ કર્મીઓ, રેડ ક્રોસ સોસાયટીના ડોક્ટરો તેમજ મીડિયા કર્મીઓને પણ નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન અજય પટેલ, રેડ ક્રોસ સોસાયટી મેનેજિંગ કમિટીના સભ્ય ડો. અજય પટેલ, કોર્પોરેટર પ્રિતેશ મહેતા તેમજ વાત્સલ્ય વૃદ્ધાશ્રમ ના તમામ સિનિયર સિટીઝન તેમજ અનેક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદના જુદા જુદા વૃદ્ધાશ્રમના વડીલો પણ નૂતન વર્ષ દીપાવલીના પર્વમાં સહભાગી થઈને આ દિવસોમાં મિષ્ટાન સહિતનું ભોજન લઈ શકે તેવા ઉદાત ભાવથી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તરફથી વિવિધ ૧૪ જેટલા વૃદ્ધાશ્રમોમાં નૂતન વર્ષ દિન નિમિત્તે બપોરનું/સાંજનું ભોજન પણ આપવામાં આવશે.

**ભાવનગર મનપાના સફાઈ કર્મચારીનો મૃતદેહ બે દિવસ બાદ પરિવારે સ્વિકાર્યો |** ભાવનગર : ભાવનગર મહાપાલિકાના સફાઈ કર્મચારીનુ ગત શુક્રવારે સફાઈ કામગીરી દરમિયાન મોત નિપજયુ હતું. વળતર સહિતની કેટલીક માંગણી મૃતક કર્મચારીના પરિવારજનોએ કરી હતી અને મૃતદેહ ઉપાડવાનો ઈનકાર કર્યો હતો, જેના પગલે મૃતકના પરિવારજનોને બે દિવસથી સમજાવવામાં આવી રહ્યા હતાં. આજે રવિવારે મૃતકના પરિવારજનો માની ગયા હતા અને મૃતદેહ સ્વિકાર્યો હતો. મનપાએ વળતરનો ચેક મૃતક કર્મચારીના પરિવારજનોને આપ્યો હતો. શહેરના વાઘાવાડી રોડ પર આવેલ સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન રિસર્ચ ઇન્સ્ટિટયુટની કચેરીના પટ્ટાંગણમાં ગત શુક્રવારે ડ્રેનેજની સેપ્ટિક ટેન્કની કામગીરી દરમિયાન અન્ય કર્મચારીને બચાવવા જતા મનપાના ડ્રેનેજ વિભાગના સફાઈ કર્મચારી રાજેશભાઈ પરસોત્તમભાઈ વેગડ (ઉ.૪૫)નુ ગુંગળાય જતા મોત નિપજયુ હતુ, જેના પગલે અરેરાટી મચી જવા પામી હતી. મૃતક રાજેશભાઈના પરિવારજનોએ વળતર, સરકારી નોકરી સહિતની માંગણી કરી હતી અને આ માંગણી ના સ્વિકારાય ત્યાં સુધી મૃતદેહ સ્વિકારવાનો ઈનકાર કર્યો હતો. સ્વિકારાતા મૃતક કર્મચારીના પરિવારજનોએ મૃતદેહ સ્વિકાર્યો ના હતો.

**દિવાળી પર્વની રજાના પગલે મોટાભાગના એટીએમ ખાલી |** ભાવનગર : દિવાળી પર્વના પગલે શનિ-રવિની રજા બેંક અને સરકારી કચેરીઓમાં પડી ગઈ હતી તેથી બે દિવસ બેંકમાં તાળા જોવા મળ્યા હતાં. બેંક બંધ હોવાથી લોકોને રૂપીયા માટે એટીએમ પર આધાર રાખવો પડયો હતો. તહેવારોના દિવસોમાં લોકોને રૂપીયાની વધુ જરૂર હોય છે તેથી ઘણા લોકોએ એટીએમમાંથી રૂપીયા ઉપાડયા હતા, જેના પગલે મોટાભાગના એટીએમ ખાલી થઈ ગયા હોવાની ચર્ચા સાંભળવા મળી હતી. ભાવનગર શહેર અને જિલ્લાની બેંકોમાં બીજા શનિવારની રજા હતી તેમજ રવિવારે દિવાળી પર્વ આવતા બેંકોના કર્મચારીઓને રજાનુ નુકશાન ગયુ હોવાનુ ચર્ચાય રહ્યુ છે. બેંક કર્મચારીઓને તહેવારમાં બે દિવસની રજા મળતા કર્મચારીઓ ઉત્સાહમાં જોવા મળ્યા હતા પરંતુ બેકો બંધ હોવાથી લોકોને રૂપીયા માટે એટીએમ પર આધાર રાખવો પડયો હતો. કર્મચારીઓએ દિવાળી પર્વની ખરીદી માટે એટીએમમાંથી રૂપીયા ઉપાડયા હતાં. કેટલાક એટીએમમાં રૂપીયા ઉપાડવા કતાર જોવા મળી હતી. એટીએમમાં રૂપીયા ઉપાડવા માટે લોકોનો ધસારો રહેતા મોટાભાગના એટીએમ ખાલી થઈ ગયા હતા તેથી લોકોની દોડધામ વધી હતી. રૂપીયા ખાલી થઈ જતા કેટલાક એટીએમના મશીન જ બંધ કરી દેવામાં આવ્યા હોવાનુ લોકમુખે ચર્ચાય રહ્યુ હતું.

### EWS ક્વાટર્સ, સ્લમ ક્વાટર્સ વસાહતો, હાઉસિંગ કોલોનીઓ, પોલીસ સ્ટેશનો, પોલીસ હાઉસિંગ કોલોની આસપાસ

# અમદાવાદ શહેરમાં આવેલાં સરકારી રહેણાકો, કોર્ટ સંકુલની AMC દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી

ગાંધીનગર સંવાદદાતા

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગુજરાત સરકારના 'સ્વચ્છતા હી સેવા' થીમ હેઠળ શરૂ કરવામાં આવેલ 60 દિવસ સફાઈ ઝુંબેશ કાર્યક્રમોનાં સ્વચ્છતાના અભિયાનમાં તારીખ પ્રમાણે આપવામાં આવેલ શિડ્યુલ પ્રમાણે તા. 13થી 19 નવેમ્બર, 2023 દરમ્યાન દિવાળી નિમિત્તે ફટાકડાના કચરાનો નિકાલ, જાહેર રસ્તાઓની સફાઈ ઝુંબેશ અંતર્ગત તા. 14 નવેમ્બર, 2023ના રોજ શહેરના 7 ઝોનમાં આવેલા વિવિધ લોકેશનોની સફાઈ હાથ ધરવામાં આવી હતી. દીપાવલીના પર્વને અનુલક્ષીને શહેરમાં આવેલા મંદિરો, ધાર્મિક સ્થાનોનાં પરિસરોની સફાઈ કરવામાં આવી હતી અને ટેંકરો મારફતે ધોવડાવી પરિસરોને સ્વચ્છ કરવામાં આવ્યાં હતાં. શહેરના પૂર્વ ઝોનમાં નિકોલ ગામ મનમોહન રોડ, બળીયાકાકા ચાર રસ્તા, ન્યૂ કોટનથી સ્વસ્તિક, નવરંગ સર્કલ, RTO રોડ, CTM ચાર રસ્તા, મંથન રોડ, જાનીયાપીર સહિતના વિસ્તારોમાં 702 કલાકનું શ્રમદાન કરી 4.2 મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરના પશ્ચિમ વિસ્તારમાં CHC પાસે, IOC રોડ, અચેર સ્મશાન રોડ, ગાયત્રી મંદિર રોડ, શીખા રોડ, જમ્મુદીપથી મસ્ટર રોડ સુધી, શાસ્ત્રીનગર, સરદાર પટેલ નગર, રાણીપ ક્રોસ રોડથી વ્યાસવાડી, એમ.પી.ની ચાલી, આશ્રમ રોડ, સૌરભ ગાર્ડન, પાલડી ગામ, ગુપ્તાનગર પબ્લિક ટેપથી જી.બી. શાહ કોલેજ, શાહવાડી કેનાલ રોડ જેવા વિસ્તારોમાં 1253 કલાકનું શ્રમદાન કરી 17.84 મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરના ઉત્તર ઝોનમાં સરદારનગર સર્કલ બજાર રોડ, નરોડા ગણપતિ મંદિર, હીરાવાડી રોડ, માતૃછાયા પ્લોટ, આદર્શ મેદાન, અશોક મીલ રોડ, બદ્રીનારાયણ બસ સ્ટેન્ડ, મરઘાં ફાર્મ રોડ, બાપુનગર, પોટલિયા રોડ બાઈ રૂખી ચાલી વગેરે વિસ્તારોમાં 159 કલાકનું શ્રમદાન કરી 1.73 મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરના દક્ષિણ ઝોનમાં રામઘડિયા ઘોડાસર ગામ, વોટર ડીયર સપ્લાય, શાહવાડી પાણીની ટાંકી, ચેપી રોગ હોસ્પિટલ રોડ, જનતા સોસાયટી, મજૂર ગામ, જીરાફ સર્કલ, રામોલ રોડ, નીગમ પંપીગ સ્ટેશન 531 કલાકનું શ્રમદાન કરી 12.5 મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરના મધ્ય ઝોનમાં એમ.એલ.એ. ક્વાર્ટર્સ રોડ, ચોખાબજાર રોડ, કાલુપુર, મહારાણા પ્રતાપ સર્કલ, અંડરબ્રિજ, આર.સી. રોડ, ભદ્ર મંદિર ચોક, જમાલપુર વગેરે સ્થળોએ 71 કલાકનું શ્રમદાન કરી 0.69 મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરના ઉત્તર પશ્ચિમ ઝોનમાં સત્તાધાર, આર.સી. ટેકનીકલ રોડ, રન્ના પાર્ક રોડ, થલતેજ ગામ રોડ, મેમનગર, સરદાર ચોક વગેરે વિસ્તારોમાં 276 કલાકનું શ્રમદાન કરી 3.5 મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરના દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં 132 ફૂટ રિંગ રોડ, શાલપરા, મકરબા ગામ, દેના બેંક ગલી રોડ જેવા વિસ્તારોમાં 368 કલાકનું શ્રમદાન કરી 5 મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. આજના આ સફાઈ ઝુંબેશ કાર્યક્રમોમાં કુલ 3360 કલાકનું શ્રમદાન કરી, 45.46 મેટ્રિક ટન કચરાનું કલેકશન કરી તેનો આખરી નિકાલ કરવામાં આવ્યો હતો.

# રાજ્યપાલની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી દ્વારા અમરેલીના દુધાળામાં રાજ્યનાં પ્રથમ "જળ ઉત્સવ"નો પ્રારંભ કરાવ્યો.

ગાંધીનગર સંવાદદાતા


રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામ ખાતે, રાજ્યના પ્રથમ ૧૦ દિવસીય "જળ ઉત્સવ ૨૦૨૩"ને ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ પ્રેરક ઉદ્બોધન કરતાં કહ્યું હતું કે, આજે રાજ્ય માટે ખૂબ જ અગત્યનો દિવસ છે. રાજ્યનો પ્રથમ જળ ઉત્સવ દુધાળાની ધરતી પર ઉજવાઈ રહ્યો છે. જળ એ જ જીવન છે. જળ વગર ખેતીવાડી, પશુપંખી, જીવસૃષ્ટિ, સચરાચરની કલ્પના થઈ શકે નહીં. આગામી દિવસોમાં રાજ્યને પાણીની સમસ્યાથી મુક્ત કરવાનો મુખ્યમંત્રીનો સંકલ્પ છે. આ સંકલ્પ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ બીજા પ્રદેશની સરકારો માટે પણ પ્રેરણારૂપ બનશે. અમરેલીમાં થયેલા જળસંચયના ભગીરથ કાર્યને ટૂરિઝમ ક્ષેત્ર તરીકે વિકસાવવાનો વિચાર વ્યક્ત કરતાં રાજ્યપાલએ કહ્યું હતું કે, અહીં સરકારી ખરાબાની જમીન પરથી બાવળ દૂર કરીને વિવિધ વૃક્ષો ઉછેરીને જંગલને હર્યું ભર્યું બનાવવાનું કાર્ય કરી શકીએ. જેનાથી વરસાદ વધશે. સાથે પર્યાવરણ પણ સુધરશે. રાજ્યપાલએ કહ્યું હતું કે, વિકસિત રાજ્યની સંકલ્પના સાકાર કરવા ઔદ્યોગિક ક્રાંતિની ઝડપ વધારવામાં આવશે. તેનો આધાર વીજળી અને પાણી છે. તેના અભાવને કાયમ માટે રાજ્યમાંથી દૂર કરવામાં આવશે. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રમાં લગભગ બધાએ પાણીની તકલીફ જોઈ છે. પણ આજે ખારોપાટ વિસ્તારમાં ગાગડિયા નદીને પાણીથી ભરી દેવાઈ છે, તેવું સરસ આયોજન રાજ્ય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા થયું છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનનો સૌથી વધુ ફાયદો ગુજરાતને થયો છે. નરેન્દ્રભાઈ મુખ્યમંત્રી બન્યા પછી નર્મદાના પાણીનો એવો ઉપયોગ થયો છે કે, ગુજરાત હરિયાળું બન્યું છે. એ પછી રાજ્યમાં ૨૪ કલાક વીજળીની વ્યવસ્થા ઊભી કરી છે. સેવા અને સુશાસન નરેન્દ્રભાઈનો કાર્યમંત્ર રહ્યો છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

જો કે આ પ્રવાસ સામાન્ય રીતે ફાયદાકારક રહેશે. બપોરે ઉચ્ચ અધિકારી સાથેની ચર્ચાને કારણે કાયદાકીય પક્ષ નવો વળાંક લઈ શકે છે.



**વૃષભ (બ,વ,ઉ)**

આજે કાર્યક્ષેત્રમાં અધિકારી સાથે અથવા વ્યાવસાયિક ક્ષેત્રમાં બિઝનેસમેન સાથે તકરાર થઈ શકે છે. કાર્ય કુશળતાથી તમે દુશ્મનો પર જીત મેળવશો.



**મિથુન (ક,છ,ઘ)**

તમારા જીવનસાથીનો સહયોગ મળશે. વ્યાવસાયિક પ્રયત્નોથી સારું ફળ મળશે. નવા વ્યવસાયમાં આજે તમારા વિરોધીઓ પરાજિત થશે.



**કર્ક (ડ,હ)**

દિવસ સારો છે, યુવાનો કે જેમણે હાલમાં જ પોતાની કારકિર્દી શરૂ કરી છે, તેઓને આજે તેમની ઓફિસમાં તેમની પ્રતિભા દર્શાવવાની તક મળશે.



**સિંહ (મ,ટ)**

આજે રાજકીય કાર્યોમાં અડચણો આવશે. બપોરે કેટલાક નવા કામની રૂપરેખા બનાવવામાં આવશે. ધ્યાનમાં રાખો કે આજે મહેનતના પ્રમાણમાં બમણો લાભ મળશે.



**કન્યા (પ,ઠ,ણ)**

આજે તમારો અડધો દિવસ દાન કરવામાં ખર્ચ કરશો. બીજાને મદદ કરવામાં તમને જે આત્મ-સંતોષ મળે છે તેની તુલના અન્ય કોઈ આનંદ સાથે કરી શકાય નહીં.




**તુલા (ર,ત)**

નોકરી અથવા ધંધામાં નવી ટેક્નોલોજીની માહિતી તરફ આપની રુચિ વધશે. આવક અને ખર્ચની સ્થિતિ પણ સંતુલિત રહેશે.




**વૃશ્ચિક (ન,ય)**

આજે જીવનસાથી સાથે વૈચારિક મતભેદની સ્થિતિ બની શકે છે. કોઈપણ નિર્ણય લેતી વખતે ભાવનામાં વહેશો નહીં.




**ધન (ભ,ધ,ફ)**

આજે મિશ્ર ફળદાયી દિવસ છે, સમાજમાં એક સારી છબી બનાવવામાં આવશે. ચાલુ કાર્યમાં સાવચેત રહેવું. પ્રમોશન માટેની તકો મળશે.



**મકર (ખ,જ)**

આજે કોઈ નવી ડીલથી અચાનક ધન લાભ થશે. પત્ની અથવા કોઈ બાળકની તબિયત અચાનક બગડવાના કારણે ઘરમાં તણાવ થઈ શકે છે.



**કુંભ (ગ,શ,સ)**

આજે તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણ હળવું કરી શકશો. આજે ઘણાં દિવસોથી ચાલતી મનની બેચેની શાંત થઈ જશે.



**મીન (દ,ચ,ઝ,થ)**

કોઈ મોટી સફળતાનો આનંદ મળશે. હાથમાં મોટી રકમ મેળવવામાં સંતોષ રહેશે. બપોરે વિરોધીઓને જીતવાની પ્રબળ સંભાવના છે. નવા વર્ષમાં તમને નવી તકો મળી શકે છે.

### તાતા ટેક્નોલોજીસ લિમિટેડના રૂ.2ના પ્રત્યેકની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ.475થી રૂ.500 પર પ્રાઈસ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે

# તાતા ટેક્નોલોજીસ લિમિટેડનો આઈપીઓ 22 નવેમ્બર, 2023ના રોજ ખુલશે

અમદાવાદ | વૈશ્વિક એન્જિનિયરિંગ અને પ્રોડક્ટ ડેવલપમેન્ટ ડિજિટલ સર્વિસિસ કંપની તાતા ટેક્નોલોજીસ લિમિટેડ (“કંપની”) બુધવાર, નવેમ્બર 22, 2023ના રોજ તેના 6,08,50,278 સુધીના ઈક્વિટી શેર્સ (“ઓફર”)નો આઈપીઓ ખોલવાનો પ્રસ્તાવ મૂકે છે. બિડ/ઓફરની અંતિમ તારીખ શુક્રવાર, 24 નવેમ્બર, 2023 હશે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ બિડ/ઓફર ખોલવાની તારીખના એક કાર્યકારી દિવસ પહેલાની છે, એટલે કે મંગળવાર, નવેમ્બર 21, 2023. ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂ. 475 પ્રતિ ઈક્વિટી શેરથી રૂ. 500 પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા 30 ઈક્વિટી શેર અને ત્યારબાદ 30 ઈક્વિટી શેરના ગુણાંક માટે કરી શકાય છે. કંપનીના આઈપીઓમાં રોકડ માટે 6,08,50,278



ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. ઓફરમાં (એ) તાતા મોટર્સ લિમિટેડ દ્વારા 4,62,75,000 સુધીના ઈક્વિટી શેરનું વેચાણ, (બી) આલ્ફા ટીસી હોલ્ડિંગ્સ પીટીઈ લિમિટેડ દ્વારા 97,16,853 ઈક્વિટી શેર્સનું વેચાણ અને (સી) તાતા કેપિટલ ગ્રોથ ફંડ 1 દ્વારા 48,58,425 ઈક્વિટી શેર્સનું વેચાણ સમાવિષ્ટ છે. આ ઓફર સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) નિયમો, 1957ના નિયમ 19(2)(બી)ની શરતોમાં કરવામાં આવી રહી છે, જે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (મૂડી અને જાહેરાતની આવશ્યકતાઓનો મુદ્દો) રેગ્યુલેશન્સ, 2018 (“સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ”)ના નિયમન 31 સાથે સુધારેલ અને વાંચવામાં આવી છે. આ ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશનના રેગ્યુલેશન 6(1) અનુસાર અને બુક બિલ્ડીંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહી છે જેમાં નેટ ઓફરના 50%થી વધુ લાયકાત ધરાવતા સંસ્થાકીય ખરીદદારો (“ક્યુઆઈબી” અને આવો ભાગ, “QIB ભાગ”)ને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે નહીં.” કંપની, બુક રનિંગ લીડ મેનેજર્સ સાથે પરામર્શ કરીને, સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ (“એન્કર ઈન્વેસ્ટર પોર્શન”) અનુસાર વિવેકાધીન ધોરણે એન્કર ઈન્વેસ્ટર્સને ક્યુઆઈબી ભાગના 60% સુધી ફાળવી શકે છે, જેમાંથી ઓછામાં ઓછો એક તૃત્યાંશ ભાગ માત્ર સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ તરફથી એન્કર ઈન્વેસ્ટર ફાળવણી કિંમત અથવા તેનાથી ઉપરની માન્ય બિડ્સ પ્રાપ્ત થવાને આધીન રહેશે.

### કેન્દ્ર અને રાજ્ય સરકારના સરકારી કર્મચારીની ઓલ્ડ પેન્શન યોજના ફરી લાગૂ કરવાની માંગ

## RBIએ રાજ્યોને લઈને હેન્ડબુક ઑફ સ્ટેટિસ્ટિક્સ જાહેર કરી

# 2004-05 બાદ રાજ્યો પર પેન્શનનો ભાર 1140% વધ્યો, 2022-23માં 4.63 લાખ કરોડનું રહ્યું દેવું

નવી દિલ્હી | એક તરફ દેશભરમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના સરકારી કર્મચારી ઓલ્ડ પેન્શન યોજના ફરી લાગૂ કરવાની માંગ કરી રહ્યા છે. આ કર્મચારી NPSનો વિરોધ કરી રહ્યા છે. ત્યારે, બેકિંગ સેક્ટરની રેગ્યૂલેટર ભારતીય રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ 2022-23 માટે રાજ્યોને લઈને હેન્ડબુક ઑફ સ્ટેટિસ્ટિક્સ (Handbook of Statistics on Indian States, 2022-23) જાહેર કરી છે, જેમાં તમામ સેક્ટરને લઈને રાજ્યોની નાણાકીય પરિસ્થિતિને દર્શાવવામાં આવી છે. આ હેન્ડબુકમાં રાજ્યોના પેન્શન દેવાને લઈને પણ ડેટા જાહેર કરાયો છે.

RBI તરફથી જાહેર કરાયેલા ડેટા અનુસાર, નાણાકીય વર્ષ 2004-05માં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો પર પેન્શનનો ભાર 37,378 કરોડ રૂપિયા હતો. જે 10 વર્ષમાં અંદાજિત 4 ગણો એટલે કે 400 ટકાના ઉછાળા સાથે 2014-15માં વધીને 1,83,499 કરોડ રૂપિયા પર પહોંચ્યો. તેના પછીના 9 વર્ષ 2022-23માં પેન્શનનો ભાર 152 ટકા એટલે દોઢ ગણો વધીને 4,63,437 કરોડ રૂપિયા થઈ ગયો છે. એટલે આ સમય દરમિયાન પેન્શન દેવું 4.26 લાખ કરોડ રૂપિયા એટલે 11



ગણાથી વધુ 1140 ટકાનો ઉછાળો જોવા મળ્યો છે.

આ આંકડાથી સ્પષ્ટ થાય છે કે, રાજ્યોના રાજસ્વનો મોટો ભાગ પેન્શન પર ખર્ચ થાય છે. આ પહેલા RBIએ પોતાના બુલેટિનમાં ઓલ્ડ પેન્શન સ્કીનને અપનાવવા પર ચેતવણી આપતા કહ્યું હતું કે, NPSની સરખામણીમાં OPSને લાગૂ કરવાથી 4.5 ગણુ નાણાકીય બોજ વધશે. કેટલાક રાજ્યો અને કેન્દ્રીય કર્મચારી ઓલ્ડ પેન્શન યોજનાને ફરી લાગૂ કરવાની માંગ કરતા રહે છે. કોંગ્રેસ શાસિત રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ સરકારમાં જૂની પેન્શન યોજનાને પોતાના રાજ્યોમાં ફરીથી લાગૂ કરી દેવાઈ છે. કોંગ્રેસે તો મધ્યપ્રદેશમાં સરકાર બનવા પર ઓલ્ડ પેન્શન યોજનાને લાગૂ કરવાનું વચન પણ આપ્યું છે. પંજાબની આમ આદમી પાર્ટીની સરકારે પણ પોતાના રાજ્યોમાં OPSને લાગૂ કરી દીધું છે. આવનારી લોકસભા ચૂંટણીમાં આ મોટો મુદ્દો બની શકે છે, તો કેન્દ્ર સરકારે પણ નાણા સચિવની અધ્યક્ષતામાં NPSના રિવ્યૂ માટે કમિટીની રચના કરી દીધી છે. કમિટી અલગ અલગ સ્ટેકહોલ્ડર્સની સાથે ચર્ચા કરી રહી છે. નાણા મંત્રાલયે ગત દિવસોમાં જણાવ્યું છે કે, કમિટી હાલ કોઈ પણ ઉકેલ સુધી પહોંચી નથી. પરંતુ તેનાથી સાબિત થાય છે કે, કેટલાક રાજ્યોમાં ઓલ્ડ પેન્શન યોજનાને લાગૂ કર્યા બાદ કેન્દ્ર સરકાર પ્રેશરમાં છે. દિલ્હીના રામલીલા મેદાનમાં અલગ અલગ રાજ્યોના સરકારી કર્મચારીઓએ ઓલ્ડ પેન્શન યોજના ફરી લાગૂ કરવાની માંગને લઈને વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું.

### વિટામીન D, B12, B6 થી સમૃદ્ધ ચાનો દરરોજનો કપ

# દેશની અગ્રણી કંપની તાતા ટીએ તાતા ટી ગોલ્ડ વિટા-કેર લોન્ચ કરી

અમદાવાદ | વિપુલ પ્રમાણમાં સૂર્યપ્રકાશ હોવા છતાં, ભારતમાં વિટામિન ડીની ઉણપ એ જાહેર આરોગ્યની સમસ્યા છે. વ્યસ્ત શહેરી જીવનશૈલીના લીધે મોટાભાગના ગ્રાહકો ઘરની અંદર રહેવા મજબૂર બને છે, તેમને વિટામિન ડીથી વંચિત રાખે છે જેના લીધે વિવિધ આરોગ્યની સમસ્યાઓ ઊભી થાય છે. તમારા દૈનિક આવશ્યક વિટામિનના સેવનનો ભાગ મેળવવા માટે રોજિંદા અનુકૂળ વિકલ્પ પ્રદાન કરવા માટે, દેશની અગ્રણી ચા બ્રાન્ડ તાતા ટીએ તાતા ટી ગોલ્ડ વિટા-કેર રજૂ કરી છે, જે આવશ્યક વિટામિન D, B12, B6 અને B9 સાથે સમૃદ્ધ ચા છે.

તાતા ટી ગોલ્ડ વિટા કેરના બે કપ 4 આવશ્યક વિટામિન્સના દૈનિક વિટામિનના સેવનના 30% એક અનિવાર્ય સ્વાદ સાથે પૂરા પાડે છે અને તે પણ હવે તમારા રોજિંદા ચાના કપમાં. તાતા ટી ગોલ્ડ વિટા-કેરના લોન્ચિંગ વિશે વાત કરતા તાતા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સના પ્રેસિડેન્ટ - પેકેજ્ડ બેવરેજીસ, ઈન્ડિયા એન્ડ સાઉથ એશિયા,




પુનિત દાસે જણાવ્યું હતું કે, “તાતા ટી ગોલ્ડ વિટા-કેરની રજૂઆત ગ્રાહક અનુભવને વધારવા અને તેમની સુખાકારી સંબંધિત અધૂરી જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટેની અમારી પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરે છે. દેખીતી રીતે તંદુરસ્ત વસ્તીનો નોંધપાત્ર હિસ્સો થાક, ચયાપચય અને એકાગ્રતા સંબંધિત ચિંતાઓ અને લાંબા સમય સુધી ઘરનીઅંદર રહેવા જેવી સમસ્યાઓ સાથે ઝઝૂમી રહ્યો છે

# ક્રૂડ ઓઈલ થશે સસ્તું! : રશિયા બાદ વેનેઝુએલા ભારતનો સહાયક, ક્રૂડ ઓઈલનું બિલ ઘટાડવા કરશે મદદ

મુંબઈ | ક્રૂડ ઓઈલની વધતી કિંમતો વચ્ચે ભારત માટે એક સારા સમાચાર આવ્યા છે. છેલ્લા દોઢ વર્ષથી ભારતને રશિયા તરફથી ઘણી મદદ મળી રહી હતી અને ડિસ્કાઉન્ટમાં મળતું સસ્તું ક્રૂડ ઓઈલ આયાત બિલ ઓછું રાખવામાં મદદ કરી રહ્યું હતું. હવે ભારત માટે સસ્તા ક્રૂડ ઓઈલનો વધુ એક સ્ત્રોત તૈયાર થઈ રહ્યો છે.

રશિયા બાદ હવે ભારત વેનેઝુએલામાંથી સસ્તા ભાવે ક્રૂડ ઓઈલ મેળવી શકશે. આ માટેનો માર્ગ અમેરિકાની નીતિઓમાં થયેલા તાજેતરના ફેરફારથી ખુલી ગયો છે, જેના આર્થિક પ્રતિબંધોને કારણે વેનેઝુએલા પોતાનું ક્રૂડ ઓઈલ વેચી શક્યું ન હતું. તમને જણાવી દઈએ કે અત્યાર સુધી શોધાયેલા તેલના ભંડાર મુજબ વેનેઝુએલામાં વિશ્વમાં સૌથી વધુ તેલનો ભંડાર છે.

જો કે, સૌથી વધુ તેલ ભંડાર હોવા છતાં, વેનેઝુએલાની સ્થિતિ સારી નથી. વેનેઝુએલા તે દેશોમાં સામેલ છે જ્યાં મોંઘવારી હાલમાં વિશ્વમાં સૌથી વધુ છે. કથળતી અર્થવ્યવસ્થાને કારણે દેશ લાંબા સમયથી રાજકીય અસ્થિરતામાંથી પસાર થઈ રહ્યો છે. વેનેઝુએલાના આર્થિક સંકટ માટે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો જવાબદાર હતા, જેના કારણે વેનેઝુએલા તેનું ક્રૂડ ઓઈલ વેચી શક્યું ન હતું. હવે જ્યારે અમેરિકાએ તેની નીતિઓને ઉદાર બનાવી છે, ત્યારે વેનેઝુએલા માટે આંતરરાષ્ટ્રીય બજારમાં ફરી પ્રવેશવાનો માર્ગ ખુલ્લો છે. બે અઠવાડિયા પહેલા ભારતે સ્પષ્ટ સંકેત આપ્યો હતો કે તેને વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવામાં કોઈ વાંધો નથી. ભારત કાચા તેલની દ્રષ્ટિએ આયાત પર નિર્ભર દેશ છે. તેની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે ભારતે અન્ય દેશો પાસેથી 80 ટકાથી વધુ ક્રૂડ ઓઈલ ખરીદવું પડે છે. આ જ કારણ છે કે ભારત વિશ્વમાં ક્રૂડ ઓઈલનો ત્રીજો સૌથી મોટો આયાતકાર દેશ છે.

ગયા વર્ષે યુક્રેન પર રશિયાના હુમલા બાદ અમેરિકા અને સહયોગી દેશોએ રશિયા પર ઘણા આર્થિક પ્રતિબંધો લગાવ્યા હતા. જે બાદ રશિયાએ ડિસ્કાઉન્ટ પર ક્રૂડ ઓઈલ આપવાનું શરૂ કર્યું. ત્યારથી ભારત રશિયા પાસેથી સતત સસ્તા ક્રૂડ ઓઈલની ખરીદી કરી રહ્યું છે. સમાચારો સૂચવે છે કે વેનેઝુએલન ક્રૂડ ઓઈલ ભારત માટે સસ્તું થઈ શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે વેનેઝુએલા રશિયાની સરખામણીમાં 10 ટકા વધારાનું ડિસ્કાઉન્ટ આપી શકે છે.

આનો સ્પષ્ટ અર્થ એ છે કે ભારતને આગામી મહિનાઓમાં તેના ક્રૂડ ઓઈલ આયાત બિલને વધુ ઘટાડવામાં મદદ મળી શકે છે. ભારતીય રિફાઈનર કંપનીઓએ વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ દિવસોમાં વેનેઝુએલાની રાજધાની કારાકાસની લક્ઝરી હોટલોમાં તેની ગતિવિધિ વધી છે. મોટી સંખ્યામાં મુલાકાતીઓ ભારતીય તેલ કંપનીઓના અધિકારીઓ છે.

### સેબી સહારા ગ્રુપ સામે કેસ ચાલુ રાખશે

# સુબ્રત રોયના મૃત્યુ બાદ સેબીના અધ્યક્ષે કહ્યું- વ્યક્તિ જીવિત હોય કે નહીં પરંતુ કેસ ચાલતો રહેશે



નવી દિલ્હી | સહારા ગ્રૂપના સ્થાપક સુબ્રત રોયના મૃત્યુ પછી પણ સેબી સહારા ગ્રૂપ સામે કેસ ચાલુ રાખશે. સેબીના ચેરપર્સન માધવી પુરી બૂચે એક કાર્યક્રમમાં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે સેબી માટે આ કેસ એક એન્ટિટીના મેનેજમેન્ટનો છે અને તે ચાલુ રહેશે પછી ભલે કોઈ વ્યક્તિ જીવિત હોય કે ન હોય.

બિઝનેસમેન સુબ્રત રોયનું 14 નવેમ્બર 2023ના રોજ કાર્ડિયોરેસ્પિરેટરી અરેસ્ટને કારણે અવસાન થયું હતું. તેમને 12 નવેમ્બરથી કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સુબ્રત મેટાસ્ટેટિક સ્ટ્રોક, હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસથી પીડિત હતા.

સુબ્રત રોય પર આરોપ હતો કે તેઓ નિયમો વિરુદ્ધ તેમની બે કંપનીઓમાં લોકોના નાણાનું રોકાણ કરે છે. આ માટે તેમને જેલ પણ જવું પડ્યું હતું. 28 ફેબ્રુઆરી 2014ના રોજ સુપ્રીમ કોર્ટે સુબ્રત રોયને રોકાણકારોને 24,400 કરોડ રૂપિયા પરત કરવા કહ્યું હતું. ત્યારથી લઈને આજ સુધી આ કેસ ચાલી રહ્યો છે. ઘણા વર્ષોથી લોકોના પૈસા ન ચૂકવવા બદલ સહારા ઈન્ડિયા વિરુદ્ધ પટના હાઈકોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. લોકોએ આ પૈસા કંપનીની ઘણી સ્કીમમાં રોક્યા હતા. આ કેસમાં સુપ્રીમ કોર્ટે પટના હાઈકોર્ટના ધરપકડના આદેશ પર રોક લગાવી દીધી હતી.

સુબ્રત રોય સામે પણ આવો જ કેસ સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે. તે જામીન પર બહાર હતા. તે જ સમયે, રોકાણકારોના પૈસા પરત કરવા અંગે, સહારા ઈન્ડિયાનો દાવો છે કે તેમણે સેબીમાં આખી રકમ જમા કરી દીધી છે.

- આ કેસ સહારા ઈન્ડિયા રિયલ એસ્ટેટ કોર્પોરેશન લિમિટેડ અને સહારા હાઉસિંગ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન લિમિટેડ સાથે સંબંધિત છે.
- 30 સપ્ટેમ્બર, 2009ના રોજ, સહારા ગ્રૂપની કંપની પ્રાઈમ સિટીએ આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કરી હતી.
- DRHP વિશ્લેષણમાં, SEBIને રિયલ એસ્ટેટ અને હાઉસિંગ કંપનીઓની ભંડોળ એકત્ર કરવાની પ્રક્રિયામાં ખામીઓ જોવા મળી હતી.
- 25 ડિસેમ્બર, 2009 અને જાન્યુઆરી 2010ના રોજ, સેબીને ફરિયાદો મળી હતી કે બંને કંપનીઓ OFCDS પાસેથી નાણાં એકત્ર કરી રહી છે.

# કોમર્શિયલ સિલિન્ડર થયો સસ્તો, ઘરેલું સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર નહીં

નવી દિલ્હી | છઠના તહેવાર પહેલા LPG સિલિન્ડરને લઈને એક મોટા સારા સમાચાર મળ્યા છે. હકીકતમાં સરકારી તેલ કંપનીઓએ ગુરુવાર 16 નવેમ્બરથી દિલ્હી સહિત 4 મહાનગરોમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં મોટો ઘટાડો કર્યો છે. આ ઘટાડો રૂ. 57.50 સુધીનો છે. આ LPG સિલિન્ડરનું વજન 19 કિલો છે. આ LPG સિલિન્ડરનો ઉપયોગ હોટલ, રેસ્ટોરન્ટ વગેરેમાં થાય છે. ગેસ કંપનીઓએ કોમર્શિયલ ગેસના ભાવની સમીક્ષા કરીને ઘટાડો કર્યો છે. નવેમ્બરમાં આ બીજી વખત છે જ્યારે કંપનીએ તેની સમીક્ષા કરતી વખતે સિલિન્ડરની કિંમતમાં 57 રૂપિયાનો ઘટાડો કર્યો છે.આ ફેરફાર બાદ જયપુરમાં આજથી 19 કિલોનો કોમર્શિયલ ગેસ સિલિન્ડર 1798.50 રૂપિયામાં ઉપલબ્ધ થશે. એલપીજી ગેસ ડિસ્ટ્રિબ્યુટર્સ એસોસિયેશન રાજસ્થાનના રાજ્ય પ્રમુખ દીપક ગેહલોતે જણાવ્યું હતું કે અગાઉ કંપનીએ 1 નવેમ્બરે તેની સમીક્ષા કર્યા બાદ કિંમતોમાં 101 રૂપિયાનો વધારો કર્યો હતો.

આ વખતે કંપનીએ 15 નવેમ્બરની સાંજે તેની સમીક્ષા કર્યા બાદ કિંમતોમાં ઘટાડો કર્યો છે. આ સમીક્ષા બાદ આજથી કોમર્શિયલ ગેસ સિલિન્ડર 1857.50 રૂપિયાના બદલે 1798.50 રૂપિયામાં મળશે. જોકે, આ સમીક્ષામાં ઘરેલુ ઉપયોગના સિલિન્ડરની કિંમતોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આજે પણ ઘરેલુ ઉપયોગ માટેનું 14.2 કિલોનું સિલિન્ડર માત્ર 906.50 રૂપિયામાં બજારમાં ઉપલબ્ધ છે.



રાજસ્થાનમાં ત્રણ તેલ અને ગેસ કંપનીઓના 1 કરોડ 75 લાખ 48 હજારથી વધુ ગ્રાહકો છે.ઓગસ્ટમાં કેન્દ્ર સરકારે પોતાના સ્તરે ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં 200 રૂપિયાનો ઘટાડો કરવાની જાહેરાત કરી હતી.

સપ્ટેમ્બર મહિનામાં સરકારે કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં પણ ઘટાડો કર્યો હતો. નવેમ્બર મહિનાની શરૂઆતમાં માર્કેટમાં 19 કિલોનો ગેસ સિલિન્ડર 1878 રૂપિયાના બદલે 1762.50 રૂપિયામાં મળતો હતો.

# અદાણી એનર્જી સોલ્યુશન્સની ઉત્કૃષ્ટ ESG ગ્લોબલ-રેટિંગ્સ સાથે સસ્ટેનેબલ ક્ષેત્રમાં આગેકૂચ

અમદાવાદ | વૈવિધ્યસભર વૈશ્વિક અદાણી પોર્ટફોલિયોના એક અંગ અને ભારતમાં ખાનગી ક્ષેત્રે પાવર ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશનની સૌથી મોટી અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. એ પર્યાવરણ સંબંધી ESG અતર્ગત ધારાધોરણના અમલીકરણ માટે ટોચનું રેટિંગ ધરાવતી કંપનીઓમાં ટોચનું સ્થાન મેળવવાની દીશામાં હરણફાળ ભરી રહી છે. વધી રહેલા એનર્જી સોલ્યુશન્સ પોર્ટફોલિયો સાથે કંપનીએ વિવિધ થર્ડ-પાર્ટી કંપનીઓ દ્વારા કરવામાં આવેલી આકારણીમાં ચાલુ નાણાકીય વર્ષ ના જુલાઈ-સપ્ટેમ્બર સુધીના બીજા ત્રિમાસિક ગાળા દરમિયાન ESG કામગીરીના રેટિંગ્સમાં નોંધપાત્ર સુધારો નોંધાવ્યો છે. અદાણી ટ્રાન્સમિશન લિ.માંથી તા.27 જુલાઈ, 2023ના રોજ અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડના નામે નામકરણ કરાયું હતું. કંપનીના વ્યૂહાત્મક પગલાં અને પર્યાવરણીય, સામાજિક અને સુશાસન (ESG) સિદ્ધાંતો પ્રત્યેની પ્રતિબદ્ધતાને અનુરૂપ ગ્લોબલ ESG રેટિંગ એજન્સી CSRHUB તરફથી કંપનીને 86% નો પ્રભાવશાળી સ્કોર મળ્યો છે. જે વૈશ્વિક સ્તરે મોખરાનું પ્રદર્શન છે.

# સપ્તાહના છેલ્લાં દિવસે શેરબજારમાં ઘટાડો: સેન્સેક્સ 140 પોઈન્ટ તૂટ્યો



મુંબઈ | આજે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે એટલે કે શુક્રવાર (17 નવેમ્બર)માં ઘટાડો જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ લગભગ 140 પોઈન્ટના ઘટાડા સાથે 65,850 પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ 30 પોઈન્ટનો ઘટાડો જોવા મળી રહ્યો છે, તે 19,730ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. સેન્સેક્સના 30 શેરોમાંથી 20માં વધારો અને 10માં ઘટાડો જોવા મળી રહ્યો છે.

જો એનએસઈના સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરીએ તો બેન્કિંગ સેક્ટરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. બેંક નિફ્ટી 0.83%, પ્રાઈવેટ બેંક 0.82% અને PSU બેંક સેક્ટર 2.4% ના ઘટાડા સાથે ટ્રેડ કરી રહ્યા છે. જ્યારે અન્ય ક્ષેત્રીય સૂચકાંકો ઝડપથી કારોબાર કરી રહ્યા છે. આ પહેલા ગઈકાલે એટલે કે 16મી નવેમ્બરે ઉછાળો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 306 પોઈન્ટના વધારા સાથે 65,982 પર બંધ રહ્યો હતો. નિફ્ટીમાં પણ 89 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો, તે 19,765ના સ્તરે બંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરમાંથી 22 શેરમાં વધારો અને 8 શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો.

### જો તમારે ડિસેમ્બર 2023માં બેન્ક સંબંધિત કામ પૂર્ણ કરવાના છે, તો આ બાબત જાણવા જોઈએ :AIBEAએ આવતા મહિને કેટલાક દિવસો સુધી બેંકોમાં હડતાળની જાહેરાત કરી છે...

# બેંક કર્મચારીઓ ડિસેમ્બર દરમિયાન 13 દિવસ હડતાળ પર, જાણો કારણ

નવી દિલ્હી | ડિસેમ્બર મહિનામાં હડતાલના કારણે બેન્કના કામ ઘણા દિવસ માટે બંધ રહી શકે છે. ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પ્લોઇ એસોસિએશન (AIBEA) દ્વારા આ બાબત પર નોટીફીકેશન બહાર પાડવામાં આવી છે. AIBEA દ્વારા ડિસેમ્બર 2023માં બેન્કોમાં અલગ અલગ તારીખો પર હડતાલ જાહેર કરવામાં આવી છે. પીટીઆઈ મુજબ આ હડતાલ 4 ડિસેમ્બરથી 11 ડિસેમ્બર સુધી ચાલશે. જોઈએ કે બેન્કો હડતાલના કારણે ક્યાં ક્યાં દિવસે બંધ રહેશે. બેન્કમાં હડતાળનું મુખ્ય કારણ બેન્કમાં પૂરતા સ્ટાફની માંગ છે. આ ઉપરાંત બેંકિંગ સેક્ટરમાં આઉટસોર્સિંગ પર પ્રતિબંધ મૂકીને કાયમી નોકરીઓની સંખ્યા વધારવા જેવી માંગનો પણ સમાવેશ થાય છે. આ બાબતે માહિતી આપતાં, AIBEAના જનરલ સેક્રેટરી, C.H. વેંકટચલમે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં બેંકોમાં નીચલા સ્તરે આઉટસોર્સિંગની સંખ્યામાં વધારો થયો છે. આવી સ્થિતિમાં હંગામી કર્મચારીઓની સંખ્યામાં વધારો થવાથી ગ્રાહકોની અંગત માહિતી પણ જોખમમાં છે.

- ડિસેમ્બર 2023માં દિવસોમાં બેંકોમાં હડતાળ રહેશે.
- 4 ડિસેમ્બર, 2023- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેંક અને પંજાબ એન્ડ સિંધ બેંકમાં હડતાળ.
- 5 ડિસેમ્બર, 2023- બેંક ઓફ બરોડા અને બેંક ઓફ ઈન્ડિયામાં હડતાળ રહેશે.
- 6 ડિસેમ્બર, 2023- કેનેરા બેંક અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં હડતાળ રહેશે.
- 7 ડિસેમ્બર, 2023- ઈન્ડિયન બેંક અને યુકો બેંકમાં હડતાળ રહેશે.
- 8 ડિસેમ્બર, 2023- યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને બેંક ઓફ મહારાષ્ટ્રમાં હડતાળ પડશે.
- 9 અને 10 ડિસેમ્બર, 2023- બેંકોમાં શનિવાર અને રવિવારની સાપ્તાહિક રજા.

11 ડિસેમ્બર, 2023- ખાનગી બેંકોમાં હડતાળ રહેશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2079, કારતક સુદ-05

# નાનકડી રાહત

ઇઝરાયલ અને હમાસ વચ્ચે જંગનું મેદાન બનેલ ગાઝાના લોકો માટે એ સમાચાર એક નાનકડી રાહત લઈને આવ્યા છે કે યુદ્ધમાં રોજ ચાર કલાકનો માનવીય વિરામ આપવા પર સહમતી બની ગઈ છે. જોકે જે યુદ્ધમાં થોડા દિવસોની અંદર દસ હજાર કરતાં વધુ પેલેસ્ટાઈનીઓ માર્યા ગયા હોય અને સિવિલિયન ઠેકાણાં પર પણ સતત બોમ્બ વર્ષા થઈ રહી હોય, ત્યાં આ ચાર કલાકના વિરામને પહેલી નજરમાં અપૂરતો જ કહી શકાય. જરૂરિયાત તો આ યુદ્ધને તાત્કાલિક ખતમ કરવાની છે, પરંતુ ઇઝરાયલ એવા કોઈ પ્રસ્તાવને હાલપૂરતો સ્વીકારવા તૈયાર નથી. એની પાસે તેનું વાજબી કારણ પણ છે કે હમાસ જ્યાં સુધી ઇઝરાયલી બંધકોને છોડે નહીં ત્યાં સુધી યુદ્ધવિરામની વાત કેવી રીતે થાય? તેમ છતાં હાલની પરિસ્થિતિમાં ગાઝાના કોઈ વિસ્તારમાં ચાર કલાકનો યુદ્ધ વિરામ જાહેર કરવા અને ઉત્તર ગાઝામાં બે માનવીય કોરિડોર ખોલવા પર થયેલ આ સહમતિને તમામ પક્ષ પોઝિટિવ રીતે જોઈ રહ્યા છે. કેટલાંય કારણોસર તેને મહત્ત્વ આપવામાં આવી રહી છે. મહત્ત્વનું એ છે કે દુશ્મન પક્ષને બરબાદ કરી દેવાના ઝનૂન વચ્ચે આ થોડો વિચાર કરવાની માનસિકતા માટે અવકાશ પેદા કરે છે. બીજી વાત એ કે એનાથી મોતના ખતરાથી ઘેરાયેલા પેલેસ્ટાઈની નાગરિકોને જાનમાલની રક્ષા માટે સુરક્ષિત વિસ્તારોમાં જવાનો મોકો મળશે. ત્રીજી વાત એ કે આ માનવીય કોરિડોરનો ઉપયોગ કરતાં ગાઝાના લોકો માટે જરૂરી માનવીય રાહત સામગ્રી પહોંચાડી શકાશે. ચોથી અને સૌથી મહત્ત્વની વાત એ છે કે તેનો ઉપયોગ બંધકોના છૂટકારાના હેતુને આગળ વધારવામાં પણ થઈ શકે છે. જોકે આ ચોથી અને આખરી સંભાવના સાથે કેટલાય કિંતુ-પરંતુ જોડાયેલા છે. બંધકોના છૂટકારાના પ્રયાસો સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે જો યુદ્ધ વિરામ અને માનવીય કોરિડોરનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો બંધકોને ગાઝામાંથી બહાર કાઢવા સંભવ થઈ શકે છે. એકવાર એ થઈ ગયું તો હવાઈ હુમલામાં તેમના અજાણતાં માર્યા જવાની આશંકા ઘટી જશે, તેઓ વધુ સુરક્ષિત રહેશે અને પછી તેમને છોડવા પર સહમતિ બનાવવી પણ અપેક્ષાકૃત આસાન રહેશે. ધ્યાન રહે, આ બંધકોમાં ૪૦ થી વધારે દેશોના નાગરિક છે. હમાસનો ખાતમો કરવા માટે ચલાવાઇ રહેલ ઇઝરાયલી અભિયાનને નિયંત્રિત કરવાની જરૂરિયાત પર હજુ ઘણા દેશો કશું કહી રહ્યા નથી, તેનું એક કારણ એ પણ છે કે તેઓ પહેલાં બંધક બનાવવામાં આવેલ પોતાના નાગરિકોના સુરક્ષિત છૂટકારાને સુનિશ્ચિત કરવા માંગે છે. આ દૃષ્ટિએ એમ માની શકાય કે યુદ્ધથી રાહતના જે સાંકેતિક પગલાં ભરવામાં આવ્યાં છે, તે આગળ જઈને આ યુદ્ધને ફેલાતું રોકવા અને પછી ધીમે ધીમે બંધ કરવામાં પણ મદદગાર સાબિત થઈ શકે છે. પરંતુ એવું ત્યારે જ થશે, જ્યારે તમામ સંબંધિત પક્ષો સંવેદનશીલતા અને સમજદારી દેખાડતાં આ પ્રસંગનો યોગ્ય ઉપયોગ કરશે કે કમ સે કમ એવું થવા દેશે.

# વર્ષો જુની પરંપરાગત ભાતીગળ મેળો ડાંગના ઉચ્ચ શિખર કંળબડુંગરે યોજાયો

સુશીલ પવાર : ડાંગ



ડાંગ જિલ્લામાં અનેક પ્રવાસન સ્થળો આવેલા છે પરંતુ ડાંગ જિલ્લાનું સૌથી ઉચ્ચ શિખરે બિરાજમાન સપ્ત માતાજી જે આદિવાસી સમાજ માટે આસ્થાનું પ્રતીક માનવામાં આવે છે, અને આજે પણ માતા હાજરાહજૂર પરચાઓ પૂરે છે અને ભક્તોની મનોકામના પૂર્ણ થાય છે, હિન્દૂ તહેવારમાં દિવાળીના પાવન અવસરે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ નવા વર્ષ નિમિત્તે લોક મેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભક્તો દર્શન માટે ઉમટી પડ્યા હતા. કંળબ ડુંગર ધાર્મિક સ્થળનું મહત્વ આદિવાસી રીતરિવાજ મુજબ ખૂબ મોટું માનવામાં આ આવે છે અને દૂર દૂર થી ભાવિક ભક્તોની મેદની ઉચ્ચ શિખર પર બિરાજમાન માતા ના દર્શને ઉમટી પડે છે જેમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, તેમજ નજીકમાં નવસારી, સુરત,વલસાડ,તાપી માંથી મોટી સંખ્યામાં આવતા હોય છે. ડાંગ જિલ્લામાં આવેલ આમસરવળન ગામ નજીક આહવા થી વઘઇ જતા માર્ગેના અંતરે આવ્યું છે , આસ્થાનું પ્રતિક કળબ ડુંગર ખાતે ચાલુ વર્ષે ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતુ દર વર્ષ ની જેમ મેળાનું તામમ સંચાલન ,પ્રવાસીઓની સગવડો અને સંચાલન કલમ ડુંગર દેવસ્થાન વિકાસ સમિતિ દ્વારા કરવામાં આવે છે . ડિજિટલ યુગમાં આજે યુવા વર્ગ પોતાના ડિજિટલ યુગમાં રાચતા હોય છે ત્યાં ડાંગ જિલ્લામાં આદિવાસી સમાજ આજે પણ સંસ્કૃતિને પોતાની સાથે ગાંઠ બાંધી રૂઢીંગત પરંપરા અને રિતીરીવાજોને જાળવી રાખી દિવાળી કહો કે અન્ય તહેવારોમાં અનોખી ઉજવણી કરવામાં આવે છે માટે જ મેળાનો ઉદ્દેશ્ય કે નવા વર્ષના મેળાની વિશેષતા છે કે લોકો એક બીજાને રૂબરૂ મળી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતા હોય છે.

# એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ 1000મી એલપીજી રેક લોડ કરીને વિક્રમ સર્જ્યો, ટકાઉ કામગીરી માટે પ્રતિબદ્ધતાને મજબૂત બનાવી

પીપાવાવ, તા. 17



એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે પોર્ટ પર 1000મી એલપીજી (લિક્વિડ પેટ્રોલિયમ ગેસ) રેક લોડ કરીને એક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. રેલ્વે દ્વારા એલપીજીનું સલામત અને ઝડપી સ્થળાંતર સુનિશ્ચિત કરવા માટે પોર્ટે એજીસ વોપેક ટર્મિનલ્સ લિમિટેડ (જે અગાઉ એજીસ લોજિસ્ટિક્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી) સાથે મળીને 2021માં એલપીજી રેલ કામગીરી શરૂ કરી હતી. પોર્ટની અંદર એલપીજી રેક માટે રેલ સાઈડિંગ્સ છે અને તે ભારતના કેટલાક પોર્ટ્સ પૈકીનું એક છે જે એક સમયે સમગ્ર રેકને સમાવી શકે છે. તમામ મુખ્ય પીએસયુ (આઈઓસીએલ, બીપીસીએલ અને એચપીસીએલ) પીપાવાવ પોર્ટ પર તેમની મોટાભાગની એલપીજી આયાતને કાર્યક્ષમ અને ઝડપી ખાલી કરવા માટે એલપીજી રેલ હેન્ડલિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાનો ઉપયોગ કરે છે. આ સિદ્ધિ અંગે એપીએમ ટર્મિનલ્સ પીપાવાવના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ગિરીશ અગ્રવાલે જણાવ્યું હતું કે, “અમારા પોર્ટ પર 1000મી એલપીજી રેક લોડ કરવી એ ગ્રાહકોને રેલ દ્વારા એલપીજી કાર્ગોની સીમલેસ અને સુરક્ષિત અવરજવર પૂરી પાડવાની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. સરકારની પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાને કારણે એલપીજીની મજબૂત માંગની કલ્પના કરવામાં આવી છે. રેલ મારફતે એલપીજીનો ઝડપી નિકાલ એલપીજીની આયાત કરતી કંપનીઓને સલામત અને પર્યાવરણને અનુકૂળ વિકલ્પ પ્રદાન કરશે. આ ઉપરાંત, અમે લિક્વિડ કાર્ગોની માંગમાં વધારાને પહોંચી વળવા માટે નવા લિક્વિડ બર્થમાં લગભગ 90 મિલિયન યુએસ ડોલરનું રોકાણ કરી રહ્યા છીએ.

# કોઠંબા મુકામે મહીસાગર પાટીદાર સેવા સમાજનો સ્નેહ મિલન સમારંભ યોજાયો

જગદીશ ત્રિવેદી : ખારોલ




લુણાવાડા તાલુકાના કોઠંબા મુકામે પાટીદાર સેવા સમાજ મહીસાગર આયોજિત તૃતીય સ્નેહ મિલન સમારંભ યોજાયો સમારંભના મોટીવેશનલ સ્પીકર ડોક્ટર અંકિતા મુલાણી ઉપસ્થિત રહ્યા હતા 11 ગોળ પાટીદાર સમાજના સહયોગથી કોઠંબા વિભાગ પાટીદાર સમાજ દ્વારા પ્રાથમિક કુમાર શાળા ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું સ્નેહ મિલન સમારંભમાં મહીસાગર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઝાલોદ પાટીદાર સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા પાટીદાર તરીકેનું ગૌરવ હોય તો પહેલા ભાઈ માટે ખપી જવાનું ઈતિહાસ લખવામાં નહીં ઈતિહાસ રચવામાં માનું છું સરદાર સાહેબ એવું જણાવતા ડોક્ટર અંકિતા મુલાની એ કહ્યું હતું કે મહીસાગર જિલ્લામાં ડોક્ટર, એન્જિનિયર, વકીલ, શિક્ષક નહીં બનતા ઉદ્યોગપતિ બનવા માટેની પાટીદાર સમાજના યુવાનોને હાકલ કરી હતી ઉપસ્થિત બહેનોની જણાવ્યું હતું કે દુનિયાની બે જ સ્ત્રી સુંદર દેખાય છે પહેલી પરિવાર, સંતાન, ઘરના મા-બાપને પ્રેમ આપી શકે એવી સુંદર લાગે કે જેને મેકઅપ ની જરૂર ના પડે અને બીજી એવી સ્ત્રી જેનું ચરિત્ર સુંદર હોય એક પણ ડાઘ લાગેલો ના હોય. પરિવારને સ્નેહ આપજો અને પામજો સાક્ષરતા એ આપણી ઓળખાણ છે તેવું જણાવ્યું હતું. સ્ત્રીને સન્માન અને માન આપતા નહીં શીખો ત્યાં સુધી તમે અધૂરા છો. અર્ધનારેશ્વર નું રૂપ ધારણ કર્યું હોય તેવા શંકર પણ નારી વિના અધૂરા હોય ત્યારે આપણે તો કંકર છીએ દ્રૌપદી આજે પણ જીવે છે પણ ક્યાંક તેનું વસ્ત્ર હરણ કરવા વાળા આપના પરિવારના જ મળ્યા છે ચરિત્ર હંમેશા સારું હતું અને સારું જ છે તેમ છતાં સ્ત્રી ગમે તેટલી આગળ વધી હોય અને પહોંચી ન શકાય તો તેના ચારિત્ર ઉપર ડાઘ લગાવનારા પણ આપણી જ છીએ ડોક્ટર અંકિતા મુલાણીએ રેતીવિવાદ સમાજ ઉપયોગી વાત કરી દીકરીઓને યુવાનોને શીખ આપી હતી.

## લોન્ડ્રીની કાળજીનું આગલું સ્તર: એલજીનું વૉશટાવર ભારતમાં લૉન્ચ થઈ ગયું છે

અમદાવાદ : ભારતની અગ્રણી કન્ઝ્યુમર ડ્યુરેબલ બ્રાન્ડ એલજી ઈલેક્ટ્રોનિક્સે આજે ભારતીય બજારમાં એલજી વૉશટાવરrના લૉન્ચની સત્તાવાર જાહેરાત કરી હતી. વૉશટાવર એ LGની આપણા કપડા ધોવાની રીતને ફરીથી વ્યાખ્યાયિત કરવાની પ્રતિબદ્ધતાનો પુરાવો છે, જે એક યુનિબોડી ડિઝાઇન પ્રદાન કરે છે જે હાર્ડવેર અને સોફ્ટવેર બંનેને એક સાથે જોડે છે, જે ભારતીય ઘરો માટે લોન્ડ્રી અનુભવને ફરીથી વ્યાખ્યાયિત કરવાનું વચન આપે છે. કોમ્પેક્ટ સાઇઝ (600 મીમી x 1655 મીમી x 660 મીમી) (W x H x D) માં ઉપલબ્ધ, એલજી વૉશટાવર વિવિધ પ્રકારની રહેવાની જગ્યાઓને અનુરૂપ એક આદર્શ ઉપાય રજૂ કરે છે. એલજી ઈન્ડિયાના એમડી, શ્રી હોંગ જુ જિઓન આ લૉન્ચ અંગે જણાવે છે કે, “એલજી વૉશટાવર લોન્ડ્રી સોલ્યુશન્સની દુનિયામાં એક નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. તે હાર્ડવેર અને સૉફ્ટવેરને એકસાથે જોડે છે, જે લોન્ડ્રીનો અનુભવ પૂરો પાડે છે જે માત્ર કાર્યક્ષમ જ નહીં, પરંતુ જગ્યાની બચત અને દેખાવમાં પણ આકર્ષક છે.

## તહેવારોની મોસમમાં અમદાવાદ મંડળે સ્ટેશનો ઉપર ભીડના નિયંત્રણ માટે કર્યા કેટલાક ઉપાય

અમદાવાદ : અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો ઉપર તહેવારોની મોસમની ભીડને અનુલક્ષીને અને પ્લેટફોર્મ્સ અને એફઓબી સહિત રેલવે સંકુલોમાં યાત્રીઓની ભીડને નિયંત્રીત કરવા માટે કેટલાક આગમચેતીના પગલાં લેવામાં આવ્યા છે અને આ સ્ટેશનો ઉપર ભીડ વ્યવસ્થાપનના યોગ્ય અમલીકરણ માટે કેટલીક વિસ્તૃત વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ તહેવારોની મોસમમાં યાત્રીઓની સુવિધા માટે અને યાત્રાની માંગ પૂરી કરવા માટે પશ્ચિમ રેલવે દ્વારા વિવિધ ગંતવ્યો માટે અમદાવાદ મંડળથી 15 ફેસ્ટિવલ ટ્રેનોની 45 ટ્રિપ્સ ચલાવવામાં આવી રહી છે. જેમાં નવેમ્બર 2023 માં અમદાવાદ-પટના, અમદાવાદ-ઓખા, અમદાવાદ-તિરૂચ્ચિરાપલ્લી, અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ, અમદાવાદ-આગરા કેન્ટ, ગાંધીધામ-બાન્દ્રા ટર્મિનસ, સાબરમતી-દાનાપુર, અમદાવાદ-સમસ્તીપુર, અમદાવાદ-પટના, સાબરમતી-દિલ્લી સરાય રોહિલ્લા, અમદાવાદ-કટિહાર, અમદાવાદ-સમસ્તીપુર, અમદાવાદ-દરભંગા અને અમદાવાદ-બરૌની સ્પેશિયલ ટ્રેન સામેલ છે.

## પ્રવેગ લિમિટેડે બીજા ત્રિમાસિક અને પ્રથમઅર્ધમાસિક પરિણામોની જાહેરાત કરી

અમદાવાદ : પ્રવેગ લિમિટેડ (BSE - 531637), ભારતની અગ્રણી પર્યાવરણ-પ્રત્યે ઉત્તરદાયી લક્ઝરી રિસોર્ટ કંપની, નાણાકીય વર્ષ 2023-24 (નાણાકીય વર્ષ બીજા ત્રિમાસિક)ના બીજા ત્રિમાસિક ગાળા માટે તેના અનઓડિટેડ નાણાકીય પરિણામોની જાણ કરી છે. તાજેતરના મુખ્ય વિકાસ: 1) 2 લક્ઝરી રિસોર્ટ એટલે કે ધોળાવીરા રિસોર્ટ, વ્હાઈટ રણ રિસોર્ટ અને ગુજરાતના અમદાવાદમાં 5 સ્ટાર હોટેલ પ્રવેગ્સ ગ્રાન્ડ યુલોજીયાની શરૂઆત, 2) અમારી વ્યાપાર અધિગ્રહણ વ્યૂહરચનાના ભાગરૂપે, યુલોજીયા ઈન પ્રાઈવેટ લિમિટેડ પ્રવેગ લિમિટેડ સાથે મર્જ થાય છે.3) મહારાષ્ટ્રના રાયગઢમાં કિહિમ, દમણના દમણગંગા ગાર્ડન કાચીગામ અને દીવના નાગોઆ બીચ ખાતે ટેન્ટ સિટી માટે ટેન્ટ સિટીના વિકાસ, કામગીરી અને સંચાલન અને વિકાસ માટેના વર્ક ઓર્ડરની પ્રાપ્તિ. વર્તમાન ત્રિમાસિકમાં મોસમી પરિબળોને કારણે માંગમાં ઘટાડો જોવા મળ્યો, જેના પરિણામે ગયા વર્ષના સમાન ત્રિમાસિકની સરખામણીમાં અમારી કુલ આવકમાં 15.29% ઘટાડો થયો.

# નર્મદા જિલ્લામાં વીજ લાઇનો પર કરંટ લાગવાની ઘટના ક્યારે અટકશે..? કેટલાનાં જીવ લેવાશે..? ઉઠ્યા સવાલ

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લામાં અવાર નવાર વીજ કરંટ લાગતા મૂંગા જાનવરો કે માનવી નાં મોત કે ઈજા ની ઘટના સામે આવે છે પરંતુ આવી ઘટના અટકતી જોવા મળતી નથી તો આ માટે જવાબદાર કોણ ગણાય અને આવી ઘટનાઓ ક્યારે અટકશે તેવા સવાલો ઉઠ્યા છે જેમાં હાલમાં વધુ એક ઘટના નાંદોદ તાલુકામાં બની છે જેમાં એક વ્યક્તિને કરંટ લગતા ગંભીર દાઝી ગયો છે

મળતી માહિતી અનુસાર નિલમબેન ચંદ્રસિંગભાઈ વસાવા,રહે.નામલગઢ તા.નાંદોદ જી.નર્મદા નાઓ એ પોલીસ માં જાણ કર્યા મુજબ તેમના પતિ ચંદ્રસિંગ ભીગજીભાઈ વસાવા ઉ.વ.૩ર રહે.નામલગઢ તા. નાંદોદ જી.નર્મદા નાઓ ગતરોજ બકરાનો ચારો કાપવા માટે લાઇટના થાંભાલા પાસે આવેલ ગોરસ આમલીની ડાળો કાપતા હતા તે વખતે ગોરસ આમલીની ડાળી ઈલેક્ટ્રીક વિજ થાંભલાના વીજ વાયર ને અડી જતા અચાનક કરંટ લાગતા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર માટે લઈ જવામાં આવ્યા હોય આમલેથા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ભાભર તાલુકાની પ્રેસ કલબની મીટીંગ યોજાઇ પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરવામાં આવી

સિદ્ધરાજ ઠાકોર : અસાણા



ભાભર તાલુકા ની મિડિયા પ્રેસ કલબ ની મીટીંગ યોજાઈ જેમાં પ્રમુખ ઉપપ્રમુખ તરીકે ની વરણી કરવામાં આવી પ્રમુખ તરીકે સિદ્ધરાજસિંહ કકલસિંહ રાઠોડ અને ઉપપ્રમુખ તરીકે જયંતિભાઈ ભુરાભાઈ ઠાકોર ની નિમણુક કરવામાં આવી હતી જેમાં ભાભર તાલુકાના સમસ્ત પ્રત્રકાર મિત્રો એ મોટી સંખ્યામાં હાજરી આપી હતી ભાભર ના પત્રકારો ની સર્વ સંમતિ થી પ્રમુખ ઉપપ્રમુખ ની નિમણુક કરવામાં આવી હતી આ પ્રસંગે બાબુભાઈ ચૌધરી. ગોપાલભાઈ પુજારા. શુનિલ ભાઈ ગોકલાણી. દેવરાજ ઠાકોર સિદ્ધરાજ ઠાકોર કિરણ ઠાકોર. નરેશ ઠાકોર સોમાભાઈ રાવલ. જી. ડી ગજ્જર. તેમજ નામી અનામી પત્રકાર મિત્રો એ હાજરી આપી હતી પ્રમુખ ઉપપ્રમુખ ને સાલ ઉઠાડી ફુલહાર પહેરાવી ને મો મીઠું કરી ને સન્માન કરવામાં આવ્યું હતું આ મીટીંગ સંગઠન ને મજબુત કરવાનું અને ભાઈ ચારા થી કામગીરી કરવા માટે ની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જાહેર માર્ગો પર સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી



વિશાલ જે હરવરા : જામનગર

સમગ્ર રાજ્યમાં અત્યારે ''સ્વચ્છતા હી સેવા અભિયાન'' માં બહોળી સંખ્યામાં નાગરિકો ભાગ લઈ રહ્યા છે. જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના જાહેર માર્ગોની સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં પદાધિકારીશ્રીઓ અને સ્થાનિક ગ્રામજનો જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, આગામી તા.18 નવેમ્બર સુધી સમગ્ર રાજ્યમાં દિવાળીના ફટાકડાના કચરાનો નિકાલ અને જાહેર માર્ગોની સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે.

## દિવાળી પર્વમાં રાજપીપળા એસટી ડેપો સ્ટાફનું MLA ડૉ.દર્શનાબેન દેશમુખે મીઠાઇ આપી મો મીઠું કરાવ્યું



ભરત શાહ - રાજપીપળા : નર્મદા જિલ્લામાં દિવાળી નો પર્વ ખુબ શાંતિ અને સલામતી સાથે મનાવાયો જેમાં અલગ અલગ રાજકીય આગેવાનો એ કે વહીવટી તંત્ર નાં અધિકારીઓ દ્વારા દિવાળી માં મીઠાઈ વિતરણ સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી જેમાં ખાસ કરીને જેઓ જરૂરિયાતમંદ કહેવાય તેવા જિલ્લાના એચઆઈવી પીડિતો ને નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ દ્વારા રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે મીઠાઈ અને ફરસાણ આપવામાં આવ્યું હતું ત્યારબાદ દિવાળી નાં દિવસે રાજપીપળા એસટી ડેપો નાં ફરજ પર હાજર તમામ કર્મચારીઓ ને ડૉ.દર્શનાબેન દેશમુખે મીઠાઈ આપી મો મીઠું કરાવી દિવાળી પર્વ માં પણ હાજર રહી મુસાફરો ની સેવા કરવા બદલ અભિનંદન આપ્યા હતા.આમ સાચાની કદર કરનારા આ મહિલા ધારાસભ્ય હંમેશા લોકો નાં દિલ જીતતા આવ્યા છે.

## જિલ્લાના સંવેદનશીલ 154 સ્થળોએ ડ્રોનના ઉપયોગ માટે પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરાયા

### ઓઇલ રિફાઇનરી, જી.એસ.એફ.સી, એરફોર્સ, આઇ.એન.એસ.વાલસુરા,આર્મી હેડકવાટર, સહિત રેડ ઝોનમાં 112 તથા યલો ઝોનમાં 42 સ્થળોનો સમાવેશ

વિશાલ જે હરવરા : જામનગર

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આતંરરાષ્ટ્રીય દરિયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે જામનગર જિલ્લાની હદમાં એશિયાની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી તથા જી.એસ. એફ.સી, એરફોર્સ, આઇ.એન. એસ. વાલસુરા, આર્મી, હેડકવાટર, એરફોર્સ સ્ટેશન સમાણા વગેરે જેવા અતિ-સંવેદનશીલ વાઈટલ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે.

જામનગર જિલ્લા વિસ્તારમાં આવેલ કુલ-૧૫૪ ક્રિટીકલ/ સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન, યલો ઝોન કે ગ્રીન ઝોનમાં વિભાજીત કરેલ છે જે પૈકી રેડ ઝોનમાં ૧૧૨ તથા યલો ઝોનમાં ૪૨ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે જે સ્થળોએ ડ્રોનના ઉપયોગ સંબધે અધિક કલેકટરશ્રી બી.એન.ખેર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરાયા છે.આ જાહેરનામું તા.08/01/2024 સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## જામનગર જિલ્લાના ખેડૂતો માટે પરપ્રાંતીય ખેત મજૂરોને કામ પર રાખતા પૂર્વે પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરાયા

વિશાલ જે હરવરા : જામનગર

પ્રવર્તમાન સમયમાં મોટા ભાગના ખેડૂતો પોતાની ખેતીવાડીમાં કામ માટે પરપ્રાંતીય ખેતમજૂરો/અન્ય જિલ્લાના લોકોની નિમણુંક કરે છે. આવા પરપ્રાંતીય ખેતમજૂરો જે જગ્યાઓ પર કામ કરે છે, ત્યાં તેઓ અવાર-નવાર આજુબાજુમાં રહેતા લોકોના ઘર અને ધંધાના સ્થળે ચોરી, લૂંટફાટ તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓ કરીને નાસી જાય છે. જેથી લોકોના જાન-માલ અને સંપત્તિ પર જોખમ તોળાઈ રહ્યું છે. આ પરપ્રાંતીય ખેતમજૂરોના માલિકો પાસે તેમના ટૂંકા નામ સિવાય કોઈ માહિતી ન હોવાથી ગુનેગારોને પકડવું ખુબ મુશ્કેલ બની જાય છે. જેથી શહેરમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને લોકોની જિંદગી-સલામતી જળવાઈ રહે તે જરૂરી જણાય છે. તેથી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી.એન.ખેર, જામનગર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવે છે કે, જામનગર જિલ્લામાં કોઈપણ ખેતી વાડીના માલિક પોતાના ખેતરમાં કામ માટે પરપ્રાંતીય મજૂરો, પરપ્રાંતીય ખેતમજૂરો તેમજ બીજા જિલ્લાના લોકોને કામ પર રાખતા પૂર્વે અત્રે દર્શાવેલા નમૂના મુજબના ફોર્મમાં જરૂરી વિગતો અને આધારો સંબંધિત પોલીસ સ્ટેશનને રૂબરૂમાં અથવા ટપાલથી મોકલી આપવાના રહેશે.

(1) ખેતી કામ માટે રાખેલ વ્યક્તિનું પૂરું નામ, સરનામું, ઉંમર અને ફોટો આઈ.ડી. પ્રૂફની નકલ.
(2) ખેતી કામ માટે રાખેલ વ્યક્તિનું હાલનું રહેણાંકનું સરનામું અને મોબાઈલ નંબર.
(3) તેની સાથે બીજા માણસો રહેતા હોય તો તેનું નામ-સરનામું.
(4) કોઈના મારફતે આવી વ્યક્તિને કામે રાખેલ હોય તો તેવા મધ્યસ્થીનું નામ-સરનામું.
(5) જો ખેતમજુરે અગાઉ કોઈ જગ્યાએ કામ કરેલ હોય તો તેના માલિકનું નામ-સરનામું.
(6) જે ખેતમજુર જેને ત્યાં કામ કરતા હોય તો તેના માલિકનું નામ-સરનામું.
(7) જે ખેતમજુરના સ્થાનિકમાં કોઈ ઓળખીતા વ્યક્તિ રહેતા હોય તો તેના નામ-સરનામાં અને મોબાઈલ નંબર.
(8) ખેતમજુરના વતનનું પૂરું સરનામું, પોલીસ સ્ટેશન અને વતનમાં રહેતા માતા-પિતા અને ભાઈ-બહેનની વિગતો.
(9) જો ખેતમજુર પરિણીત હોય તો તેના પતિ/પત્ની અને સસરાનું સરનામું.
(10) જે વ્યક્તિને કામ પર રાખેલ હોય તેની ઊંચાઈ, દેખાવનું વર્ણન, અભ્યાસ અને ઓળખી શકાય તેવી શારીરિક નિશાની.
(11) ખેતી કામ કરતા મજુરનો તાજેતરનો ફોટો-આ તમામ પૈકી શક્ય હોય તેટલી વિગતો ખેડૂતે જમા કરાવવાની રહેશે.

## સુરેન્દ્રનગર જિલ્લાની તમામ હોટેલમાં આવતાં ઉતારૂઓની ગ્રાહક/ઉતારૂલક્ષી માહિતી ઓનલાઇન "પથિક સોફ્ટવેર" માં નોંધાવવા કરાયો આદેશ

સુરેન્દ્રનગર, તા. 17

કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે હેતુથી સમગ્ર ગુજરાત રાજ્યમાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, બોર્ડીંગ હાઉસ, લોજ તથા જ્યાં લોકોને ભાડે અથવા ભાડા વગર ઉતારો આપવામાં આવતો હોય તેવી તમામ જગ્યાઓના માલિકો ઉપર નિયંત્રણ મુકવા અને જરૂરી રેકર્ડ ઉપલબ્ધ થઇ શકે તે માટે ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યની તમામ હોટેલમાં આવતા ઉતારૂઓની ઓનલાઇન માહિતી નોંધાવવા સારૂ ‘પથિક સોફ્ટવેર‘માં જણાવેલ ગ્રાહક ઉતારૂલક્ષી તમામ માહિતી ઓનલાઇન ‘પથિક સોફ્ટવેર‘માં નોંધવામાં આવે આ બાબતને અનુલક્ષીને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા દરખાસ્ત થઇ આવેલ છે. જેને ધ્યાને લઇ સુરેન્દ્રનગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ એક જાહેરનામુ બહાર પાડ્યું છે. હાલના પ્રવર્તમાન સંજોગો અને ગુપ્ત સંસ્થાઓનો વખતોવખત અહેવાલ અનુસાર રાષ્ટ્ર વિરોધી આતંકવાદી પ્રવૃતિ કરતાં નાપાક તત્વો બહારથી આવી જિલ્લામાં રોકાણ કરી આતંકવાદી પ્રવૃતિ કરી શકે છે. હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા આતંકવાદી બનાવો બનતા અટકાવવા તથા કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુ માટે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા શહેરમાં હાઈવે પર આવેલ શ્રી ચામુંડા માતાજીનું મંદિર-ચોટીલા, વણિન્દ્ર ધામ-પાટડી ઓ. એન જી સી પંપીંગ સ્ટેશન-દુધરેજ ઢાંકી પંપીંગ સ્ટેશન, ચોરણીયા પાવર સ્ટેશન વગેરે વાઇટલ ઈન્સ્ટોલેશન સેન્ટર ઉપર આતંકવાદી હુમલાની શક્યતા રહેલ છે.

# શિક્ષણ મંત્રી શ્રી ડોક્ટર કુબેરભાઇ ડીંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં માનગઢ ખાતે આદિવાસી બલિદાન દિવસની ઉજવણી કરવામાં આવી

જગદીશ ત્રિવેદી : ખારોલ



17 નવેમ્બર 1913 માનગઢ ક્રાંતિના મહાનાયક આદિવાસી સ્વાધીનતા સંગ્રામ ના પ્રણેતા શ્રી ગોવિંદ ગુરુની સત સત વંદન તથા આદિવાસી સ્વાધીનતા સંગ્રામના 1507 આદિવાસી શહીદ વીરોને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ મહીસાગર જિલ્લાના માનગઢ ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડોક્ટર કુબેરબાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો. ગાયત્રી પરિવાર દ્વારા 21 કુંડી યજ્ઞનું આયોજન કરી શહીદોને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા વૈદિક મંત્રોચ્ચાર સાથે આહુતિ આપી હતી. આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડોક્ટર કુબેરભાઈ ડીડોરે જણાવ્યું હતું કે ગુજરાત રાજસ્થાન અને મધ્યપ્રદેશના ત્રિભેટે મહીસાગરના આરે પ્રકૃતિ પહાડોના ખોળે અરવલ્લીની ગીરી કંદરામાં વસેલું માનગઢધામ અનુપમ ઐતિહાસિક ગૌરવવંતું પવિત્ર સ્થળ ભારતની ભૂમિમાં આઝાદીની હાકલ પૂર્વે આદિવાસીઓના પૂર્વજોએ હજારોની સંખ્યામાં બ્રિટિશરો ભૂરેટીયાઓના દમન શોષણની વશ નહીં થતાં નિર્માણ હત્યા કરી જલિયાવાલા બાગ હત્યાકાંડ કરતા એ ભયંકર બરબર્તા વહોરી તારીખ 17 11 1913 ના રોજ સહાદત થયેલા 1507 આદિવાસીઓ આજે પણ આપણા માટે દેશભક્તનું શ્રેષ્ઠ ઉદાહરણ છે તેમના બલિદાનની ઈતિહાસની ઉજાગર કરવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રયાસ કર્યા હતા અને તે પ્રયાસ આજે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની સરકાર આગળ વધારી રહી છે અને રાજ્ય સરકાર ગુરુ ગોવિંદ નો ઈતિહાસ ઉજાગર કરવા માટે સતત પ્રયત્નશીલ છે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું અને જિલ્લા કલેકટર ભાવિન પંડ્યાએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

# અહીં 11 હજાર ફીટની ઉંચાઈએ છે શિવલિંગ, બરફમાં ચાલીને ભક્તો ઝુકાવે છે શીશ









ફરવાના શોખીનો ક્યાંય પણ પહોંચી જતા હોય છે. તેમને કોઈના સાથની જરૂર હોતી નથી. અને તેમાં પણ જો ભોલેનાથની ઈચ્છા થાય તો તમે તેમના દર્શને એકલા જ પહોંચી શકો છો. જી હા, મનાલીથી 25 કીમી દૂર પહાડો પર બરફમાં ભોલેનાથનું એક ખાસ મંદિર છે. આ જગ્યાનું નામ છે અંજની મહાદેવ. જો તમે મનાલીનો પ્લાન કરો છો તો આ મંદિરના દર્શન અચૂક કરજો. અંજની મહાદેવમાં સાડા અગિયાર હજાર ફૂટની ઉંચાઈએ બનેલું કુદરતી શિવલિંગ છે. અહીં જઈને તમે ન માત્ર શાંતિનો અનુભવ કરશો પરંતુ સફર પણ મજેદાર બની જશે. આટલી ઊંચાઈ પર બનેલા શિવલિંગને જોવા માટે પ્રવાસીઓ પણ અહીં રસ દાખવી રહ્યા છે. તો ચાલો તમને પણ આ અદ્ભુત જગ્યાએ લઈ જઈએ.

**શિવલિંગ 30 ફૂટથી વધુ ઊંચું છે |** અંજની મહાદેવ મંદિરમાં શિવલિંગની સાઈઝ 30 ફૂટથી વધુ ઉંચી થઈ ગઈ છે. અંજની મહાદેવ પરથી પડતો ધોધ બરફમાં ફેરવાઈને શિવલિંગનું રૂપ ધારણ કરી રહ્યો છે. તાપમાન શૂન્ય પર રહેવાને કારણે તેનું કદ સતત વધી રહ્યું છે. એપ્રિલ, મે અને જૂનમાં શિવલિંગ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

**શિવલિંગના દર્શનથી થાય છે મનોકામના પૂરી |** એવું માનવામાં આવે છે કે ત્રેતાયુગમાં માતા અંજનીએ પુત્ર મેળવવા અને મોક્ષ મેળવવા માટે તપસ્યા કરી હતી અને ભગવાન શિવે તેમના દર્શન કર્યા હતા. ત્યારથી અહીં કુદરતી રીતે બરફના શિવલિંગની રચના થઈ છે. એવું પણ કહેવાય છે કે આ શિવલિંગના દર્શન કરવાથી દરેક મનોકામના પૂર્ણ થાય છે.

# આ બીમારી છે તો ભૂલથી પણ શિયાળામાં ન કરશો મેથીનું સેવન

**શિયાળો આવવાની સાથે મેથીની વિવિધ વાનગીઓ ખાવાનું મન થાય છે. મેથીનું શાક, મેથીના પરાઠા, મેથીના ભજિયા અને મેથીના મૂઠિયા સહિત અનેક અવનવી ચીજોની ફરમાઈશ રહે છે. પોષક તત્વોથી ભરપૂર મેથી હેલ્થ માટે લાભદાયી રહે છે. તેના સેવનથી અનેક બીમારીઓ થઈ શકે છે. મેથી શરીરમાં શુગર લેવલને કંટ્રોલ કરવાની સાથે પાચનને પણ દુરસ્ત રાખે છે. અનેકવાર તેનું સેવન નુકસાનદાયી બની શકે છે. તો જાણો મેથીનું સેવન કઈ રીતે નુકસાન કરી શકે છે.**



**મેથીના નુકસાન |** પાચનને દુરસ્ત રાખવામાં મેથી રામબાણ બની શકે છે. જરૂર કરતા વધારે મેથીનું સેવન કરાય તો પેટ ખરાબ થઈ શકે છે. મેથી શુગર લેવલને ઓછું કરવામાં જાણીતા છે. કહેવાય છે કે રાતમાં મેથીના દાણા પલાળીને સવારે પાણી પીવાથી ડાયાબિટિસને કંટ્રોલમાં કરી શકાય છે પણ જો તેને પલાળીને ખાવાને બદલે સીધી ખાવાથી તેમાંના પોષક તત્વ શુગરને ઘટાડવામાં મદદ કરે છે. જરૂર કરતા વધારે શુગર ઓછી થઈ જાય તો પણ તબિયત બગડી જાય છે.

### હાઈ બીપી

શુગર નહીં બ્લડ પ્રેશરના દર્દીને માટે પણ મેથી નુકસાનદાયી બની શકે છે. મેથીના પાનમાં સોડિયમ ઓછું હોય છે. જો તેનું સેવન કરશો તો આ શરીરના સોડિયમ લેવલને ઘટાડે છે. તેના કારણે બીપી હાઈ હોઈ શકે છે.

### શ્વાસમાં મુશ્કેલી

મેથીનું સેવન શ્વાસની સમસ્યા વધારે છે. મેથીની તાસીર ગરમ હોવાના કારણે તેમાં રહેલા એન્ટી ઓક્સીડન્ટ્સ અને એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણ ફેફસા માટે ખતરનાક બની શકે છે. જરૂર કરતા વધારે મેથી ખાવાથી શ્વાસની સમસ્યા વધી શકે છે.

### પ્રેગનન્સીમાં નુકસાનદાયી

મેથીની તાસીર ગરમ હોવાથી ગર્ભવતી મહિલાઓને તેના સેવનને ટાળવાની સલાહ અપાય છે. મેથીના વધારે સેવનથી બ્લડ ક્લોટિંગ સ્લો થવાની સમસ્યા રહે છે. તેનાથી પ્રેગનન્સીમાં પાચનની સમસ્યા થઈ શકે છે. તેનાથી પેટમાં ગરબડ પણ થાય છે.

# સ્પ્લિટ એન્ડ્સનો થશે અંત અને વાળ દેખાશે મસ્ત, ફટાફટ કરો આ ઉપાયો

**હેયર ટ્રિમિંગ |** સ્પ્લિટ વાળથી છૂટકારો મેળવવો છે તો દર 3-4 મહિનામાં એક વાર વાળને સામાન્ય ટ્રીમ કરાવી લો. તેનાથી વાળની સમસ્યા ઘટશે અને તે ખરવા અને તૂટવાનું પ્રમાણ પણ ઘટશે. આ સારો ઉપાય માનવામાં આવે છે.

**કેળાનો પેક |** સ્પ્લિટ વાળથી છૂટકારો મેળવવા માટે કેળું મદદરૂપ બને છે. કેળાનો હેયર પેક આ સમસ્યાને દૂર કરી શકે છે. આ માટે પાકેલું કેળું લો અને તેને મેશ કરો. તેમાં દહીં, લીંબુનો રસ અને ગુલાબજળ મિક્સ કરો. આ પેકને વાળમાં લગાવો અને એક કલાક બાદ વાળ ધોઈ લો.

**નારિયેળ તેલ |** આ તેલ પણ સ્પ્લિટ હેયરથી રાહત આપવામાં મદદ કરે છે. આ જૂની અને અસરકારક રીત છે. નારિયેળ તેલ લગાવવાથી વાળ રીપેર થાય છે અને તેને મજબૂતી મળે છે. નારિયેળ તેલને સામાન્ય ગરમ કરો અને 15 મિનિટ સુધી વાળને મસાજ કરો. લગભગ 2 કલાક સુધી રાખી વાળ ધોઈ લો.




# ગરીબી એ માનસિકતા નથી...



વિશેષ...

- રુપાલી દવે

કેવું છે?તહેવાર નું આવે છે ત્યારે ખુશીઓ ને ઉત્સાહ અને ઉમંગ સાથે લઈને આવે છે.દિવાલી ના અસંખ્ય દીપક ની રોશની માં માણસની મજબૂરી અને સત્યતા ઉજાગર થાય છે ત્યારે થાય છે કે આવું કેમ?... તહેવારો ગરીબ, સામન્ય થી લઈને અબજોપતિઓ ને વર્લ્ડ કપ ક્રિકેટ મેચ ટુર્નામેન્ટ રમાડે છે..લાસ્ટ મેચ સુધી કોણ જીત્યું અને કોન હાર્યું એનો નિર્ણય કરવો મુશ્કેલ છે...શું થાય?માણસ ને આત્મ હત્યા વાત વાત માં કરવી પોસઈ એમ નથી,'જવાબદારી' આ શબ્દ ની સાથે જન્મતા વેત લગ્ન કર્યા હોઈ છે..પરિસ્થિતિ ની સામે લડવા એ પરિવાર તરફ નજર કરી ને ફરી પેડ બાંધી ને બેટિંગ કરવા મેદાન મા જાય છે... આ દુનિયા માં જેની પાસે છે એની પાસે અઢળક છે,એ અઢળક ને સમજવા અને સાચવવા વાળા ને કમાનાર ના પાછળ નો પરસેવો ગમતો નથી.'દીવા પાછળ અંધારું' કહેવત આમજ બની નથી.

માણસ લાઈફ ની પીચ માં ટકી રહેવા એના અનેક પ્રયત્ન માં ઝીરો માં રન આઉટ થઈ જાય છે છતાંય થમવું કે થાકવું માણસ ને પોસઈ એમ નથી...અયોધ્યા માં રામ મંદિર નું ઉદઘાટન થયું ને અસંખ્ય દીપક વડે અયોધ્યાની સરયૂ નદીના તટ પરનો સુંદર નજારો જોઈ લાગતું હતુ કે સિંહાસન પર બિરાજમાન પ્રભુ ખુશ ખુશાલ હતા..પરંતુ ના બિલકુલ નહતા એની આંખ ના અદ્ર્શ્ય આંસુઓ કહેતા હતા કે હું વી.આઈ.પી નથી પ્રત્યેક મનુષ્ય ના જીવન નો પહેલો ને છલેલો ધબકારો છું. માણસ તુ રામરાજ્ય ના સ્વપ્ના આંજી શકે છે પરંતુ માણસ ની અંદર રહેલો લોભ,મોહ ને આસક્તિ એ પુનઃ રામરાજ્ય નું નિર્માણ કરવા માં અસમર્થ છે..હું પુનઃ ભવ્ય મહેલ માં તો સ્થાપિત થઈ ગયો પરંતુ રાત્રિ ના સમયે સરયૂ નદી નો ભવ્ય નજારો અટારી પરથી જોયો ત્યારે સમારંભ પુરો થઈ જવાની રાહ માં ઉભેલ બાળકો ને કોડિયાં માં બચેલ તેલ ને પાત્ર માં ભરતા જોઈને થયું કે રે..રે.. માણસ જેટલું જરૂરી દીપક ને તેલ નું હતું એટલું જ જરૂરી એ દિવસે પ્રત્યેક ના ચૂલા ની કડાઈ ને તેલ ની જરૂરી હતી..હું રામ કેટકેટલું લડું માણસ તારા કાજે કળયુગ માં ખુદ મારે પણ કોર્ટ ના અસંખ્ય ચક્કર ખાવા પડ્યા હતા...


'ગરીબી' એ માણસ ની માનસિકતા નથી એ માણસ ની લાચારી ને પીડા સમજો. હાથ ફેલાવી ને બેબસ ચહેરે માંગનાર વ્યક્તિ નો નજીક થી જોયો છે ક્યારેય,એનો જીવ અન્ય આગળ હાથ ફેલાવતી વખતે સો વાર ડંખ્યો હોઈ છે પણ શું કરે પરિસ્થિતિ માં એને બધું કરાવે છે..મજાક મજાક માં માત્ર એક દિવસ પણ ગરીબ બની જીવવું એ મોત સમાન સમજો. પ્રત્યેક વર્ષે બજેટ માં અસંખ્ય ગરીબ કલ્યાણ યોજનાઓ આઝાદી મળી ત્યાંર થી અત્યાર સુધી અમલમાં મુકાઈ ચૂકી છે છતાંય ભારતમાં ગરીબી રેખા હેઠળ જીવતા પરિવાર ની સંખ્યા ઘટી નથી ઉતરોતર વધી છે આવું કેમ?...આવું એટલે છે કે ભ્રષ્ટાચાર નામક કીડો એ ભારત ની પ્રત્યેક વ્યવસ્થા ના મૂળમાં છે.આ કીડો એ પ્રત્યેક ના મન મગજ મા ઊંડે સુધી ઘર કરી ગયો છે...હાલ માં નજરે અનુભવેલ કિસ્સો:એક ભાઈને ઘર વેચવાનું હતું પરંતુ પરિવાર નો આંબો કરાવેલ નહતો એને લીધે આગળ ની કાયદાકીય કાર્યવાહી અટકી હતી. આંબો મતલબ પરિવાર ના સભ્યો ની હયાતી નો દાખલો. આ માણસે આંબો તો કરાવી નાખ્યો પરંતુ એના પર તલાટી કમ મંત્રી ની સહી ફરજિયાત હોઈ છે. એ માણસ એ તૈયાર કરાવેલ પરિવાર ના સભ્યો ની હયાતી નો દાખલા માટે અન્ય કચેરીઓમાં બેત્રણ દિવસ સતત દોડ્યો હતો છતાંય તલાટી કમ મંત્રી ની સહી ના કારણ મામલો લટકતો હતો.. તલાટી એ કાનૂની પત્રક અંબા પર સહી કરવાના ૩૫૦૦ માંગતો હતો ને એ માણસ ૩૦૦૦ આપવા તૈયાર હતો.આ મામલો બે દિવસ સુધી રખડ્યો ને અંતે તલાટી એ સહી કરવાના ૫૦૦૦ લઈને સહી કરી આપી...આ સ્થિતિ નું વર્ણન ૫૦વર્ષ પહેલાનું નથી..હાલ માં મહિના પહેલા બનેલ ઘટના છે.. એ માણસ પાસે ૫૦૦૦ આપવાની કેપેસિટી હતી એટલે એનું કાયદાકીય કાર્યવાહી કાર્ય પૂર્ણ થઈ ગયું પરંતુ વિચારો કે શું ગરીબ માણસ આ પ્રકાર ની સમસ્યા માં ટકી શકશે? ક્યારેય વિચાર્યું છે.ગમે તેટલી ઓન લાઈન વ્યવસ્થા કરવા છતાંય ગરીબ ખેડુત ગરીબ જ છે આવું કેમ? આપણા દેશ માં જમીનદારી પ્રથા સમાપ્ત થઈ ત્યારે લાગ્યું હતું કે સાચા અર્થમાં 'ખેડે એની જમીન' નો સાક્ષાત્કાર થયો છે..દેશમાં મોટાભાગ ના ખેડૂતોની પાસે ખુદની જમીન નથી એ અન્ય ની જમીન ભાડે રાખીને ખેડે છે..કાયદાઓની અસંખ્ય છટક બારીઓ નો આધાર લઈને જમીનદારો એ જમીન એ ખેત મજુરો ને ભાગ્યા ના નામે કરી તો આપી છે પરંતુ માલિકી એમની કાયમ રહે એ રીતે.. ભાગ્યા મતલબ જમીન માં મહા મહેનતે અનાજ નું ઉત્પાદન કરે ને એને વેચે. પરંતુ એણે વેચેલ માલના નક્કી કરેલ રકમ એ જમીન ના માલિક ને જમીન ના ભાડા સાથે એડ કરીને આપવું પડતું હોઈ છે...સરકાર એ ખેડૂતો માટે જેટલી પણ યોજના અને આવક નક્કી કરે છે એ ગરીબ ખેડતોના ખાતાં માં તો જમાં થાય છે પણ એ જમીનદારો ના ખીસ્સા માં જાય છે... આજ કારણોસર ફિલ્મ 'મધર ઈન્ડીયા' માં જે ખેડૂતો ની સમસ્યા વર્ણવેલ છે એવી જ સમસ્યા આજ પણ યુ.પી,બિહાર,પંજાબ, હરિયાણા વગેરે ખેતી પ્રધાન સ્ટેટ ના નાના અને અંતરિયાળ ગામડાઓ માં છે જ. ટેક્સ ના અત્યંત કડક નિયમો બનાવ્યા છતાંય ટેક્સ ચોરી દિવસો દિવસ વધી છે ઘટી નથી.. આવું કેમ? શું દુનિયા ના સમૃદ્ધ દેશો માં આવી બધી સમસ્યા કેમ નથી?.., ત્યાં કાયમી ધોરણે વસતા અસંખ્ય ભારતીય લોકો ટેક્સ ચોરી કરી શકે છે?...ના..તો દેશમાં કેમ? ત્યાં રાષ્ટ્રપતિ થી લઈને સામન્ય વ્યક્તિઓ માટે એક સરખો નિયમ સાત દિવસ ની સેલરી કે બિઝનેસ આવક માંથી બે દિવસ ની સેલરી ટેક્સ અંતર્ગત ઓટોમેટિક કટ થઈ જાય છે ને એ માટે અવાજ ઉઠાવવો એ કાનૂની ગુનો છે...ત્યાં ભ્રષ્ટાચાર નામનું દિમગ હજુ ખાસ વ્યાપ્યું નથી.

# બ્લાઉઝની સ્લીવની આ ડિઝાઈન અપાવશે જૂના જમાનાની યાદ, તહેવાર-લગ્ન માટે પરફેક્ટ

### નેટ સ્ટાઈલ

નેટની ઓરેબી સ્ટાઈલ સ્લીવ તમારી સાડીને સ્ટાઈલિશ લૂક આપશે. તે કમ્ફર્ટેબલ પણ રહેશે. તમે કટ સ્લીવ નથી પસંદ કરતા તો આ પ્રકારની નેટ સ્લીવ બનાવડાવી શકો છો.







### હેન્ડલૂમ સાડી

હેન્ડલૂમ સાડી જેમકે કાંજીવરમ, બનારસી, પટોળાની સાથે લોન્ગ સ્લીવના બ્લાઉઝ સારા લાગે છે. તમે પણ આ પ્રકારના બ્લાઉઝ તૈયાર કરાવો છો તો તમે સાડીની સાથે પેયર કરીને તમારો લૂક વધારી શકો છો.

### બેક ડિઝાઈન

અહીં ગ્રે સાડીમાં શ્રદ્ધા દાસનો લૂક ગજબનો જોવા મળી રહ્યો છે. સ્લીવથી લઈને બ્લાઉઝના ગળાની બેક ડિઝાઈન સુધી તમે આ લુકથી આઈડિયા લઈ શકો છો. પાર્ટી, લગ્ન અને ફેસ્ટિવલ લૂક માટે આ પરફેક્ટ ડિઝાઈન છે.







### ફ્રોક સ્ટાઈલ સ્લીવ

ફ્રોક સ્ટાઈલ સ્લીવ ટ્રેન્ડમાં રહે છે. તમે પણ એક વાર ફરીથી બ્લાઉઝમાં કોઈ પણ સ્લીવ તૈયાર કરાવો. જો સાડી સિંપલ છે તો કોન્ટ્રાસ્ટ બ્લાઉઝ બનાવડાવો અને સાથે સાડીના મેચિંગની કિનારી બ્લાઉઝની સ્લીવ પર લગાવડાવો.





### કટ સ્લીવ બ્લાઉઝ

કટ સ્લીવ બ્લાઉઝની સાડીમાં ગ્લેમરવાળો ટચ આપો. આ રીતના બ્લાઉઝની પસંદગીથી તમારો લૂક ખાસ રહેશે. ફ્રન્ટ અને બેકથી એ લાઈન ગળું રખાવો. તમે ઈચ્છો તો શ્રદ્ધા દાસની જેમ બેકમાં રિબિન સ્ટાઈલ પણ બનાવડાવી શકો છો.



# સુષ્મિતાએ દિવાળી પાર્ટીમાં 18 વર્ષ જૂની સાડી પહેરી



મુંબઇ : સામાન્ય રીતે ફિલ્મ સ્ટાર્સ કોઈ ડ્રેસ એક જ વાર પહેરતા હોય છે તેવું મનાય છે પરંતુ સુસ્મિતા સેને હાલમાં એક દિવાળી પાર્ટીમાં ૧૮ વર્ષ જૂની સાડી રિપીટ કરી હોવાનું ચાહકોએ નોંધ્યું હતું. લોકોએ તેની આ સાદગી અને સરળતાની પ્રશંસા પણ કરી હતી. સુષ્મિતા હાલમાં પોતાના એક્સ બોયફ્રેન્ડ રોગમન શોલ અને તેની પુત્રી રેની સેન સાથે એક દિવાળી પાર્ટીમાં જોવા મળી હતી. આ જ સાડી તેણે ૨૦૦૫માં કોફી વિથ કરણ સીઝન વનમાં પહેરી હતી. આ સમયે તે સંજય દત્ત સાથે આ શો માં જોવા મળી હતી. જેમાં બેઝ કલરની સાડી પહેરેલીજોવા મળી હતી અને આજે પણ તે આ જ સાડીમાં જોવા મળી હતી . તાજેતરમાં આલિયા ભટ્ટે તાજેતરમાં દિલ્હીમાં નેશનલ એવોર્ડ સ્વીકારતી વખતે પોતાના લગ્ન વખતની જ સાડી પહેરી હતી. તેણે આ સાડી જરા જુદી રીતે પહેરી હતી. પરંતુ, ચકોર ચાહકોએ તરત જ પકડી પાડ્યું હતું કે આ આલિયાના લગ્ન વખતની સાડી છે.

## આલિયાએ લગ્નની સાડી દિલ્હીમાં રિપીટ કરી હતી, 2005ના કરણ જોહરના શોમાં પહેરી હતી એ જ સાડી રિપીટ કરી

# રશ્મિકા મંદાના બાદ હવે Kajol બની DeepFake વીડિયોનો શિકાર, એક્ટ્રેસનો બનાવટી અશ્લીલ વીડિયો વાયરલ

મુંબઇ : રશ્મિકા મંદાના ગત દિવસોમાં પોતાના ડીપ ફેક વીડિયોના કારણે ખુબ ચર્ચામાં રહી. ત્યારે રશ્મિકા બાદ હવે બોલિવુડ એક્ટ્રેસ કાજોલ આ ટેકનિકનો શિકાર બની છે. કાજોલનો બનાવટી અશ્લિલ વીડિયો સામે આવ્યો છે, જે હવે ચર્ચાનો વિષય બન્યો છે. જોકે, આ વાયરલ બનાવટી વીડિયોને અમે દર્શાવી શકીશું નહીં.




વીડિયોમાં ડીપ ફેક ટેકનિકનો ઉપયોગ કરીને એક્ટ્રેસને અશ્લિલ રીતે રજૂ કરવામાં આવી છે. ડીપ ફેકથી એડિટ કરવામાં આવેલા વીડિયોમાં એક્ટ્રેસને કપડા બદલતી દર્શાવાઈ છે. કાજોલનો આ બનાવટી વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. તેમના ફેન્સ આ વીડિયો પર પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે, આ વીડિયોને શેર કરતા લખવામાં આવ્યું છે કે, 'કેમેરામાં કપડા બદલતા કેદ થઈ કાજોલ દેવગણ.' વીડિયોમાં તમે જોઈ શકો છો કે, કાજોલ કેમેરાની સામે કપડા બદલતી નજરે આવી રહી છે. જોકે, મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ કાજોલ નથી, પરંતુ એક સોશિયલ મીડિયા ઈન્ફ્લૂએન્સર છે.

તેમણે પોતાના આ વીડિયોને ટિક-ટોક પર શેર કર્યો હતો, જે ખુબ વાયરલ થયો હતો. જણાવી દઈએ કે, આ વીડિયોને તેણે જૂન મહિનામાં શેર કર્યો હતો. ત્યારે જો તમે આ વીડિયોને ધ્યાનથી જોશો, તો અનેક વખત ચેહરા બદલાતા જોવા મળશે.

જણાવી દઈએ કે, રશ્મિકા મંદાના વાળા કેસમાં દિલ્હી પોલીસે 10 નવેમ્બરે ફરિયાદ દાખલ કરી હતી. જ્યારબાદ 15 નવેમ્બરે પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો. દિલ્હી પોલીસની ifso યૂનિટે બિહારના રહેવાસી 19 વર્ષિય યુવકને કસ્ટડીમાં લીધો છે અને પૂછપરછ કરવામાં આવી રહી છે.

**નાના પાટેકરે પોતે એક વ્યક્તિએ પર હાથ ઉઠાવ્યો હોવાની વીડિયો વાયરલ થયા બાદ માફી માગી ઘણા અંગે અભિનેતા નાના પાટેકરની સ્પષ્ટતા કહ્યું, 'ઘણા લોકોએ વીડિયો ક્લિપને ખોટી સમજી'**

# નાના પાટેકરે માફી માંગી, સેલ્ફી લેવા આવેલા છોકરાને ટપલી મારતો વીડિયો વાયરલ થયા બાદ કરી સ્પષ્ટતા

નવી દિલ્હી : અભિનેતા નાના પાટેકરે વારાણસીમાં ફિલ્મની શૂટિંગ દરમિયાન એક યુવક પર હાથ ઉઠાવ્યા બાદ ભારે વિવાદ થયો છે, ત્યારે આ ઘટનાને લઈ પાટેકરે આજે માફી માંગી છે અને કહ્યું કે, તેમણે તે વ્યક્તિને ફિલ્મનો સભ્ય સમજી લેતા આમ કર્યું હતું. દરમિયાન નાના પાટકરે સેલ્ફી લેવા આવેલા છોકરાને ટપલી મારી હોવાનો તેમજ તેમની બાજુમાં ઉભેલા વ્યક્તિએ છોકરાને ત્યાંથી ધક્કો મારી ધકેલી દીધો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, એક છોકરો નાના પાટેકર પાસે સેલ્ફી લેવા આવે છે, આ દરમિયાન પાટેકર તુરંત તે વ્યક્તિને ગુસ્સામાં માથામાં ટપલી મારતા જોવા મળી રહ્યા છે. ત્યારબાદ પાટેકર પાસે ઉભેલો વ્યક્તિ પણ છોકરાને ગળામાંથી પકડી દૂર લઈ જાય છે. હાલ વારાણસીમાં ફિલ્મ નિર્માતા અનિલ શર્માની ફિલ્મ 'જર્ની'ની શૂટિંગ ચાલી રહ્યું છે, જેમાં નાના પાટેકર પણ છે. ફિલ્મ વેક્સીન વૉરના અભિનેતા નાના પાટેકરે સોશિયલ મીડિયા એક્સ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેમણે માફી માગતા કહ્યું કે, ઘણા લોકોએ આ 10 સેકન્ડની વીડિયો ક્લિપને ખોટી સમજી લીધી છે. તેમણે કહ્યું કે, આ જે ઘટના બની તે મારી આગામી ફિલ્મ 'જર્ની'ના એક સીનના રિહર્સલ દરમિયાન થયેલી ગેરસમજને કારણે થયું છે. પાટેકરે કહ્યું કે, હું એક સિનની શૂટિંગ કરી રહ્યો હતો, જેમાં ફિલ્મ સાથે જોડાયેલ એક સભ્યને મારવાનો સીન હતો. તેમણે કહ્યું કે, સિનમાં એક વ્યક્તિએ મને પૂછવાનું હતું કે, શું હું પોતાની ટોપી વેચવા માંગુ છું અને મારે તેના માથાની પાછળ મારવાનું હતું અને તેને દુર્વ્યવહાર ન કરવા કહેવાનું હતું. અમે રિહર્સલ કરવા તૈયાર હતા. આ દરમિયાન વીડિયોમાં દેખાતો છોકરો ત્યાં આવ્યો અને તે કોણ છે તે હું જાણતો નહતો, મને લાગ્યું કે તે ફિલ્મનો સભ્ય છે, તેથી મે સ્ક્રિનપ્લે મુજબ તેને માર્યું અને કહ્યું કે, ખોટો વ્યવહાર ન કરે... આ દરમિયાન મને થયું કે, તે વ્યક્તિ ફિલ્મનો સભ્ય નથી. આ દરમિયાન મેં તેને બોલાવવાનો પ્રયાસ કર્યો પણ તે ભાગી ગયો...પાટેકરે કહ્યું કે, મેં ક્યારેય કોઈને સેલ્ફી લેવાનો ઈન્કાર કર્યો નથી. મેં પ્રશંસકો સાથે હજારો તસવીરો ખેંચાવી છે. આ ઘટના ભુલથી થઈ ગઈ છે... તે છોકરો ક્યાંથી આવ્યો તે મને ખબર નથી. જો કોઈ ગેરસમજ થઈ હોય તો મને માફ કરી દો....




# કોણ છે ટીના થડાની ? જેના કારણે હની સિંહના 12 વર્ષના લગ્ન જીવનનો અંત આવ્યો

મુંબઇ : રેપર હની સિંહ પોતાની પર્સનલ લાઈફને લઈને ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. યો યો હની સિંહ અને શાલિની તલવારના લગ્નના લગભગ 12 વર્ષ પછી દિલ્હી કોર્ટમાં તેમણે સત્તાવાર રીતે છૂટાછેડા લીધા છે. શાલિનીએ હની સિંહ પર ઘરેલુ હિંસા હેઠળ હુમલો, શારીરિક અને માનસિક ત્રાસના ગંભીર આક્ષેપો કર્યા હતા. આ સાથે લગભગ અઢી વર્ષથી ચાલી રહેલ મુકદ્દમાનો પણ અંત આવ્યો છે. આવી સ્થિતિમાં હની સિંહે છૂટાછેડા પછી મોટી રકમ એલિમનીમાં ચૂકવવી પડશે. હિર્દેશ સિંહ એટલે કે હની સિંહે 23 જાન્યુઆરી, 2011ના રોજ શાલિની તલવાર સાથે લગ્ન કર્યા હતા. ત્યારબાદ 12 વર્ષના તેમના લગ્નજીવનનો અંત આવ્યો હતો. તેમણે અઢી વર્ષ પહેલા જ કોર્ટમાં છૂટાછેડાની અરજી દાખલ કરી હતી. કોર્ટે હની સિંહના લગ્નને બીજી તક આપવા અંગેનો અભિપ્રાય માંગ્યો હતો, જેનો ગાયકે ઈનકાર કરી દીધો



હતો. હવે છૂટાછેડામાં તેમને ભૂતપૂર્વ પત્નીને કરોડો રૂપિયા એલિમનીમાં ચૂકવવા પડશે. જાણવામાં આવી રહ્યું છે કે શાલિનીએ હની સિંહ પાસેથી 10 કરોડ રૂપિયાની એલિમની માંગી હતી. જે હવે ઘટીને 1 કરોડ થઈ છે. આ રકમ અંગે બંને વચ્ચે સમજૂતી થઈ છે. આવી સ્થિતિમાં, ગાયક ટૂંક સમયમાં આ રકમ તેની પૂર્વ પત્નીને આપશે. ગયા વર્ષે છૂટાછેડાના સમાચાર સામે આવ્યા પછી હની સિંહે ડિસેમ્બરમાં એક ઈવેન્ટમાં તેની ગર્લફ્રેન્ડ ટીના થડાની સાથેના તેના સંબંધોને સત્તાવાર જાહેર કર્યા હતા. ઘણા પ્રસંગોમાં હની સિંહે તેમના વિશે ખુલીને વાત કરી છે.

ટીના થડાની એક કેનેડિયન અભિનેત્રી, મોડલ અને ફિલ્મ નિર્માતા પણ છે જે મુંબઈમાં રહે છે. તેમણે ફિલ્મ 'ધ લેફ્ટઓવર'નું નિર્દેશન કર્યું હતું. આ ઉપરાંત હની સિંહ અને ટીનાએ સાથે મળીને 'પેરીસ કા ટ્રીપ' નામનું એક ગીત કર્યું છે અને તે જ સમયે બંનેની મુલાકાત થઈ હતી. રેપરે એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે તે ટીનાને કારણે ખૂબ જ ખુશ છે.

# સલમાન ખાનના ચાહકો બન્યા બેકાબૂ, ફિલ્મ Tiger-3 જોવા આવેલા ફેન્સે થિયેટરમાં જ ફોડ્યા ફટાકડા

મુંબઇ : સલમાન ખાનની ફિલ્મ ટાઈગર 3 વર્ષની મોસ્ટ અવેટેડ ફિલ્મ હતી. આ એક્શન પેક ફિલ્મ માટે તેના ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. જે 12 નવેમ્બર, રવિવારના રોજ દિવાળીના તહેવાર પર ટાઈગર 3 સિનેમાઘરોમાં રિલીઝ થઈ. ગઈ કાલ તા. 12 નવેમ્બર 2023ના રોજ સલમાન ખાનની ફિલ્મ ટાઈગર 3 રીલીઝ થઈ હતી.. જે પછી ચાહકો સલમાન ખાનની ફિલ્મનો જશ્ન મનાવવા માટે ઉમટી પડ્યા હતા. અને તેમા કેટલાક ચાહકોએ તો તેના સુપરસ્ટારની ફિલ્મને સેલિબ્રેટ કરવા માટે થિયેટર્સમાં જ આતશબાજી કરી હતી. જેનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.મહારાષ્ટ્રના નાસિક જીલ્લામાં માલેગામમાં મોહન સિનેમાનો એક વીડિયો X પ્લેટફોર્મ પર વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં ફેન્સ સલમાન ખાનની ફિલ્મ ટાઈગર 3ને થિયેટરમાં જોતા ખૂબ ખુશ દેખાઈ રહ્યા હતા. તો સિનેમા હોલમાં એક મિનિટ સુધી આતશબાજી થયા બાદ કેટલાક ફેન્સ સુરક્ષિત જગ્યા પર જવા માટે ભાગતા જોવા મળી રહ્યા હતા.

સિનેમાઘરમાં આતશબાજી કરવાનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસે આ મામલે પોલીલ ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. જેમા પોલીસે કલમ 112 હેઠળ આ મામલે ફરિયાદ દાખલ કરી હતી. તેમજ માહિતી પ્રમાણે હાલમાં બે લોકોની ધરપકડ કરી હતી.

થિયેટરની અંદર ફટાકડા ફોડવાના વીડીયો વાયરલ થયા બાદ સલમાન ખાને તેના X હેન્ડલ પર એક નિવેદન આપ્યું હતું. તેણે કહ્યું કે, "હું ટાઈગર 3 દરમિયાન થિયેટરની અંદર ફટાકડા વિશે સાંભળી રહ્યો છું. આ ખતરનાક છે. ચાલો આપણે પોતાને અને બીજાને જોખમમાં મૂક્યા વિના ફિલ્મનો આનંદ માણીએ. સુરક્ષિત રહો"



# મૃણાલ ઠાકુર અને બાદશાહ ડેટિંગ કરી રહ્યા હોવાની અટકળ

મુંબઇ : મૃણાલ ઠાકુર અને રેપર બાદશાહ હાલ એક વીડિયોને કારણે ચર્ચામાં છે. આયુગલ એક દવાળી પાર્ટીમાં હાથમાં હાથ પરોવીને જોવા મળ્યું હહતો. જેનો વીડિયો સોશયલ મીડિયા પર વાયરલ થયો છે. તેમની આ રોમાન્ટિક અદા પરથી તે ઓ ડેટ કરી રહ્યા હોવાની અટકળ ફેલાઇ છે. રસપ્રદ વાત તો એ છે કે, મૃણાલે પોતે જ આ પાર્ટી વિશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. તેમાં તેણે તે અને બાદશાહ હાથમાં હાથ પકડીને આવ્યા છે તે પોસ્ટનો પણ સમાવેશ થાય છે. જોકે, બાદશાહ તથા મૃણાલ બંને માટે અન્ય સાથે ડેટિંગની વાત અગાઉ ચર્ચાઇ ચુકી છે. મૃણાલ સાઉથના એક સ્ટારને ડેટિંગ કરી રહી હોવાની વાત થોડા સમય પહેલાં ફેલાઇ હતી. બીજી તરફ આ વરસની શરૂઆતમાં એવી અફવા ચગી હતી કે, બાદશાહ પોતાની પ્રેમિકા ઇશા રિખી સાથે લગ્ન કરવાનો છે. તે જલદી જ ઉત્તર ભારતના એક ગુરુદ્વારામાં લગ્ન કરવાનો છે તેમ સૂત્રે જણાવ્યું હતું.



મૃણાલ સાઉથના એક સ્ટાર સાથે લગ્ન કરવાની હોય તેવી ચર્ચા હતી



# વોર ટુ માટે દીપિકા તથા આલિયા બંનેને ઓફર

મુંબઇ : ઋતિક રોશનની 'વોર ટૂ'માં મુખ્ય અભિનેત્રીઓ તરીકે દીપિકા પદુકોણ અને આલિયા ભટ્ટને ઓફર કરાઈ હોવાની ચર્ચા છે. હવે આ ફિલ્મને લઈને અપડેટ છે કે, આલિયા આ ફિલ્મમાં કેમિયો કરે તેવી શક્યતા છે. જોકે દીપિકાના રોલ વિશે કોઈ વિગતો પ્રગટ કરાઈ નથી. એક રિપોર્ટ એવો પણ હતો કે આ ફિલ્મ માટે શર્વરી વાઘનો પણ સંપર્ક કરવામાં આવ્યો છે. નિર્માણહાઉસ આ ત્રણેય અભિનેત્રીઓની તારીખોની રાહ જોઇ રહ્યુ છે. જોકે આ ફિલ્મમાં કઇ અભિનેત્રીઓને લેવામાં આવી છે તે વિશે સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી. દીપિકા અગાઉ 'પઠાણ'માં એક્શન રોલમાં જોવા મળી હતી. બીજી તરફ આલિયા ભટ્ટ 'રાઝી' ફિલ્મમાં ફિમેલ સ્પાયનો રોલ કરી ચૂકી છે. એક અટકળ અનુસાર આ બંને અભિનેત્રીઓ આ ફિલ્મમાં જોવા મળી શકે છે પરંતુ તેનો રોલ બહુ ટૂંકો હશે. આ ફિલ્મમાં ઋતિક રોશન સાથે જુનિયર એનટીઆર પણ કામ કરી રહ્યો છે. જુનિયર એનટીઆર ફિલ્મના એકશન દ્રશ્યો બોડી શૂટ કરવાનો છે.

ડબલ વગર જ

**આલિયા આ ફિલ્મમાં કેમિયો કરશે, અગાઉ શર્વરી વાઘનો પણ આ ફિલ્મ માટે સંપર્ક કરાયો હોવાની ચર્ચા હતી**





# વિરાટ કોહલીની 50મી વન-ડે સેન્ચુરી

ટીમ ઈન્ડિયાના સુપરસ્ટાર વિરાટ કોહલીએ ન્યૂઝીલેન્ડ સામે વર્લ્ડ કપ સેમિફાઈનલમાં શાનદાર સદી ફટકારી હતી. વિરાટની વન-ડે કારકિર્દીની આ 50મી સદી છે. તેણે સચિન તેંડુલકરનો વન-ડેમાં સૌથી વધુ સદીનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો છે. સચિનના નામે વન-ડેમાં 49 સદી છે. બુધવારે રમાયેલી સેમિફાઈનલની સાથે વિરાટે આ ટૂર્નામેન્ટમાં 711થી વધુ રન બનાવ્યા હતા. તેણે સચિન તેંડુલકરના વર્લ્ડ કપમાં સૌથી વધુ રનના રેકોર્ડને પણ પાછળ છોડી દીધો. સચિને 2003માં 673 રન બનાવ્યા હતા. ચાલો... જાણીએ ભારત-ન્યૂઝીલેન્ડ મેચમાં એક પછી એક બનેલા તમામ રેકોર્ડ... 1. એક ફોર્મેટમાં 50 સદી ફટકારનારો બીજો બેટર વિરાટ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના કોઈપણ એક ફોર્મેટમાં 50 સદી ફટકારનારો વિશ્વનો બીજો બેટર બની ગયો છે. તેના પહેલાં સચિને ટેસ્ટ ફોર્મેટમાં આ સિદ્ધિ મેળવી હતી. ટેસ્ટ ક્રિકેટમાં સચિનના નામે 51 સદી છે. વિરાટના નામે વન-ડેમાં 50 અને ટેસ્ટમાં 29 સદી છે. T-20 ઈન્ટરનેશનલમાં પણ તેના નામે સદી છે. વિરાટ કોહલી ODIના એક ફોર્મેટમાં 50 સદી ફટકારનારો બીજો બેટર બન્યો, તેની પહેલાં સચિન તેંડુલકરે ટેસ્ટ ક્રિકેટમાં આ સ્થાન હાંસલ કર્યું હતું.

### આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ 50+ સ્કોર કરનારાઓમાં ટોપ-3

વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ 50+ રન બનાવવાના મામલે શ્રીલંકાના બેટ્સમેન કુમાર સંગાકારાને પાછળ છોડી દીધા છે. સંગાકારાએ 216 વખત 50+ રન બનાવ્યા છે, જ્યારે વિરાટે 217મી વખત આ સિદ્ધિ મેળવી છે. વિરાટ હવે ઓસ્ટ્રેલિયાના બેટ્સમેન રિકી પોન્ટિંગ (217 વખત)ના સ્તરે પહોંચી ગયો છે. આ મામલે સચિન તેંડુલકર ટોપ પર છે. તેણે 264 વખત 50+ સ્કોર કર્યા છે.

### વર્લ્ડ કપમાં 700+ રન બનાવનારો એકમાત્ર બેટર

બુધવારની સદી સાથે વિરાટ કોહલી વર્લ્ડ કપ 2023નો સૌથી વધુ રન બનાવનાર બેટર પણ બની ગયો છે. તેના નામે 10 મેચમાં 711 રન હતા, જેમાં 3 સદી અને 5 અડધી સદી સામેલ છે. વિશ્વકપમાં તેના કરતાં વધુ રન અન્ય કોઈ ખેલાડી પાસે નથી. વિરાટ કોહલી ODIના એક ફોર્મેટમાં 50 સદી ફટકારનારો બીજો બેટર બન્યો આ મામલે તેણે સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો હતો. સચિને 2003ના વર્લ્ડ કપમાં 673 રન બનાવ્યા હતા.

### તેંડુલકર પછી 9 ટીમ સામે સૌથી વધુ ODI સદી

વિરાટ કોહલીએ ન્યૂઝીલેન્ડ સામે પોતાની છઠ્ઠી ODI સદી ફટકારી છે, તેણે 9 દેશ સામે સદી ફટકારી છે. આ મામલે માત્ર સચિન તેંડુલકર જ તેનાથી આગળ છે. સચિને 11 ટીમ સામે વન-ડે સદી ફટકારી છે. આ પહેલાં વિરાટે શ્રીલંકા (10), વેસ્ટ ઈન્ડીઝ (9), ઓસ્ટ્રેલિયા (8), ન્યૂઝીલેન્ડ (6), બાંગ્લાદેશ (5), દક્ષિણ આફ્રિકા (5), ઈંગ્લેન્ડ (3), પાકિસ્તાન (3) સામે પણ સદી ફટકારી હતી. વિરાટ કોહલીએ ન્યૂઝીલેન્ડ સામે તેની છઠ્ઠી ODI સદી ફટકારી હતી. 9 દેશ સામે સદી ફટકારનારા સચિન પછી તે બીજો ખેલાડી છે..

### ICC ઇવેન્ટની નોકઆઉટ મેચમાં 50+ નો સર્વોચ્ચ સ્કોર

વિરાટ કોહલી ICC નોકઆઉટ મેચોમાં સૌથી વધુ વખત 50+ રન બનાવનારો બેટ્સમેન બની ગયો છે. કોહલીએ 7મી વખત આ સિદ્ધિ મેળવી છે. તેણે સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો હતો. તેંડુલકરે 6 વખત ICC ઈવેન્ટ્સની નોકઆઉટ મેચોમાં 50થી વધુ રન બનાવ્યા છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ મેચ વિનિંગ સદી વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ 56 મેચ વિનિંગ સદી ફટકારી છે. કોહલીએ રિકી પોન્ટિંગના 55 સદીના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. ICC ઈવેન્ટમાં સૌથી વધુ મેચ જીતનારી ટીમનો ભાગ બનો.

## વિરાટને તેની 50મી સદી પર સોશિયલ મીડિયા ઘેલું થયું:તેંડુલકરે કહ્યું- ખૂબ જ ખુશ છે




વિરાટ કોહલીએ ન્યૂઝીલેન્ડ વિરૂદ્ધ 117 રનની ઈનિંગ રમી અને પોતાની ODI કારકિર્દીની 50મી સદી ફટકારી. તે વન-ડેમાં સૌથી વધુ સદી ફટકારનાર બેટર બની ગયો છે. આ સાથે વિરાટે સચિન તેંડુલકરનો 49 ODI સદીનો રેકોર્ડ તોડી નાખ્યો. કોહલીએ પોતાની સદી ફટકારતાની સાથે જ સોશિયલ મીડિયા પર અભિનંદન મળવા લાગ્યા હતા. સચિન તેંડુલકરે કહ્યું હતું કે હવે યુવાન છોકરો મહાન ખેલાડી બની ગયો છે. વિરાટની આ ઐતિહાસિક સદી પર સોશિયલ મીડિયા પર ક્રિકેટરો અને સેલિબ્રિટીઓની પ્રતિક્રિયા જાણો યુવાન છોકરો 'વિરાટ' ખેલાડી બન્યો છે- સચિન જ્યારે હું તમને પહેલીવાર ભારતીય ડ્રેસિંગ રૂમમાં મળ્યો હતો, ત્યારે અન્ય સાથી ખેલાડીઓએ તમારી મજાક કરી હતી અને કહ્યું હતું કે મને પગે લાગવું તે મહત્વપૂર્ણ છે.

**વિરાટ આવનારી પેઢીઓને પ્રેરિત કરશે- PM મોદી :** પીએમ મોદીએ કહ્યું કે, આજે વિરાટ કોહલીએ માત્ર તેની 50મી ODI સદી જ નથી ફટકારી, પરંતુ તેણે શ્રેષ્ઠતા અને નિશ્ચયની ભાવનાનું ઉદાહરણ પણ આપ્યું છે જે તમારી ટોચની રમત કુશળતા દર્શાવે છે. આ સિદ્ધિ તેમના સમર્પણ અને અસાધારણ પ્રતિભાનો પુરાવો છે. હું તેમને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. તે આવનારી પેઢીઓને પ્રોત્સાહિત કરશે.

**વિરાટને અભિનંદન- જય શાહ :** BCCI સેક્રેટરી જય શાહે કહ્યું કે વિરાટ કોહલીએ ન્યૂઝીલેન્ડ સામે ક્રિકેટ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, અહીં તેણે શાનદાર સદી ફટકારી હતી. વિરાટે હવે દિગ્ગજોને પાછળ છોડી દીધા છે અને 50 સદી ફટકારનાર એકમાત્ર ખેલાડી બની ગયો છે. આ ઐતિહાસિક સિદ્ધિ માટે વિરાટ કોહલીને હાર્દિક અભિનંદન! તમારી સાતત્યતા અને રનની ભૂખે તમને ક્રિકેટ લિજેન્ડ તરીકે સ્થાપિત કર્યા છે.

# વર્લ્ડ કપ ફાઇનલ જોવા PM નરેન્દ્ર મોદી અમદાવાદ આવશે

## ઓસ્ટ્રેલિયાના PM-ડેપ્યુટી PMને પણ આમંત્રણ આપ્યું



ICC વર્લ્ડ કપની ફાઈનલ મેચ 19 નવેમ્બરના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાશે. આ રોમાંચક મેચ જોવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ આવશે. તેમની સાથે દેશના ગૃહમંત્રી અમિત શાહ પણ મેચ જોવા માટે હાજર રહેશે. વડાપ્રધાન મોદી ફાઈનલ મેચ જોવા અમદાવાદ આવશે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે વર્લ્ડ કપની ૨૦૨૩ની ફાઈનલ મેચ રમાવાની છે. આ મેચ વધારે યાદગાર બની રહે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ભારત- ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાનારી વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં વડાપ્રધાન મોદી ખાસ હાજર રહેવાના છે. હજુ સુધી વડાપ્રધાનનો મિનિટ ટુ મિનિટ કાર્યક્રમ આવ્યો નથી પરંતુ આ અંગે અમદાવાદ પોલીસ દ્વારા સત્તાવાર પત્રકાર પરિષદ કરીને માહિતી આપવામાં આવશે આટલું જ નહીં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ અને ડેપ્યુટી પીએમ રિચર્ડ માર્લ્સને પણ આ મેચ જોવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. આશા છે કે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અને ડેપ્યુટી પીએમ પણ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આ મેચ જોવા માટે આવશે. જો કે, હજુ બંને તરફથી પુષ્ટિની રાહ જોવાઈ રહી છે ઓસ્ટ્રેલિયા 8મી વખત ફાઈનલ રમશે. જ્યારે વર્લ્ડ કપમાં ભારતીય ટીમની આ ચોથી ટાઈટલ મેચ હશે.મેચને લઈને શહેર પોલીસ છાવણીમાં ફરવાશે તે નક્કી છે. અનેક વીવીઆઈપીઓ મેચ નિહાળવા આવી શકે છે તથા છઠ પૂજા હોવાના કારણે ઈન્દિરા બ્રિજ ખાતે પણ લોકોની ભીડ રહેશે જેથી બંને સ્થળે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. એરપોર્ટથી સ્ટેડીયમ સુધી VVIP મૂવમેન્ટ રહેશે. વિશ્વકપની ક્લોઝિંગ સેરમેનીને લઈ બોલીવુડ સ્ટાર પણ આવશે. દિગ્ગજોની હાજરીના કારણે નેશનલ એજન્સીઓ અને ગુજરાત પોલીસ એલર્ટ મોડમાં આવી ગઈ છે. 19 નવેમ્બરે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આઈસીસી વર્લ્ડ કપ 2023ની ફાઈનલ મેચ રમાવાની છે. ભારત અગાઉ જ ન્યૂઝીલેન્ડને હરાવીને ફાઈનલમાં પહોંચી ચુક્યું છે ત્યારે ક્રિકેટ રસીકોમાં ભારે રોમાંચ અને ઉત્સુકતા જોવા મળી રહી છે.

# ટીમ ઈન્ડિયા અમદાવાદ પહોંચી ખેલાડીઓ ITC નર્મદા હોટલમાં રોકાશે





અમદાવાદ તા 17

19 નવેમ્બરે અમદાવાદમાં વર્લ્ડ કપ ફાઈનલ રમાવાની છે. ત્યારે વાનખેડે સ્ટેડિયમમાં ન્યૂઝીલેન્ડ સામે વર્લ્ડ કપની સેમિફાઈનલ જીત્યા બાદ આજરોજ ભારતીય ટીમ અમદાવાદ આવી પહોંચી છે. અમદાવાદ એરપોર્ટ પહોંચતા જ ટીમ ઈન્ડિયાનું પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું. જોકે, ત્યાંથી ભારતીય ખેલાડીઓ રાત્રી રોકાણ કરવા માટે ITC નર્મદા હોટલ રવાના થયા હતા. મહત્વપૂર્ણ છે કે અમદાવાદમાં આ મેચને લઈને ક્રિકેટરસિકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે ખેલાડીઓની એક ઝલક જોવા માટે હોટલ બહાર મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્મા, વિરાટ કોહલી, રવિન્દ્ર જાડેજા, શુભમન ગીલ, શ્રેયસ અય્યર, કેએલ રાહુલ, ઈશાન કિશન, કુલદીપ યાદવ, મોહમદ સિરાજ, બૂમરાહ સહિતના ખેલાડીઓ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. આ સાથે ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાના પત્ની રિવાબા જાડેજા પણ એરપોર્ટ ઉપર જોવા મળ્યા હતા. કેપ્ટન તેમની ટીમ સાથે બસમાં બેસી ITC નર્મદા હોટલ રવાના થયા હતા. જ્યાં ટીમ ઈન્ડિયા રોકાશે. ત્યારે હોટલ બહાર ફેવરિટ પ્લેયરને જોવા ક્રિકેટરસિકોમાં પડાપડી કરતા જોવા મળ્યા હતા.ગઈકાલે ન્યૂઝીલેન્ડને સેમીફાઈનલમાં હરાવીને ભારતીય ટીમ ફાઈનલમાં પહોંચી છે. ત્યારે પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ભારતીય ક્રિકેટ ટીમ અમદાવાદ એરપોર્ટ ખાતે આવી હતી. આજે સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની સેમીફાઈનલ મુકાબલામાં જે ટીમ જીતશે તે પણ આવતીકાલે અમદાવાદ ખાતે પહોંચે તેવી શક્યતા છે. તે બાદ બંને ટીમ શનિવારના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પ્રેક્ટિસ કરશે. તે બાદ વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમ ખાતે પ્રથમ વખત ICC ક્રિકેટ વર્લ્ડ કપનો મહામુકાબલો યોજાશે. ICCની ફાઈનલ મેચ દરમિયાન મનોરંજન માટે કાર્યક્રમનું આયોજન કરાયું છે. ગાયક કલાકારો સ્ટેડિયમમાં ગાંધી સહિત કુલ 6 જેટલા ગાયક કલાકાર પરફોર્મ કરશે.

# પાક.ના કેપ્ટન પદેથી બાબરનું ત્રણેય ફોર્મેટમાંથી રાજીનામું

ઇસ્લામાબાદ તા 17



બાબર આઝમની આગેવાની હેઠળની પાકિસ્તાની ટીમે વર્લ્ડ કપ 2023માં ખૂબ જ ખરાબ પ્રદર્શન કર્યું હતું, જે બાદ બાબર આઝમેઆજે કેપ્ટનશિપમાંથી રાજીનામું આપવાનો નિર્ણય કર્યો હતો. બાબર આઝમે ત્રણેય ફોર્મની કેપ્ટન પદેથી રાજીનામું આપી દીધું છે. બાબર બાદ ટેસ્ટ ક્રિકેટમાં શાન મસૂદ અને T20 ઈન્ટરનેશનલમાં શાહીન શાહ આફ્રિદી કેપ્ટન બનવાની રેસમાં સૌથી આગળ છે. બાબરે ખુદ કેપ્ટન પદ પરથી રાજીનામું આપવાની માહિતી સોશિયલ મીડિયા પર શેર કરી હતી. સોશિયલ મીડિયાથી રાજીનામાની જાણ કરી બાબર આઝમ 2019માં પાકિસ્તાન ટીમનો કેપ્ટન બન્યો હતો. તે ત્રણેય ફોર્મેટમાં પાકિસ્તાનનો નિયમિત કેપ્ટન હતો. કેપ્ટનશિપ છોડવા પર બાબરે સોશિયલ મીડિયા પર લખ્યું, 'મને હજુ પણ તે ક્ષણ સ્પષ્ટ રીતે યાદ છે જ્યારે મને PCB તરફથી 2019માં પાકિસ્તાનની કેપ્ટનશિપ કરવાનો કોલ આવ્યો. વ્હાઈટ બોલ ફોર્મેટમાં નંબર વન પર પહોંચવું એ કોચ, ખેલાડીઓ અને ટીમ મેનેજમેન્ટનો સામૂહિક પ્રયાસ હતો, પરંતુ હું આ દરમિયાન તેમના અતૂટ સમર્થન માટે જુસ્સાદાર પાકિસ્તાની ચાહકોનો આભાર વ્યક્ત કરવા માગુ છું.' પાકિસ્તાનના પૂર્વ કેપ્ટને આગળ લખ્યું, 'આજે હું તમામ ફોર્મેટમાં પાકિસ્તાનના કેપ્ટન પદેથી રાજીનામું આપી રહ્યો છું. આ એક મુશ્કેલ નિર્ણય છે પરંતુ મને લાગે છે કે તેના માટે આ યોગ્ય સમય છે.' બાબરે લખ્યું, 'હું એક ખેલાડી તરીકે ત્રણેય ફોર્મેટમાં પાકિસ્તાન માટે રમવાનું ચાલુ રાખીશ. હું મારા અનુભવ અને સમર્પણ સાથે નવા કેપ્ટન અને ટીમને સમર્થન આપવાનું ચાલુ રાખીશ. હું આ નોંધપાત્ર જવાબદારી માટે પાકિસ્તાન ક્રિકેટ ટીમનો હૃદયપૂર્વક આભાર માનું છું.' વર્લ્ડ કપ 2023માં પાકિસ્તાનનું પ્રદર્શન ખરાબ રહ્યું પાકિસ્તાન વર્લ્ડ કપ 2023 ની 9 લીગ મેચમાંથી માત્ર 4 જ જીતી શક્યું, ત્યારબાદ ટીમ સેમિફાઈનલમાં પ્રવેશ કરવામાં નિષ્ફળ રહી.

બાબરે ત્રણેય ફોર્મેટમાં કેટલી મેચમાં કેપ્ટનશિપ કરી? બાબરે 20 ટેસ્ટ મેચોમાં પાકિસ્તાનની કેપ્ટનશિપ કરી છે. આ સિવાય તેણે 43 વન-ડે અને 71 T20 ઈન્ટરનેશનલ મેચમાં પાકિસ્તાનની કમાન સંભાળી છે.

# BCCI પર આરોપ, સેમિફાઇનલ પહેલાં પિચ બદલી

મુંબઈ તા 17



ભારત-ન્યૂઝીલેન્ડ સેમિફાઈનલ મેચના થોડા કલાકો પહેલાં જ વાનખેડે સ્ટેડિયમની પિચ બદલવાની વાત ચાલી રહી છે. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે જે પિચને સેમિફાઈનલ મેચ માટે પહેલા પસંદ કરવામાં આવી હતી, હવે મેચ એના બદલે બીજી પિચ પર યોજાશે. મેચ બપોરે 2:00 વાગ્યાથી રમાશે. સેમિફાઈનલ મેચ વાનખેડે સ્ટેડિયમની સાત નંબરની પિચ પર રમાવાની હતી. રિપોર્ટ અનુસાર, હવે એ પિચ નંબર છ પર હશે. સાતમા નંબરની પિચ તાજી હતી અને એ ઝડપી બોલરોને મદદ કરશે એવી અપેક્ષા હતી. એ જ સમયે આ ટૂર્નામેન્ટની બે મેચ છ નંબરની પિચ પર રમાઈ છે, તેથી એ સ્પિનરો માટે મદદરૂપ થઈ શકે છે. બ્રિટિશ મીડિયાના અહેવાલમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે જ્યારે ભારતીય કોચ રાહુલ દ્રવિડ ટીમની છેલ્લી લીગ મેચ બાદ મુંબઈ આવ્યા ત્યારે તેઓ એરપોર્ટથી સીધા વાનખેડે સ્ટેડિયમ ગયા અને ગ્રાઉન્ડ સ્ટાફને મળ્યા.

બ્રિટિશ મીડિયાના અહેવાલમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે જ્યારે ભારતીય કોચ રાહુલ દ્રવિડ ટીમની છેલ્લી લીગ મેચ બાદ મુંબઈ આવ્યા ત્યારે તેઓ એરપોર્ટથી સીધા વાનખેડે સ્ટેડિયમ ગયા અને ગ્રાઉન્ડ સ્ટાફને મળ્યા. BCCI પર ટીમ ઈન્ડિયાની તરફેણ કરવાનો આરોપ બીસીસીઆઈ પર આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે તેણે ભારતીય ટીમને ફાયદો પહોંચાડવા માટે આવું કર્યું છે. જ્યારે ભાસ્કરે આઈસીસીને આ બાબતે પૂછ્યું તો એક અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું- અમે બીસીસીઆઈ પાસેથી જવાબ માગ્યો છે. જવાબ આવ્યા બાદ જ ICC કોઈ કાર્યવાહી કરશે. બીજી તરફ, જ્યારે ભાસ્કરે બીસીસીઆઈના અધિકારીઓ સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો તો તેમણે આ અંગે કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કરી દીધો. BCCI પર ટીમ ઈન્ડિયાની તરફેણ કરવાનો આરોપ બીસીસીઆઈ પર આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે તેણે ભારતીય ટીમને ફાયદો પહોંચાડવા માટે આવું કર્યું છે. જ્યારે ભાસ્કરે આઈસીસીને આ બાબતે પૂછ્યું તો એક અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું- અમે બીસીસીઆઈ પાસેથી જવાબ માંગ્યો છે. જવાબ આવ્યા બાદ જ ICC કોઈ કાર્યવાહી કરશે. BCCIએ આરોપને નકારી કાઢ્યો, કહ્યું- ICCની ઈચ્છા મુજબ પિચ પસંદ કરવામાં આવી હતીસીસીઆઈએ આ આરોપોને આવે છે. તેમની સૂચના અનુસાર, તે નક્કી કરવામાં આવે છે.

# સાઉથ આફ્રિકા ફરી ચોકર્સ સાબિત થયું

કોલકત્તા તા 17

કોલકાતાના ઈડન ગાર્ડન્સ ગ્રાઉન્ડમાં રમાયેલી બીજી સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ દક્ષિણ આફ્રિકાને 3 વિકેટે હરાવ્યું હતું. ઓસ્ટ્રેલિયાની ટીમ આઠમી વખત આ ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચી છે. આ સાથે જ સાઉથ આફ્રિકા ફરી એકવાર મોટી ટુર્નામેન્ટ ચોકર્સ ટીમ સાબિત થઈ છે. આ પાંચમી વખત છે જ્યારે આફ્રિકન ટીમ વન-ડે વર્લ્ડ કપની સેમિફાઈનલમાં હારી છે.

ગુરુવારે રમાયેલી આ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ટીમ 49.4 ઓવરમાં 212 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ડેવિડ મિલરે સૌથી વધુ 101 રન બનાવ્યા હતા. મિચેલ સ્ટાર્ક અને પેટ કમિન્સે 3-3 વિકેટ લીધી હતી. જવાબમાં ઓસ્ટ્રેલિયાએ 47.2 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. પાવરપ્લેમાં કાંગારૂની ઝડપી શરૂઆત, માર્કરમ-રબાડાએ વિકેટ લીધી પાવરપ્લેની પ્રથમ 6 ઓવરમાં ઓસ્ટ્રેલિયાએ શાનદાર શરૂઆત કરી હતી. ટ્રેવિસ હેડ અને ડેવિડ વોર્નરે 6 ઓવરમાં 60 રન બનાવ્યા હતા. રબાડાએ છઠ્ઠી ઓવરમાં 21 રન આપ્યા હતા. કેપ્ટન ટેમ્બા બાવુમાએ સાતમી ઓવરમાં એક ફેરફાર કર્યો અને એડન માર્કરમને વોર્નરની વિકેટ મળી. અહીંથી સાઉથ આફ્રિકાએ કમબેક કર્યું હતું.

# ઝમ્પા સાથે અથડાયા બાદ ક્લાસન ઈજાગ્રસ્ત થયો

ગુરુવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી બીજી સેમીફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ દક્ષિણ આફ્રિકાને 3 વિકેટે હરાવ્યું હતું. દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ટીમ 49.4 ઓવરમાં 212 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં ઓસ્ટ્રેલિયાએ 47.2 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. દક્ષિણ આફ્રિકા માટે મેચની શરૂઆત સારી રહી ન હતી. પાવરપ્લેમાં ટીમે 4 વિકેટ ગુમાવી દીધી હતી. ડેવિડ વોર્નરે ઝડપી કેચ લઈને એડન માર્કરામને આઉટ કર્યો હતો. તે જ સમયે, એડમ ઝમ્પા અને હેનરિક ક્લાસેન મેચ દરમિયાન એકબીજા સાથે અથડાયા હતા. જ્યારે કાગિસો રબાડાના એક બોલ પર 13 રન બન્યા હતા.

# પાકિસ્તાને યુક્રેનને તોપના ગોળા વેચ્યા:બ્રિટિશ મીડિયા ગ્રુપની તપાસ



રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન પાકિસ્તાને બે અમેરિકન કંપનીઓની મદદથી યુક્રેનને 363 મિલિયન ડોલરના આર્ટિલરી શેલ વેચ્યા હતા. આ સિવાય ખાસ પ્રકારની રાઈફલમાં વપરાતી બુલેટ પણ વેચાતી હતી. આ શેલ બ્રિટિશ આર્મીના કાર્ગો પ્લેન દ્વારા યુક્રેનની નજીકના દેશોમાં પહોંચાડવામાં આવ્યા હતા. બીબીસી ઉર્દૂએ આ ડીલના પુરાવા રજૂ કર્યા છે. રિપોર્ટ અનુસાર 12 ઓગસ્ટ 2022ના રોજ પાકિસ્તાનના તત્કાલીન આર્મી ચીફ જનરલ કમર જાવેદ બાજવાએ બ્રિટિશ રોયલ મિલિટરી એકેડમીની પાસિંગ આઉટ પરેડમાં હાજરી આપી હતી. ત્યારે તેમણે કહ્યું હતું- બ્રિટન અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ઐતિહાસિક ઊંચાઈને સ્પર્શી રહ્યા છે. થોડા દિવસો પછી બ્રિટિશ એરફોર્સનું એક કાર્ગો એરક્રાફ્ટ રાવલપિંડીના નૂર ખાન એરબેઝ પર ઉતર્યું.

## ન્યૂઝ ટ્રેક

### કેનેડામાં દિવાળી પર ખાલિસ્તાનીઓનો હોબાળો

કેનેડાના મિસીસોગા શહેરમાં એક પાર્કિંગમાં દિવાળીની રાત્રે ફટાકડા ફોડતા ભારતીય વિદ્યાર્થીઓ સામે વિરોધ કરવા ખાલિસ્તાન સમર્થકો આવ્યા હતા. કેનેડાના મિસિસોગા શહેરમાં દિવાળીની રાત્રે ભારતીય નાગરિકો અને ખાલિસ્તાન સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન 100થી વધુ લોકો વચ્ચે ઝપાઝપી થઈ હતી. આ ઘટનામાં કેટલાક યુવકોને ઈજાઓ પણ થઈ હતી. દિવાળીની ઉજવણી કરી રહેલા ભારતીયોએ તિરંગો લહેરાવ્યો હતો જ્યારે બીજી બાજુ ખાલિસ્તાની બેનર લહેરાવી રહ્યા હતા. વિવાદ વધતો જોઈ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી, જેને જોઈને હોબાળો મચાવનારા ખાલિસ્તાની ત્યાંથી ભાગી ગયા હતા.કેનેડાની પીલ પ્રાદેશિક પોલીસને રવિવારે રાત્રે લગભગ 9.41 વાગ્યે આ ઘટનાની માહિતી મળી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, મિસીસોગામાં એક લોકલ પાર્કિંગમાં બે પક્ષો સામસામે આવી ગયા હતા. કબજે કર્યા છે.આ ઘટના સાથે જોડાયેલો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં જોવા મળે છે કે પીલ પ્રાદેશિક પોલીસ કર્મચારીઓ દિવાળીની ઉજવણી દરમિયાન સામસામે આવેલા બંને પક્ષોને અલગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

### ઋષિ સુનકે હોમ મિનિસ્ટરને હટાવ્યા

બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકે ગૃહ સચિવ સુએલા બ્રેવરમેનને પદ પરથી હટાવી દીધા છે. ભારતીય મૂળની સુએલાએ તાજેતરમાં ઘણા વિવાદાસ્પદ નિવેદનો આપ્યા હતા. ખાસ કરીને તેમણે પેલેસ્ટાઈન મુદ્દે સરકારની નીતિ વિરુદ્ધ નિવેદનો આપ્યા હતા. ઘણા દિવસોથી, સુનકની પાર્ટીની અંદરથી એવી માંગણીઓ કરવામાં આવી રહી હતી કે સુએલાની રેટરિક બ્રિટનની મિડલ ઈસ્ટ નીતિની વિરુદ્ધ છે અને તે આવા નિવેદનો આપી રહ્યા છે, જે બ્રિટનમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાને દબાવવાનો સંકેત આપે છે. તાજેતરમાં તેણે બ્રિટિશ પોલીસને ઠપકો પણ આપ્યો હતો, જોકે પોલીસ તેની નીચે કામ કરે છે. પોલીસ પરની ટિપ્પણીઓ મોંઘી સાબિત થઈ યુરોપના અન્ય દેશોની જેમ બ્રિટનમાં પણ વાણી સ્વાતંત્ર્ય પર ઘણો ભાર મૂકવામાં આવે છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં નિર્દોષોની હત્યાને લઈને બ્રિટનમાં અનેક પ્રદર્શન થઈ રહ્યા છે. અહીં પેલેસ્ટાઈન અને ઈઝરાયલના સમર્થકો વચ્ચે કાયદો અને વ્યવસ્થા સુએલાના હાથમાં હતી. તેના બદલે, તેણે બહેતર મેનેજમેન્ટ કૌશલ્ય બતાવવા માટે તમામ દોષ પોલીસ પર મૂક્યો. ગયા અઠવાડિયે પેલેસ્ટાઈનના સમર્થનમાં એક રેલી દરમિયાન ટોળાએ પોલીસ પર પણ હુમલો કર્યો હતો.

# ટેક્નોલોજીની સામે હમાસનું ટનલ નેટવર્ક નબળું : IDFએ મેપિંગ રોબોટ્સ-બ્લાસ્ટ જેલનો ઉપયોગ કર્યો





તેલઅવીવ તા 17

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલુ છે. દરમિયાન, ઈઝરાયલના અખબાર 'જેરુસલેમ પોસ્ટ'ના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે નવીનતમ યુદ્ધ તકનીકનો ઉપયોગ કરીને હમાસના ટનલ નેટવર્કને નષ્ટ કરવામાં આવી રહ્યું છે. તેમાં મેપિંગ રોબોટ્સ અને બ્લાસ્ટ જેલનો પણ સમાવેશ થાય છે. બીજી તરફ ઈઝરાયલની વાયુસેનાએ પહેલીવાર કબૂલ્યું છે કે તેણે ગાઝામાં અત્યાર સુધીમાં હજારો હમાસ આતંકવાદીઓને ઠાર કર્યા છે. ટનલ શોધવાનું મુશ્કેલ કાર્ય કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે ગાઝા પર હુમલા બાદ ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF) સામે સૌથી મોટો પડકાર એ હતો કે હમાસના ટનલ નેટવર્કને કેવી રીતે શોધી શકાય. બાદમાં મેપિંગ ટેક્નોલોજી અને પછી મેપિંગ રોબોટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો. તેનો ઉપયોગ ખૂબ જ સફળ રહ્યો. આ સુરંગોમાં સીધો પ્રવેશ કરવો જોખમ વિનાનો નહોતો. તેથી, ઈઝરાયેલી સેનાએ બ્લાસ્ટ જેલનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. આ તકનીકનો ઉપયોગ કરીને ઓછામાં ઓછા ત્રણ પ્રવેશદ્વારો શોધી કાઢવામાં આવ્યા હતા અને બાદમાં સમગ્ર નેટવર્કનો નાશ કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલના એક અધિકારીએ કહ્યું- અમારું પહેલું મિશન ટનલ નેટવર્ક શોધવાનું હતું અને પછી તેને નષ્ટ કરવાનું હતું. આમાં જબરદસ્ત સફળતા મળી છે. ઘણી વખત અમારા રોબોટ્સ ટનલની અંદર ઊંડે સુધી ગયા અને અમને ત્યાં સંપૂર્ણ મેપિંગ મોકલતા રહ્યા. બળે બાકીનું કર્યું. આ અધિકારીએ કહ્યું- વધુ માહિતી આપી શકાય એમ નથી કારણ કે ઓપરેશન હજુ ચાલુ છે. એરફોર્સ ચીફે કહ્યું- અમે નક્કી કર્યું છે કે જ્યાં સુધી અમે અમારી ફરજ નિભાવીશું ત્યાં સુધી ઓપરેશન ચાલુ રહેશે. તેથી જ અમારી ટીમ સતત કામ કરી રહી છે. અમે હમાસ પર દરેક જગ્યાએ હુમલો કરી રહ્યા છીએ, જમીન ઉપર અને ભૂગર્ભ. અમારું બળ એટલું શક્તિશાળી છે કે તે મધ્ય પૂર્વમાં ગમે ત્યાં, ગમે ત્યારે અમારા દુશ્મનનો નાશ કરવા સક્ષમ છે.

ઈઝરાયેલની હાઈકોર્ટે શનિવારે યોજાનારી એસોસિએશન ફોર સિવિલ રાઈટ્સની યુદ્ધ વિરોધી વિરોધ રેલીને મંજૂરી આપી છે. પોલીસે અગાઉ તેની મંજૂરીનો ઈનકાર કર્યો હતો. ઈઝરાયલની હાઈકોર્ટે એસોસિયેશન ફોર સિવિલ રાઈટ્સ દ્વારા શનિવારે યોજાનારી યુદ્ધ વિરોધી વિરોધ રેલીને મંજૂરી આપી છે. પોલીસે અગાઉ તેની મંજૂરીનો ઈનકાર કર્યો હતો. બાદમાં સંસ્થાએ હાઈકોર્ટમાં અરજી કરીને તેની મંજૂરી માંગી હતી. આ સંગઠનમાં મોટાભાગના લોકો આરબ મૂળના છે અને તેઓ આરબ હદશ પાર્ટી સાથે જોડાયેલા છે. પોલીસનું કહેવું છે કે આ રેલીને કારણે ઈઝરાયલમાં આંતરિક સ્થિતિ વણસી શકે છે. બીજી તરફ સંગઠનનું કહેવું છે કે આ તેમનો અવાજ દબાવવાનો પ્રયાસ છે અને રેલીથી કાયદો અને વ્યવસ્થા માટે ખતરો નથી. રેલીનું સ્થળ બદલતી વખતે હાઈકોર્ટે આયોજકોને સ્પષ્ટ કહ્યું હતું કે કાયદો અને વ્યવસ્થાની બાબતમાં કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં અને રેલીમાં કોઈપણ પ્રકારની હિંસા થવી જોઈએ નહીં.બેન્જામિન નેતન્યાહુની પત્ની સારા નેતન્યાહુએ ઈઝરાયલ-હમાસ યુદ્ધ વચ્ચે બંધકોની મુક્તિ માટે બ્રિટિશ વડાપ્રધાન સુનાકની પત્ની અક્ષતા મૂર્તિને પત્ર મોકલ્યો છે. જેમાં ઈઝરાયેલના બંધકોને હમાસની કેદમાંથી છોડાવવાની અપીલ કરવામાં આવી છે.અક્ષતા સિવાય સારાએ આ પત્ર અમેરિકી રાષ્ટ્રપતિની પત્ની જીલ બિડેન અને ફ્રાન્સના રાષ્ટ્રપતિની પત્ની બ્રિજિટ મેક્રોનને પણ મોકલ્યો છે. સારાએ લખ્યું છે કે તમામ દેશોએ સાથે મળીને તમામ બંધકોની બિનશરતી મુક્તિની માંગ કરવી જોઈએ.પત્રમાં સારાએ લખ્યું છે કે હમાસની કેદમાં એક ઈઝરાયલની મહિલાએ બાળકને જન્મ આપ્યો છે. તે હત્યારાઓમાં માતા બનેલી એક મહિલાની સ્થિતિ તમે સમજી શકો છો. હમાસની કેદમાં 32 બાળકો પણ છે, જેમાંથી એક બાળક માત્ર 10 મહિનાનો છે, જેણે ચાલવાનું પણ શીખ્યું નથી અને તેનું અપહરણ કરવામાં આવ્યું છે.ઈઝરાયેલના વાયુસેનાના વડા મેજર જનરલ ટોમર બારે ગુરુવારે રાત્રે મીડિયા સાથે વાત કરી હતી. કહ્યું- 7 ઓક્ટોબરે હમાસે આપણા દેશ પર હુમલો કર્યો. આ પછી અમે નક્કી કર્યું કે હવે આપણે હમાસને તેના મૂળમાંથી ખતમ કરવું પડશે. તમને ખાતરી હોવી જોઈએ કે હમાસના કોઈપણ આતંકવાદીને કોઈપણ સંજોગોમાં બક્ષવામાં આવશે નહીં. અમે અત્યાર સુધીમાં હજારો આતંકીઓને ઠાર કર્યા છે. ઈઝરાયલના વાયુસેનાના વડા મેજર જનરલ ટોમર બારે કહ્યું છે કે જ્યાં સુધી તેમના દળો તેમની ફરજ પૂર્ણ નહીં કરે ત્યાં સુધી ઓપરેશન ચાલુ રહેશે.તે જ સમયે, ઈઝરાયલી સેનાએ દાવો કર્યો છે કે તેઓએ ગાઝા બંદર પર પણ કબજો કરી લીધો છે. અહીં પણ ઘણી ટનલ મળી આવી છે, જેને IDF દ્વારા નષ્ટ કરી દેવામાં આવી છે.

## ઈઝરાયલે ખાન યુનિસ વિસ્તાર ખાલી કરવાનો આદેશ આપ્યો



ઉત્તરી ગાઝા બાદ હવે ઈઝરાયલની સેના દક્ષિણ ગાઝાને પણ ખાલી કરાવવા જઈ રહી છે. ટાઈમ્સ ઓફ ઈઝરાયલના અહેવાલ મુજબ ઈઝરાયલના સંરક્ષણ દળોએ દક્ષિણ ગાઝાના ખાન યુનિસમાં અરબી ભાષામાં લખેલી પત્રિકાઓ છોડી દીધી છે. ઉત્તરી ગાઝામાં જમીન પર ઘૂસણખોરી કરતા પહેલા ઈઝરાયલે ત્યાં પણ પત્રિકાઓ ફેંકી હતી અને લોકોને વિસ્તાર ખાલી કરવા અપીલ કરી હતી. ખાન યુનિસમાં પડેલી પત્રિકાઓ પર લખવામાં આવ્યું છે કે હમાસના નેતાઓ અથવા તેમના કમાન્ડ સેન્ટરની નજીક જે કોઈ હાજર છે તે પોતાનો જીવ જોખમમાં મૂકી રહ્યો છે. તે જ સમયે, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું છે કે પેલેસ્ટાઈન દેશ યુદ્ધ પછી પણ અસ્તિત્વમાં રહેવો જોઈએ. વાસ્તવમાં, નેતન્યાહૂનું કહેવું છે કે યુદ્ધ પછી ગાઝા પર તેમની સેનાનો કબજો થઈ જશે. ઈઝરાયલી સેનાના દક્ષિણ ગાઝાને ખાલી કરવાના આદેશ બાદ આ વિસ્તાર પર નિયંત્રણની ચિંતા વધુ વધી ગઈ છે.ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (IDF) ગાઝાની અલ-શિફા હોસ્પિટલમાં ગ્રાઉન્ડ ઓપરેશન કરી રહી છે. હોસ્પિટલ કેમ્પસમાં ઘણી ઈઝરાયલ ટેન્ક પણ હાજર છે. ઈઝરાયલની સેનાએ દાવો કર્યો છે કે તેમને હોસ્પિટલમાં હમાસનાં હથિયારો, ગુપ્તચર સામગ્રી અને ઘણાં સૈન્ય સાધનો મળ્યાં છે.

## હવે હમાસનો ખેલ ખલાસ ઇઝરાયલની સેના અલ-શિફા હોસ્પિટલમાં દાખલ

ઈઝરાયલી દળો બુધવારે વહેલી સવારે ગાઝાની સૌથી મોટી હોસ્પિટલ અલ-શિફામાં પ્રવેશ્યા હતા. હોસ્પિટલની અંદર કેટલાંક સ્થળોએ સૈનિકો અને હમાસના આતંકવાદીઓ વચ્ચે લડાઈ ચાલુ છે. ઈઝરાયલે હમાસ સંગઠનને આત્મસમર્પણ કરવા કહ્યું છે. ઈઝરાયલે દાવો કર્યો હતો કે હમાસનું મુખ્યાલય આ હોસ્પિટલની નીચે છે. યુએન અનુસાર, દર્દીઓ અને સ્ટાફ સહિત લગભગ 2300 લોકો હોસ્પિટલની અંદર હાજર છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક નિવેદનમાં ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF)એ કહ્યું, 'અમે અલ-શિફા હોસ્પિટલમાં પસંદ કરેલાં લક્ષ્યો પર હમાસ વિરુદ્ધ ઓપરેશન શરૂ કર્યું. જોકે હોસ્પિટલમાં કેટલા સૈનિકો દાખલ થયા એની માહિતી બહાર આવી નથી. બીજી તરફ, ઈઝરાયલના રક્ષામંત્રીએ મંગળવારે કહ્યું હતું કે ઉત્તરી ગાઝાપટ્ટી પર સેનાનું સંપૂર્ણ નિયંત્રણ છે, જોકે હમાસના આતંકવાદીઓ ભૂગર્ભ સુરંગમાં છુપાયેલા છે. અમે એ ટનલની ઓળખ કરી છે. ઈઝરાયલે ગાઝા સિટી સેન્ટર અને સંસદ પર પણ કબજો કર્યો હતો. રબ દેશો અમેરિકાથી દૂર જઈ રહ્યા છે ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલુ છે. 'ટાઈમ્સ ઓફ ઈઝરાયલ'ના અહેવાલ મુજબ, ઈઝરાયલના વડાપ્રધાન યુદ્ધ પછી પણ ગાઝા પર કબજો મેળવવા ઈચ્છે છે,. જેના કારણે આરબ દેશો અમેરિકાથી દૂર થઈ રહ્યા છે. આરબ દેશો ઈચ્છે છે કે અમેરિકા નેતન્યાહુને જાહેર મંચ પરથી એ જાહેરાત કરવા તૈયાર કરે કે યુદ્ધ પછી PA ગાઝાનો વહીવટ સંભાળશે અને આંતરરાષ્ટ્રીય સંસ્થા તેના પર નજર રાખશે.

## જેમ ચીનની તાકાત વધી તેમ ભારતનો પ્રભાવ પણ વધ્યો : જયશંકર

બીજિંગ તા 17



વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું છે કે જો દુનિયામાં ચીનની શક્તિ વધી રહી છે તો એ પણ એટલું જ સાચું છે કે ભારતનો પ્રભાવ પણ વધી રહ્યો છે. પત્રકાર લિયોનેલ બાર્બર સાથેની વાતચીત દરમિયાન જયશંકરે કહ્યું - ભારત અને ચીન બે સૌથી જૂની સંસ્કૃતિઓમાંની એક છે. આપણે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છીએ અને વસતિની દ્રષ્ટિએ આપણે સૌથી લંડનમાં ભારતીય હાઈ કમિશન દ્વારા આયોજિત ચર્ચામાં જયશંકરે વૈશ્વિક બાબતોમાં ભારતની સ્થિતિ વિશે વાત કરી હતી. આ ચર્ચાનો વિષય હતો - અબજો લોકો વિશ્વને કેવી રીતે જુએ છે. કેનેડા અને ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યાના કેસ વિશે વાત કરતાં જયશંકરે કહ્યું- જ્યારે કેનેડામાં ભારતીય હાઈ કમિશન પર હુમલો થયો અને રાજદ્વારીઓને ધમકી આપવામાં આવી ત્યારે કેનેડાની સરકારે કોઈ પગલાં લીધાં નહીં. જયશંકરે કહ્યું- કેનેડામાં ઉગ્રવાદ વધી રહ્યો છે વિદેશ મંત્રીએ આગળ કહ્યું- અમે તપાસનો ઈનકાર નથી કરી રહ્યા, પરંતુ કેનેડાએ હજુ સુધી નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંડોવણી સંબંધિત કોઈ પુરાવા આપ્યા નથી. અમને લાગે છે કે કેનેડાની રાજનીતિમાં હિંસા અને ઉગ્રવાદને સ્થાન મળી રહ્યું છે, જેનાથી ભારતમાં અલગતાવાદને પ્રોત્સાહન મળી રહ્યું છે.જયશંકરે કહ્યું- અમે તેલ ખરીદવાની અમારી નીતિ બદલીને બજારમાં મોંઘવારી ઓછી કરી છે. હકીકતમાં, રશિયા-યુક્રેન યુદ્ધને કારણે તેલની વધતી કિંમતો અને મોંઘવારી વચ્ચે, ભારતે રશિયા પાસેથી સસ્તા ભાવે તેલ ખરીદ્યું હતું અને યુરોપના ઘણા દેશોને વેચ્યું હતું.રશિયા-યુક્રેન યુદ્ધના સવાલ પર વિદેશ મંત્રીએ કહ્યું- અમે શીખ્યા છીએ કે લોકો આદર્શોની વાત કરે છે, પરંતુ હંમેશા પોતાના હિતોને ઉપર રાખે છે. યુદ્ધની બાબતમાં અમારું એક મુખ્ય હિત એ છે કે અમે રશિયા સાથે અમારા સંબંધો જાળવી રાખવા માંગીએ છીએ.

# ઓસ્ટ્રેલિયાના મહત્વના સ્થળો પર સાયબર એટેક : સાયબર ક્રિમિનલ દર 6 મિનિટે એક હુમલો કરી રહ્યા છે

સિડની તા 17



ફેબ્રુઆરીમાં ઓસ્ટ્રેલિયન સરકારે તમામ મંત્રાલયોને ચીનમાં બનેલા સીસીટીવી કેમેરા હટાવવાનો આદેશ આપ્યો હતો ઓસ્ટ્રેલિયાની સરકારે કહ્યું છે કે તેમના દેશમાં દર 6 મિનિટે એક સાયબર હુમલો થઈ રહ્યો છે અને તેની પાછળ એક દેશનો હાથ છે. જો કે તેમનો સ્પષ્ટ ઈશારો ચીન તરફ છે. ત્યાંની સુરક્ષા એજન્સીઓ અગાઉ પણ ચીન પર આરોપ લગાવી ચૂકી છે. થોડા મહિના પહેલા ઓસ્ટ્રેલિયાએ દેશની તમામ મહત્વપૂર્ણ સંસ્થાઓ, મંત્રાલયો અને સરકારી ઓફિસોને ચીનમાં બનેલા સીસીટીવી કેમેરાને તાત્કાલિક દૂર કરવાનો આદેશ આપ્યો હતો. ત્યારે ચીને તેનો વિરોધ કર્યો હતો. ઓસ્ટ્રેલિયન સરકારે દેશમાં વધી રહેલા સાયબર હુમલાઓને પહોંચી વળવા માટે કેટલાક મહત્વપૂર્ણ પગલાં લીધા છે. થોડા મહિના પહેલા સ્પેશિયલ સાયબર સિક્યોરિટી ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી. ગયા અઠવાડિયે એક અલગ હેલ્પલાઈન બનાવવામાં આવી હતી. આ સિવાય સાયબર કાયદાને કડક બનાવવામાં આવ્યા છે. હવે દરેક કંપનીએ સાયબર સેલને સાયબર હુમલાની રીયલ ટાઈમ માહિતી આપવી પડશે. ઓસ્ટ્રેલિયન સાયબર સિક્યોરિટી સેન્ટર (ACSC) એ આ વર્ષે જૂન સુધીમાં 94 હજાર સાયબર ક્રાઈમ ફરિયાદો નોંધી છે. જે ગયા વર્ષ કરતાં 23% વધુ છે. ACSC એ ચેતવણી આપી છે કે આવનારા સમયમાં આ આંકડો ઝડપથી વધવાનો ભય છે. તેથી લોકોએ સતર્ક રહેવું જોઈએ. ડિફેન્સ મિનિસ્ટર રિચર્ડ માર્લ્સે મીડિયાને કહ્યું- અમારા દરેક મહત્વના સ્થળોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. મે મહિનામાં અમે ફાઈવ આઈઝ ગ્રુપ (અમેરિકા, ન્યુઝીલેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને બ્રિટન) સાથે આ મુદ્દે એક યોજના પણ તૈયાર કરી હતી. સરકારને ટાંકીને દરેક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે દરેક સાયબર હુમલા પાછળ ચીનની સરકારનો હાથ છે. જો કે ચીને દર વખતે આ આરોપોને નકારી કાઢ્યા છે. આ અંગે રિચર્ડે પણ સાચું છે કે ચીન આપણા દેશની સુરક્ષા માટે પણ ચિંતાનું કારણ છે. ફેબ્રુઆરીમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો.

## બ્રિટનના પૂર્વ ગૃહમંત્રીએ કહ્યું- સુનકે દગો કર્યો :કહ્યું- તે ક્યારેય પોતાના વચનો પૂરા કરવાના નહતા

હાલમાં જ બ્રિટનમાં ગૃહમંત્રી પદ પરથી હટાવવામાં આવેલી ભારતીય મૂળની સુએલા બ્રેવરમેને પીએમ ઋષિ સુનકને 1300 શબ્દોનો પત્ર લખ્યો છે. જેમાં સુનક પર છેતરપિંડીનો આરોપ લગાવ્યો છે. પદ પરથી હટાવ્યાના એક દિવસ બાદ સુએલાએ લખ્યું- સુનક પોતાની નીતિઓ અને વચનો પૂરા કરવામાં સતત નિષ્ફળ રહ્યા છે. પત્રમાં, સુએલાએ આગળ લખ્યું - સુનાક સ્પષ્ટપણે ઘણી નીતિઓ પર તેમના વચનો પાળવામાં નિષ્ફળ રહ્યા છે. કાં તો તે આ વચનો પાળવામાં અસમર્થ છે અથવા હવે મને લાગે છે કે તે ક્યારેય આ વચનો પૂરા કરવા માંગતા નથી. લંડનમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં યોજાઈ રહેલી રેલીઓ પર પ્રતિબંધ ન લગાવવા પર સુએલાએ કહ્યું- આ એ વાતનો પુરાવો છે કે સુનક ઘણા મુદ્દાઓ પર અનિશ્ચિત અને નબળા છે. તેમની પાસે એવા ગુણો નથી જે દેશના નેતા માટે જરૂરી છે. સુએલાએ કહ્યું- મારા સમર્થનથી જ પીએમ બનવામાં મદદ મળી સુએલાએ જણાવ્યું કે ગૃહમંત્રી બનતા પહેલા સુનક સાથે તેમની ડીલ થઈ હતી. તેણી સરકારમાં જોડાવા માટે સંમત થઈ હતી જ્યારે સુનકે તેણીને પરિવર્તન અંગે કેટલાક વચનો આપ્યા હતા, જે લિઝ ટ્રસ સરકારમાં થઈ રહ્યા ન હતા. સુએલાએ કહ્યું- આગામી ચૂંટણી જીતવા માટે સુનકે પોતાનો રસ્તો બદલવો પડશે. તેઓએ ઈમિગ્રેશન અને એન્ટી-સેમિટીઝમ અંગે ફેરફારો કરવાની જરૂર છે. સુએલાએ ઈમાનદાર હોવું જોઈએ. સુનકની યોજના કામ કરી રહી નથી. અમને ચૂંટણીમાં રેકોર્ડ હારનો સામનો કરવો પડ્યો છે. સુનકની પદ્ધતિઓ નિષ્ફળ થઈ રહી છે અને અમારી પાસે વધુ સમય નથી. તેઓએ શક્ય તેટલી વહેલી તકે ફેરફારો કરવાની જરૂર છે. બીબીસીના જણાવ્યા અનુસાર, સુએલા દ્વારા તેના પત્રમાં ઉલ્લેખિત વચનો દસ્તાવેજોમાં હાજર છે.

# જિનપિંગે કહ્યું- અમેરિકાને પછાડવા નથી માગતા: ધરતી પર 2 મહાસત્તા રહી શકે છે



ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન બુધવારે મોડી રાત્રે કેલિફોર્નિયામાં મળ્યા હતા. આ બેઠક સાન ફ્રાન્સિસ્કોમાં ચાલી રહેલા APEC એટલે કે એશિયા-પેસિફિક આર્થિક સહયોગ સમિટની બાજુમાં થઈ હતી. આ દરમિયાન બંને દેશો વચ્ચે મિલિટરી કોમ્યુનિકેશન ફરી શરૂ કરવા પર સહમતિ બની હતી.

બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય બેઠક દરમિયાન જિનપિંગે કહ્યું- અમેરિકાએ તાઈવાનને હથિયાર આપવાનું બંધ કરવું જોઈએ. તેણે ચીનના એકીકરણને સમર્થન આપવું જોઈએ, જેને રોકવું અશક્ય છે. ચીનના સરકારી મીડિયા શિન્હુઆ અનુસાર, જિનપિંગે કહ્યું- ચીન અમેરિકાને પછાડવા કે તેની જગ્યા લેવા નથી માગતું. ચીનના વિદેશ મંત્રાલય અનુસાર, જિનપિંગે કહ્યું- ચીનના નિકાસ પર નિયંત્રણ, રોકાણની તપાસ અને એકતરફી પ્રતિબંધોથી ચીનનાં હિતોને નુકસાન થઈ રહ્યું છે. ચીનનાં વિજ્ઞાન અને ટેકનોલોજીને દબાવવામાં આવી રહી છે અને એનો વિકાસ અટકાવવામાં આવી રહ્યો છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, જિનપિંગે આગળ કહ્યું- ધરતી એટલી મોટી છે કે બંને મહાસત્તાઓ અહીં રહી શકે છે. આપણા દેશો ખૂબ જ અલગ છે, પરંતુ આપણે આ તફાવતોથી ઉપર જઈ શકીએ છીએ. ચીન અને અમેરિકા જેવા બે મોટા દેશો માટે એકબીજાથી દૂર રહેવું એ વિકલ્પ હોઈ શકે નહીં. બંને દેશો વચ્ચે સંઘર્ષ અને મુકાબલો ખતરનાક પરિણામો લાવી શકે છે.અગાઉ, જિનપિંગ સાથેની તેમની મુલાકાત દરમિયાન, આપી રહ્યો છું, કારણ કે મને લાગે છે કે આપણે એકબીજાને સ્પષ્ટપણે સમજીએ તે સૌથી મહત્વપૂર્ણ છે.

સિટી એક્સપ્રેસ
SATURDAY 18 NOVEMBER-2023
AHMEDABAD

## ગાંધીનગરના કે રાહેજા રોડ પરની ગારમેન્ટ ફેક્ટરીમાં તસ્કરોનો હાથફેરો

ગાંધીનગર | ગાંધીનગરના કે રાહેજા રોડ પર આવેલા ગારમેન્ટ ફેકટરીના તાળા ખોલી તસ્કરો અંદરથી 1 લાખ 20 હજારની કિંમતની ત્રણસો ટીશર્ટ ભરેલા આખેઆખા કાર્ટૂન ચોરીને સિફતપૂર્વક પલાયન થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે દિવાળીના તહેવાર નિમિત્તે રજા લઈને વતન ગયેલા પાંચ માણસોનો આજદિન આઇ સુધી સંપર્ક નહીં થતાં ફેકટરીના માલિકની ફરીયાદના આધારે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી આ ચોરીના ગુનાને કોઈ જાણભેદુ દ્વારા અંજામ આપવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરાઈ છે.

## ગાંધીનગરના જીઈબી ખાતેથી 10 દિવસથી સગીર ગુમ

ગાંધીનગર | ગાંધીનગરના જીઈબી છાપરાં નજીકથી સોળ વર્ષીય સગીર 10 દિવસ અગાઉ તેની માતાને આવું છું કહીને ઘરેથી નીકળ્યાં પછી આજદિન સુધી પરત નહીં ફરતાં સેકટર - 21 પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર જીઈબી છાપરામાં રહેતી મહિલા મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જેમનાં ત્રણ સંતાનો પૈકી 16 વર્ષનો દીકરાએ ધોરણ - 5 સુધી રાજસ્થાનમાં સરકારી શાળામાં અભ્યાસ કર્યો છે. ગત તા. છઠ્ઠી નવેમ્બરનાં રોજ ઘરની નજીક રહેતા શખ્સના ઘરે ગયો હતો.

### ફાઈનલ મેચ પહેલા એરફોર્સના વિમાનો કરતબ બતાવશે

# ફાઈનલ મેચને યાદગાર બનાવવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર યોજાશે એર શો..!

### શુક્રવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર વિમાન રિહર્સલ કરતા જોવા મળ્યા હતા



અમદાવાદ, તા. 17

આગામી 19 નવેમ્બરે (રવિવાર) વર્લ્ડકપ 2023ની ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવાની છે. ભારતીય ક્રિકેટ ટીમ આજે અમદાવાદમાં પધારી રહી છે. ભારતીય ક્રિકેટ ટીમ બોડકદેવ ખાતે આવેલી ITC નર્મદા હોટલમાં રોકાણ કરશે. હોટલમાં વર્લ્ડ કપની પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે. તો બીજી તરફ આજે કોલકાતામાં રમાઈ રહેલી સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની મેચમાંથી વિજેતા બનનારી ટીમ પણ અમદાવાદ પહોંચશે. ત્યારે ફાઈનલ મેચને યાદગાર બનાવવા માટે અમદાવાદમાં એર શો યોજવામાં આવશે. આ એર શો માટે આજે રિહર્સલ યોજાયું હતું. વર્લ્ડ કપના આ મહામુકાબલા દરમિયાન નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર એર શો યોજાવાનો છે. ત્યારે આજે નરેન્દ્ર મોદી સ્ટેડિયમની આસપાસ એર શોનું રિહર્સલ યોજાયું હતું.

#### લોકોમાં ભારે કુતૂહલ સર્જાયું

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વર્લ્ડ કપની ફાઈનલ મેચ આગામી 19 તારીખને રવિવારના રોજ યોજાવાની છે અને આ મેચની શરૂઆત પહેલાં એરફોર્સની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા આકાશી કરતબો બતાવવામાં આવશે, જેના ભાગરૂપે આજ રોજ એરફોર્સનાં ફાઈટર જેટ દ્વારા રિહર્સલ કરવામાં આવ્યું હતું. આ દ્રશ્યો જોઈને લોકોમાં ભારે કુતૂહલ સર્જાયું હતું. સ્ટેડિયમમાં બલ્લેબાજો ચોગ્ગા અને છગ્ગા લગાવશે તો આકાશમાં સૂર્યકિરણની ટીમ અદભુત પ્રદર્શન કરી લોકોનાં દિલ ધડકાવશે.

#### સૂર્યકિરણ ટીમ દ્વારા ખાસ એર શો યોજાશે

વર્લ્ડ કપ-2023 ફાઈનલમાં એન્ટ્રી લેનારી પહેલી ટીમ ઈન્ડિયા ગઈકાલે અમદાવાદ પહોંચી છે ત્યારે દુનિયાભરના લોકો વર્લ્ડ કપની ફાઈનલ મેચ જોવા માટે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પહોંચવા આતુર છે. લોકોના મનોરંજનની સાથે-સાથે ભારતીય એરફોર્સ પોતાની શક્તિનું પ્રદર્શન કરશે. મેચ અગાઉ સ્ટેડિયમમાં એરફોર્સમાં સૂર્યકિરણ ટીમ દ્વારા ખાસ એર શો યોજાશે.

## રિવરફ્રન્ટમાં એક જ દિવસમાં 4 મૃતદેહ મળતા ખળભળાટ

### ચાર લોકોની લાશ મળતા પોલીસ તંત્ર દોડતું થયું

અમદાવાદ, તા. 17

અમદાવાદમાં એક જ દિવસમાં ચાર લોકોના મૃતદેહ મળવાથી ખળભળાટ મચી ગયો છે. રિવરફ્રન્ટમાં આત્મહત્યાના અનેક કિસ્સાઓ સંભાળવા મળતા હોય છે. એવામાં ફરી એક વખત સાબરમતી નદીમાંથી ચાર મૃતદેહ મળ્યા છે. જેમાં 3 પુરૂષ અને એક મહિલાનો મૃતદેહ છે. અમદાવાદમાં એક જ દિવસમાં ચાર-ચાર લોકોની લાશ નદીમાંથી મળવાથી પોલીસ તંત્ર પણ



દોડતું થયું છે. અમદાવાદમાં એલિસબ્રિજથી આંબેડકર બ્રિજ સુધીના વિસ્તારમાં સાબરમતી નદીમાંથી ચાર મૃતદેહ મળી આવ્યા છે. હજુ સુધી આ મામલે કોઈ કારણ મળ્યું નથી. તમામ મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. રિવરફ્રન્ટ પોલીસે મૃતદેહની ઓળખની તજવીજ હાથ ધરી છે.

#### પોલીસે વધુ તપાસ હાથ ધરી

સાબરમતી નદીમાંથી મળેલા આ મૃતદેહમાં એક મૃતદેહ આંબેડકર બ્રિજ પાસેથી મળ્યો તે 32 વર્ષના કિશન પરમારનો છે. જમાલપુર નજીકથી પણ 25 વર્ષના સંજય પરમારનો મૃતદેહ મળ્યો છે. જ્યારે અન્ય બે મૃતદેહમાં એક પુરૂષ અને એક મહિલાની ઓળખ થઇ નથી. આ ચાર લોકોએ આત્મહત્યા કરી કે તેમની હત્યા કરવામાં આવી તે અંગે કોઈ પુરાવા મળ્યા નથી. આ અંગે પોલીસ હજુ તપાસ કરી રહી છે.

## ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવની હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે થયેલ ભવ્ય ઉજવણી



અમદાવાદ, તા. 17

ભગવાન શ્રીકૃષ્ણએ ઈન્દ્રના ક્રોધ અને અત્યાચાર સામે વ્રજવાસીઓનું રક્ષણ કરવા પોતાની ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઉંચકયો હતો..આ પ્રસંગની યાદગીરી નિમિતે કારતક દીપોત્સવ ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે તા.14 નવેમ્બર, 2023ના રોજ ગોવર્ધનપૂજા અને અન્નકૂટ મહોત્સવ ઉજવવામાં આવ્યો જેમાં ખુબ જ ઉત્સાહથી ભાવિભકતોએ ઉપસ્થિત રહીને આ ઉત્સવનો લાભ લીધો હતો. ગોવર્ધનપૂજા અને અન્નકૂટ મહોત્સવની મહત્તા વિશે જણાવતા હરેકૃષ્ણ મંદિર,ભાડજના અધ્યક્ષ સ્વામી શ્રી જગનમોહન કૃષ્ણ દાસાએ જણાવ્યું કે "જ્યારે સર્વ શક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણ એ નિહાળ્યું કે વ્રજવાસીઓ ઈન્દ્રયજ્ઞ કરી રહ્યા છે. ત્યારે ભગવાનશ્રી એ કહ્યું કે તેઓએ ઈન્દ્રની પૂજા છોડી દઈને ગોવર્ધન પર્વતની પૂજા કરવી જોઈએ. આ વાત જાણીને ઈન્દ્ર ક્રોધીત થાય છે અને વ્રજવાસીઓ પર વિનાશકારી વરસાદ વરસાવે છે. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ડાબા હાથની ટચલી આંગળી ઉપર ગોવર્ધન પર્વતને ઉંચકી લે છે અને બધા વ્રજવાસીઓને તેની છાયામાં સતત સાત દિવસ સુધી આશ્રય આપે છે. ઈન્દ્ર પોતે કરેલ દુષકૃત્ય પ્રત્યે સભાન થાય છે અને ભગવાન શ્રીકૃષ્ણ સમક્ષ ક્ષમા યાચના કરે છે. આથી સર્વ શક્તિમાન ભગવાન જણાવે છે કે જે ભક્ત પોતાની શરણમા રહશે તેમજ તેમની ભાવપૂર્વક ભક્તિ કરવામાં વ્યસ્ત રહેશે.

## કોચી ગયેલા પેસેન્જરે લગેજ નહીં મળતાં હોબાળો મચાવ્યો

અમદાવાદ | દિવાળીના વેકેશનમાં એર ટ્રાફિકમાં વધારો થયો છે. તમામ એરલાઈને ફ્લાઈટમાં પેસેન્જરોનું ઓવર બુકિંગ પણ કરી દીધું છે જેના કારણે હાલમાં એરપોર્ટ પરથી જનાર પેસેન્જરને તેમના લગેજ નહીં મળતા હોવાની ફરિયાદો વ્યાપક પ્રમાણમાં ઉઠી રહી છે. અમદાવાદથી વિસ્તારાની ફ્લાઈટમાં અમદાવાદથી કોચી વાયા મુંબઈ થઈને ફરવા જતા એક ગ્રૂપને પણ કડવો અનુભવ થયો છે. તમારા લગેજમાં પ્રતિબંધિત ચીજવસ્તુઓ હોવાથી બેગ ખોલી મુંબઈ એરપોર્ટ પર ચેકિંગ કરવું પડશે, ત્યારબાદ તમને આ બેગ મળશે આવું કહેતા જ પેસેન્જરના હોશ ઉડી ગયા હતા.

### જૂથ અથડામણના આરોપીઓ ઝડપાયા

## અમદાવાદના મેઘાણીનગરમાં અંગત અદાવતમાં 8 લોકો ગંભીર રીતે ઘાયલ

અમદાવાદ | તા. 17

અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં અંગત અદાવતમાં જૂથ અથડામણનો બનાવ સામે આવ્યો છે. ઘાતકી હથિયારોથી હુમલો કરતા 8 લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ બનાવમાં મેઘાણીનગર પોલીસે સગીર આરોપી સહિત 4ની કરી ધરપકડ છે.મેઘાણીનગર વિસ્તારમા જૂથ અથડામણની ઘટનાએ સનસનાટી મચાવી દીધી છે. પોલીસ કસ્ટડીમાં જોવા મળતા આરોપી સાહિલ પટની અને સુજલ ભાઈ પટની આ બે સગા ભાઈઓ છે અને કૌટુંબિક ભાઈ સચિન પટની સહિત કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે મેઘાણીનગરમાં આંતક મચાવી દીધો. ઘાતકી હથિયારોથી લોકો પર હુમલો કરતા બે જૂથ વચ્ચે ઘર્ષણ થયું. ઘટનાની વાત કરીએ તો 12 નવેમ્બરના રોજ એક આરોપી રોહિત પટણીએ ફટાકડા ફોડવા જેવી નાની બાબતમાં થોડા દિવસ પહેલા તકરાર કરી હતી, જેની અદાવત રાખી તેના મિત્રો સાથે આવીને મેઘાણીનગર પાસેના કૈલાશ નગર સોસાયટીની ગેઈટ પાસે આવીને હુમલો કર્યો. આ હુમલામાં 7થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનામાં મેઘાણીનગર પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે . હથિયારોથી હુમલો કરીને આંતક મચાવનાર આરોપીઓની પૂછપરછ કરવામાં આવી. મેઘાણીનગર પોલીસ સિવિલ હોસ્પિટલમાં દાખલ ઈજાગ્રસ્તોના નિવેદન આધારે ફરિયાદ નોંધવા કાર્યવાહી શરૂ કરાઈ હતી.

## ત્રણ દિવસમાં 2253 અકસ્માત થયા: નાના શહેરોમાં સામાન્ય દિવસો કરતા વધુ અકસ્માત

અમદાવાદ | તા. 17

દિવાળીના તહેવારો દરમિયાન આગ અકસ્માતના બનાવો સૌથી વધારે બનતા હોય છે. દર વર્ષે 108 ઈમરજન્સી કોલમાં વધારો થતો હોય છે. દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ એમ ત્રણ દિવસમાં 108 એમ્બ્યુલન્સને વિવિધ પ્રકારની 12806 જેટલા કોલ મળ્યા હતા. જેમાં 2253 જેટલાં અકસ્માતના કોલ છે. સૌથી વધુ અકસ્માત નવા વર્ષના દિવસે થયા હતા. સામાન્ય દિવસો કરતાં તહેવારના ત્રણ દિવસમાં ઈમરજન્સી કોલની સંખ્યામાં 07 ટકા જેટલા વધારો થયો છે. સૌથી વધુ ઈમરજન્સી કોલ ચાર મહાનગરોમાં વડોદરાને બાદ કરતાં




ખેડા, દાહોદ, નવસારી, વલસાડ, પંચમહાલ અને બનાસકાંઠામાં મળ્યા છે. અમદાવાદમાં સૌથી વધુ 306 અકસ્માત થયા છે. 108 ઈમરજન્સી સેવાના જણાવ્યા મુજબ દિવાળીના તહેવાર દરમિયાન અકસ્માતના કેસો સૌથી વધુ બનતા હોય છે. સામાન્ય દિવસોમાં અકસ્માતની સંખ્યામાં 74 ટકા વધારો થયો છે. ત્રણ દિવસમાં 2253 જેટલા અકસ્માતના બનાવો બન્યા હતા. 1762 ટુ વહિલર, 153 જેટલા 3 વહિલર અને 244 જેટલા 4 વહીલરના અકસ્માતના બનાવ બન્યા હતા. ફટાકડાના કારણે દાઝી જવાના કિસ્સાઓ પણ સામે આવતા હોય છે. ત્રણ દિવસમાં 69 જેટલા લોકો દાઝી ગયા હતા. સૌથી વધુ સુરતમાં 15 જેટલા લોકો દાઝયા હતા. દિવાળીના દિવસે 41, નવા વર્ષના દિવસે 17 અને ભાઈબીજના દિવસે 11 જેટલા લોકો દાઝી ગયા હતા. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## દરેક સોસાયટીમાં વોટ્સએપ ગ્રુપ બનાવાશે, માહિતી શેર કરાશે

અમદાવાદ | અમદાવાદના પોસ વિસ્તાર એવા બોપલમાં તાજેતરમાં એક યુવતી સાથે ગેંગરેપ થયો અને મહિલાને લૂંટીને આરોપીઓ ભાગી ગયા હતા. આ સમગ્ર ગુનાના આરોપી અન્ય જિલ્લામાંથી પકડાયા, પરંતુ આ ગુનાને હજી ગણતરીના કલાકો થયા હતા તે સમયે છરીની અણીએ લૂંટનો બનાવ બન્યો હતો. હવે પોલીસ દ્વારા અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં અને ખાસ કરીને બોપલમાં સોસાયટીના નામે વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવશે. જેમાં કોઈપણ એક નિશ્ચિત વ્યક્તિને એડ કરી તેની પાસેથી જે ઈનપુટ મળશે તેના પર તરત એક્શન લેવા માટેનો પ્લાન અમદાવાદ જિલ્લા ડીએસપીએ કર્યો છે.

### મેયર દ્વારા સામાન્ય સભા બોલાવવામાં આવી

## AMCમાં વિવિધ કમિટીના ચેરમેન- ડેપ્યુટી ચેરમેનની 24 નવેમ્બરે વરણી થશે

અમદાવાદ | તા. 17

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC)માં અઢી વર્ષની સત્તા પૂર્ણ થયા બાદ નવા મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની નિમણૂક એક મહિના પહેલા કરવામાં આવી હતી. હવે કોર્પોરેશનમાં વિવિધ કમિટીઓના નવા ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનની નિમણૂક આગામી 24 નવેમ્બરના રોજ કરવામાં આવશે. વિવિધ કમિટીઓના ચેરમેનની અઢી વર્ષની ટર્મ 28 નવેમ્બરના રોજ પૂર્ણ થાય તેના થોડા પહેલા જ તમામના રાજીનામાં લઈને નવા ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનની નિમણૂક કરવામાં આવશે. મુખ્ય પાંચ અદાધિકારીઓમાં નો રિપીટની થિયરી અપનાવવામાં આવી હતી, તેમ નવા ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનની નિમણૂકમાં પણ નો રિપીટની થિયરી અપનાવવામાં આવે તેવી પૂરી શક્યતા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપના સત્તાધીશો નવી નિમણૂક બાદ હવે વિવિધ કમિટીઓના ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનની નિમણૂક માટે 24 નવેમ્બરના રોજ મેયર પ્રતિભા જૈન દ્વારા સામાન્ય સભા બોલાવવામાં આવી છે.

### શહેરમાં વર્લ્ડ કપ ક્રિકેટ ફાઇનલ મેચ દરમિયાન

## સુરક્ષા-સ્વચ્છતા-ટ્રાફિક મેનેજમેન્ટ માટે મુખ્યંમત્રીએ સમીક્ષા બેઠક યોજી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આ ફાઈનલ મેચ નિહાળવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ઓસ્ટ્રેલિયાના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર પણ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ આવવાના છે તે સંદર્ભમાં સુરક્ષા પ્રબંધની વિસ્તૃત જાણકારી મુખ્યમંત્રીએ મેળવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાસ કરીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ જોવા આવનારા પ્રેક્ષકો, મહાનુભાવોને અવર-જવરમાં કોઈ વિઘ્ન ન નડે તે માટે ટ્રાફિક મેનેજમેન્ટ, જરૂર જણાયે રૂટ ડાઈવર્ઝન જેવી બાબતોનું માર્ગદર્શન આપ્યું હતું. આ અંગેની આગોતરી જાણકારી લોકોને મળી રહે તે માટે પ્રચાર માધ્યમો-મીડિયા દ્વારા જાહેરાત થાય તે અંગે તેમણે સૂચના આપી હતી. મેચ જોવા આવનારા નાગરિકોને યાતાયાત સુવિધા માટે BRTS, મેટ્રો રેલ, AMTS સાથે સંકલન કેળવી વધારે ટ્રીપ અને વધુ સમય સેવાઓ ચાલુ રાખવાની જે વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે તેની પણ વિગતો મુખ્યમંત્રીને આપવામાં આવી હતી. મુખ્યમંત્રીએ અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, બ્રિજ, મુખ્ય માર્ગો સહિત સમગ્ર શહેરમાં ધાર્મિક સ્થળો, પ્રવાસન સ્થળો વગેરેની સ્વચ્છતા જળવાઈ રહે અને સાફ-સફાઈ પર પૂરતું ધ્યાન મહાનગરપાલિકા તંત્ર આપે તેવી ખાસ તાકીદ કરી હતી. મેચ શરૂ થતાં પહેલા અને વચ્ચેના બ્રેક સમય દરમિયાનના આકર્ષણોમાં એરફોર્સની સૂર્ય કિરણ ટીમના એર શો, લોકગાયક આદિત્ય ગઢવી અને સુપ્રસિદ્ધ સંગીતકાર પ્રિતમના પરફોર્મન્સનું આયોજન થયું છે તે અંગે પણ આ બેઠકમાં ચર્ચા-વિમર્શ થયો હતો.

### નવા વર્ષે IT વિભાગ હરકતમાં

## અંબિકા ફટાકડા સ્ટોરમાં સર્ચ ઓપરેશનમાં 15 ટીમોના 50 અધિકારીઓ જોડાયા

અમદાવાદ | તા. 17

નવા વર્ષની શરૂઆત સાથે IT વિભાગ હરકતમાં આવ્યું છે. અમદાવાદમાં ઈન્કમટેક્સ વિભાગે ફટાકડાના વેપારીને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. અંબિકા ટ્રેડિંગને ત્યાં ઈન્કમટેક્સ વિભાગે દરોડા પાડ્યા છે. ઈન્કમટેક્સ વિભાગની 15 ટીમો દ્વારા આ કાર્યવાહી હાથ ધરાઈ છે. અંબિકા ટ્રેડિંગની દુકાન, ગોડાઉન અને નિવાસ સ્થાને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. ઈન્કમટેક્સ વિભાગ દ્વારા કોમ્પ્યુટરના થયેલા વ્યવહારોની ચકાસણી કરાઈ રહી છે. લોકર, બેન્કિગ વ્યવહારો અને



રોજગાર ખાતાવહી તપાસ કરાઈ રહી છે. તપાસમાં ઈન્કમટેક્સ વિભાગને બેનામી વ્યવહાર હાથ લાગે તેવી પ્રબળ શક્યતા સેવાઈ રહી છે. પોલીસ પ્રોટેક્શન સાથે અંબિકા ટ્રેડિંગને ત્યાં સર્ચ ઓપરેશનમાં 15 ટિમ દ્વારા 50 જેટલા અધિકારીઓ સર્ચ ઓપરેશનમાં જોડાયા છે.

### રખડતા શ્વાનના આતંકના CCTV

## અમદાવાદમાં 2 વર્ષના બાળક પર રખડતા શ્વાને હુમલો કર્યો

અમદાવાદ | તા. 17

અમદાવાદ શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ દિવસે ને દિવસે વધી રહ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે લાખો-કરોડોના ખર્ચે રખડતા શ્વાનના ખસીકરણની મસમોટી વાતો કરે છે પરંતુ તેનાથી વિપરિત શ્વાનના હુમલાના કિસ્સામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે અમદાવાદના જુહાપુરાના ફતેહવાડીમાં ફેઝૂલ પાર્ક નામની સોસાયટીમાં બે વર્ષના બાળક પર રખડતા શ્વાને હિંસક હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. બાળક રમતો રમતો ઘરની બહાર આવ્યો ત્યાં જ રખડતુ શ્વાન તેની પર તૂટી પડ્યું.



મળતી માહિતી મુજબ ફતેહવાડી કેનાલ પાસે આવેલા ફેઝૂલનગરમાં 2 વર્ષનો બાળક ગુરુવારે સવારે 10:14 વાગ્યાની આસપાસ ઘરની બહાર રમવા માટે નીકળ્યો હતો. ઘરની બહાર નીકળતાની સાથે જ સોસાયટીના ગેટમાંથી એક રખડતુ શ્વાન બાળક તરફ દોડી આવ્યું હતું અને સીધું તેના મોઢા ઉપર બચકું ભરવાનો પ્રયાસ કર્યો હતો. બાળકના પિતા બહારથી આ ઘટના જોઈ જતા તરત જ તેઓ દોડ્યા હતા. તેઓએ શ્વાનને મારી અને પોતાના દીકરાને છોડાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બાળકને શ્વાને છોડ્યું નહોતું. તેઓએ બાળકને જોરથી ખેંચી અને શ્વાનના હુમલામાંથી બચાવ્યું હતું. આસપાસના લોકો પણ આ સમયે દોડી આવ્યા હતા. પિતાના પ્રયાસ બાદ પણ 10 સેકન્ડ સુધી રખડતા શ્વાને બાળકને છોડ્યું નહોતું. બાદમાં માંડ માંડ પિતાને રખડતા શ્વાનને પોતાના બાળકથી દૂર કરવામાં સફળતા મળી. શ્વાનના હુમલામાં ગંભીર ઈજાગ્રસ્ત બાળકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયુ હતુ. ઉલ્લેખનીય છે કે રખડતા શ્વાને બાળક પર કરેલા હિંસક હુમલાની સમગ્ર ઘટના સોસાયટીમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઇ ગઇ હતી.

#### ખસીકરણ પાછળ કરોડોનો ખર્ચ પણ કામગીરી દેખાતી નથી

રખડતા શ્વાને સોસાયટીમાં આવી અને ઘરની બહાર રમવા આવેલા બાળક ઉપર હુમલો કરતા પરિવારજનો પણ ખૂબ જ ગભરાઈ ગયા હતા. હવે રખડતા શ્વાન સીધા સોસાયટીમાં ઘૂસી ઘરની બહાર રમતા બાળકો ઉપર હુમલા કરી રહ્યા છે. જેના પગલે નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા દર વર્ષે ખસીકરણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ કોઈ પણ પ્રકારની કામગીરી તંત્ર તરફથી દેખાતી નથી. રખડતા શ્વાનની રોજની અનેક ફરિયાદો મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રને મળે છે પરંતુ દિવસે ને દિવસે રખડતા શ્વાનના આતંકની ઘટનાઓ વધી રહી છે.

## રામોલમાં ડબલ મર્ડરની ઘટના બાદ શહેરકોટડાના પ્રેમનગરમાં યુવકની હત્યા

### પ્રેમનગરમાં આંબેડકરનગર ખાતે 12 નવેમ્બરના સમગ્ર ઘટના બની હતી

અમદાવાદ | તા. 17

અમદાવાદ શહેરમાં હત્યાનો સીલસીલો યથાવત જોવા મળ્યો છે. દિવાળીમાં રામોલમાં બનેલી ડબલ મર્ડરની ઘટના બાદ શહેરકોટડા વિસ્તારમાં એક કુખ્યાત વોન્ટેડ ગુનેગારે વધુ એક ગુનાને અંજામ આપી એક યુવકની હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. જૂના ઝઘડાની અદાવતમાં 3 શખસે ભેગા મળી યુવકને મોતને ઘાટ ઉતારી દેતા આ મામલે પોલીસે ગુનો દાખલ કર્યો હતો, પરંતુ આરોપી પોલીસ પકડ્યો ના હોવાથી મૃતકના પરિવાજનો રોષ હોવાથી લાશને પોલીસ સ્ટેશન લઈ આવ્યા હતા . સોસાયટી ગેટે 3 શખસે મળીને જીવલેણ હુમલો કર્યો શહેરકોટડા વિસ્તારમાં આવતા પ્રેમનગરમાં આંબેડકરનગર ખાતે 12 નવેમ્બરના સમગ્ર ઘટના બની હતી. જેમાં રાહુલ સોલંકી નામનો યુવક સોસાયટીના ગેટ આગળ ઉભો હતો, ત્યારે શામળ ઉર્ફે શામળિયો તથા બંટી અને જીગો નામના 3 શખસે સાંજના સમયે ત્યાં આવ્યા હતા. શામળ અને અન્ય બે આરોપીઓ હાથમાં ચપ્પુ અને લોખંડની પાઈપો લઈને અગાઉના ઝઘડાની અદાવત રાખી રાહુલ સોલંકીની હત્યાના ઈરાદે તેના પર જીવલેણ હુમલા કર્યા હતા. જે વખતે બૂમાબૂમ થતાં આસપાસના લોકો આવી જતા રાહુલને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જોકે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ઘટના આટલા દિવસ બાદ પણ આરોપી પોલીસ પકડથી દૂર હોવાથી મૃતકના પરિવારજનો લાશ લઈને પોલીસ સ્ટેશન આવી પહોંચ્યા હતા. જે બાદ સમજાવ્યા બાદ લાશ લઈ ગયા હતા. શહેર કોટડા પોલીસે મારામારી અને હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ત્રણ આરોપીઓ સામે ગુનો દાખલ કર્યો હતો. જોકે, રાહુલ સોલંકીનું 3 દિવસની સારવાર દરમિયાન મોત નીપજતા આ મામલે પોલીસે ફરિયાદમાં હત્યાની કલમ ઉમેરવાની તજવીજ હાથ ધરી છે.